

આવતા કાલના આશાઓનું માસિક

પુ. ૮ અં. ૨ માહ ૧૯૮૭નું

કુમાર






તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત; કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ ૨.

લેખકોઃ જેઓને લાગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણું બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



અભિમન્યુ-ઉત્તરા

ચિત્રકાર : કનુ દેસાઈ

સ્તંભ સ્વાતંત્ર્યનો!

ક. કૃષ્ણલાલ શ્રીધરાણી · પૃથ્વી ·

ત્યજી જર, જમીન, ઢોર, લળતા ઊભા પાકને,
ત્યજી સુખદ ખોરડાં, સપૂત સાચવે નાકને:
કરી ભસમ મોહ જાન જરના, દુ:ખોમાં હસે,
ખુવાર થઇ ખેડુતો અમર માંડવામાં વસે:

પણે પુર પડયાં સ્મશાન સમ મૌન આક્રંદતાં,
છતે દિવસ ત્યાં શિયાળ પુરપાટ સ્વચ્છંદતાં;
સપૂત શિર સાટના સમર માટ યુદ્ધે ચડયા,
પ્રશાંત ઘરબાર ત્યાં અજીવ ખોળિયાં શાં પડયાં:

ઠરી કમળકોમળાં ગભરૂ બાલુડાં ટાઢમાં,
રડે સકળ રાત્રિઓ વિકલ માતની આડમાં:
પિતા જગતના, અખૂટ બળ વૈભવોના ધણી,
પસાર કરતા શિશિરશીત રાત્રિઓ તો ઘણી:

પરંતુ નવ જાલિમો જરી ય દુ:ખથી પીગળ્યા,
મદાંધ નયને વળી ય ઘર લોહીના કૈં ચડયા:
સહોંશ સળગાવતા ઘર ત્યજેલ સૂતાં સૂનાં,
અને ગગન ઊછળે રુધિર શા ફુવારા ઊના:

અને ફફડતાં ઊડે વિહગ આગના તાપથી,
ધ્રુજે અમર સાક્ષી શા નભદીવા મહા પાપથી:
બળે-ઝળહળે પ્રગાઢ તમ કાળજાં રાતનાં,
શિશુ ફડફડી રડે સભય અંકમાં માતના:

સિકંદર સહ્યો; સહ્યા ગજબ તૈમુરોના ઘણા;
અનેક કતલો અને અજબ નાદિરોનાં સહ્યાં;
પરંતુ સઘળા તણો કળશ આજ આભે ચડે,
હસંત વીર ખેડુતો દુ:ખ મહીં; ન પાયે પડે:

પ્રભાત પડતાં, નમેલ, કૃષગાત્ર વૃદ્ધામહી,
બળી-સળગી ખાખ માત્ર અવશેષ જોવા પળી;
ન પુત્ર, નવ નાથ, ના સદય ઉર એકે હતું,
હતું ઘર વિશાળ એ ય જગમાં હતું ના થયું:

પડયા થર મલિન રાખ ધૂળ કોલસાના ઢીઠા,
દીઠાં ભસમસાત સ્વપ્ન ભૂતકાળનાં કો મીઠાં;
રમ્યાં રમત શૈશવે, રમણ યૌવને જ્યાં કર્યાં,
ક્ષુધાર્ત જનલોહીનાં ઉદર-દાંતિયાં ત્યાં પડયાં:

નથી હૃદયપંખીડું ફફડતું, નથી ધ્રૂજતું,
ન આંખ મહીં ઝેરનું જરી ય બિંદુડું ઝૂઝતું:
" કરો ભસમ દેહ આ ય, નવ પાઇ એકે મળે!"
થયા ફરકી હોઠ બંધ જરી: એક આંસુ સરે.

કવિ! વિજય આવડો નિરખ પ્રેમના મંત્રનો!
સુઅશ્રુ મહીંથી ચડે ગગન સ્તંભ સ્વાતંત્ર્યનો!



જેઓ પ્રયત્નમાં માને છે તેમને નિરાશાની કલ્પના સરખી કરવાનો યે વખત નથી હોતો. દેશની આઝાદીની લડત જેમણે ઊભી કરી છે તેમણે અરધે પંથે પડતી મૂકવાનો વિચાર રાખ્યો જ નથી. સંપૂર્ણ ફતેહ અગર લડત ચાલુ, એ જ તેમનું ધ્યેય છે. છતાં જેઓ માત્ર સંકલ્પો કરીને જ પરિણામ માટે હાથ હલાવી રહ્યા છે તેઓ લડતની દારુણતા ખમી નહિ શકવાથી લડતને ખાલી વગોવે છે. તેમનો એકજ જપ હોય છે: ક્યાં સુધી? ક્યાં સુધી? . . . .

આ વિચારમાં ગળી ગએલા અસંખ્ય માણસો લડત હોય કે ન હોય તોપણ હમેશાં પ્રયત્નહીન–પ્રગતિહીન દશાને વરીને દારિદ્રય અને સ્વાર્થના કુંડાળામાં અવતાર પૂરો કરે છે. તેમને અધિકાર, સ્વમાન કે સ્વાતંત્ર્યના સ્વાદની કદિ યે ખબર હોતી નથી.

પ્રયત્ન—સતત પ્રયત્ન પર જેઓ ઝૂઝે છે તેઓ જ પરિણામનાં દર્શન કરી શકે છે. પુસ્તકોનું જ્ઞાનભંડોળ કે ભાતભાતની ચતુરાઇવાળા જુવાનો કરતાં યે ધ્યેય પર ઝૂઝનારા બહાદુરોની દેશને અત્યારે—અને હમેશાં—જરૂર રહેવાની. નિરાશા કે નિષ્ફળતાનાં ભૂતોથી ન ડરે, દુઃખો તથા મુશ્કેલીઓને ન ગણકારે અને કામ અરધે ન મૂકતાં પાર ઉતારી લાવે એવા જુવાનો જ દેશને તારી શકશે. દેશની પ્રગતિનું માપ નિશ્ચયવાળા પુરુષાર્થીઓ ઉપર જ આંકી શકાય છે. દેશને સ્વતંત્રતા જોઇતી હોય તો સ્વતંત્રતાના પ્રેમીએ આ લડતના અંકોડા મજબૂત કરવા પોતાનો હાથ અને સાથ લગાવી રાખવો જ પડશે. સ્વરાજ અને સ્વતંત્રતાની વાત તો દરેકને મીઠી લાગે છે, પણ જે વાત સિદ્ધ કરવાને કોઇ જાતનો આગ્રહ અને પ્રયાસ થતો નથી એ વાતની ઝાંખી કદિ થવાની નથી.

આપણા વિદ્યાર્થીઓમાં અને જુવાનોમાં કોઈ ચીજની ખરેખરી જરૂર હોય તો તે પ્રયત્નશીલતાની જ. વરસોવરસ હજારો વિદ્યાર્થીઓ પ્રયત્ન કરવાની આળસે જ યૂનિવર્સિટીનાં સર્ટીફિકેટો વડે સંસાર તરવાની ઉમેદ પર વખત ગુજારે છે; અને બગાડે પણ છે. છતા કોઇક જ હિંમતભેર નવા માર્ગે ઝુકાવે છે કે નવા નુસખાઓ તરફ નજર દોડાવે છે. ચારિત્ર્યની આ મોટી ખોડ સુંદર ચર્ચાશક્તિ, તર્કશક્તિ કે બુદ્ધિવૈભવથી ટળી શકે નહિ.

હિંમતવાળા અખતરાબાજોની મહેનતે જ દેશો સમૃદ્ધિ પામ્યા છે; પ્રજાઓને સુખસાધનો મળ્યાં છે; માનવજાતિએ પ્રગતિ સાધી છે. 'અરેરે! હવે કંઇ બને એમ નથી, એમાં કાંઈ વળશે નહિ.' એવા ઉદ્ગારો કાઢી કપાળે હાથ દઈ ગતિ અટકાવી બેસનારા કેટલા યે પામર જીવો આપણા દેશમાં વસી રહ્યા છે. તેમના ઉપર નિર્ભય પડકારનો ફૂંકો મારી આગળ વધવાની લાગણીવાળા જુવાનોની જ દેશ આજે કદર કરશે.

આપણું ધ્યેય પરમ પવિત્ર જનોપકારક કે આત્મોન્નતિ કરનારૂં છે એમ ખાતરી થઇ હોય તો પછી એ પડતું મૂકાય જ નહિ. માત્ર મુસીબતો છે માટે પડતું મૂકવું એ ભલા લાંછન છે. આપણા તંગ મજબૂત કરી કદમ બ કદમ આપણે સામનો કરીશું તેમતેમ આપણું ચારિત્ર્ય ઉજ્જવળ અને પ્રબળ બનતું જશે, અને દરેક ડગલે આપણે ખરેખરા વિજયની સમીપ પહોંચીશું તથા સત્તા, પ્રતિષ્ઠા અને સ્વાતંત્ર્યનો તાજ પ્રાપ્ત કરી શકીશું.

'કદિ નહિ હારના
બાવેં સારી જાન જાવે'

શબ્દ અને સદાચરણ

ચારિત્ર્યનું ગઠન સાહિત્યનાં વ્યાખ્યાનોથી, વ્યાસપીઠના સુંદર ઉપદેશોથી, બાઈબલથી, કુરાન પુરાણથી, ધર્મચર્ચા કિંવા કેવળ સત્સંગથી પણ થઇ શકતું નથી.

જીવનના અસીમ અરણ્યમાં વીરવૃત્તિથી ઘૂમનારના હૃદય ઉપર પ્રકૃતિ અનેક અનુભવના ટાંચા પાડીને ચારિત્ર્ય ઘડે છે પુસ્તકોનાં શબ્દપાંડિત્યોથી તો મોટે ભાગે બદહજમી જ થઇ જાય છે.

જોઇએ તો ચારે વેદ અને બધાં યે શાસ્ત્રો ઘોળીને પી જાઓ, પણ આદર્શ ચારિત્ર્યની પ્રાપ્તિ થશે નહિ શબ્દ અને વાણી તો છીછરા જીવનનાં નખરાં છે. ચારિત્ર્યની ઊંડી ગુફામાં તેમનો પ્રવેશ થઇ શકતો નથી.

જો તમે કહેતા હો કે વ્યાખ્યાનો, ઉપદેશો અને ધર્મચર્ચાઓ દ્વારા અનેક નરનારીઓનાં હૃદય ઉપર જીવનવ્યાપી અસર થઇ છે તો એનો ઉત્તર એ છે કે અસર શબ્દની નથી થતી; અસર તો હમેશાં આચરણની જ થઇ શકે છે.

જ્યારે ધર્મયુદ્ધના ઉપદેશક પોતે એકાદ ગાંધી હોય છે, જ્યારે ચર્ચનો પાદરી પંડે ઇશુ હોય છે, જ્યારે મંદિરનો પૂજારી સ્વયં બ્રહ્મનિષ્ઠ હોય છે, જ્યારે મસ્જિદનો મુલ્લાં જાતે પયગંબર યા રસુલ હોય છે, ત્યારે જ તેની અસર થાય છે. (દગ)

સ્વ. ભાઈશંકર ડાહ્યાભાઈ દ્વિવેદી

ગઈ મકરસંક્રાંતિએ ગુજરાતના તરુણ બુદ્ધિભંડારમાંથી આજ સુધી અંધારે પ્રકાશેલો એક તેજસ્વી કણ ખરી પડ્યો.

આજથી દોઢેક દશકા પર કાઠિયાવાડમાં કિશોરોના એક સારા જેવા મંડળમાં એનું જીવન આદર્શ મનાતું. વિચારે ને આચારે, બુદ્ધિએ અને લાગણીએ, વિશુદ્ધ, તેજસ્વી અને અખંડ સાધનામય બ્રાહ્મણજીવન એ ગાળતો. એટલી કિશોર વયે પણ એનું વાંચન ભલા બહુશ્રુતની હોડ કરે એટલું વિશાળ હતું; એની વિચારણા ઊંડી ને સચોટ હતી; એની હૈયાઉકલત અજબ મનાતી; એના થોડા કલાકના સહવાસમાંથી મિત્રો સંતૃપ્ત પ્રેરણા અનુભવતા એટલો ઉચ્ચ એ આદર્શવાદી હતો. આ લખનાર પરના એક પત્રમાં એણે લખેલું તેમ, 'નાનપણથી કાઠિયાવાડમાં જ્યારે પ્રેરક વાતાવરણ નહોતું, 'કુમાર' જેવાં પ્રોત્સાહન આપનાર કે દિશા બતાવનાર સામયિકો નહોતાં, અને જીવનને સંસ્કારસમૃદ્ધ બનાવે એવો એકે પરોક્ષ સાક્ષી નહોતો ત્યારે ય, ઈ. સ. ૧૯૦૮–૯માં હું ભવ્ય સ્વપ્નાં રચતો. ૧૯૦૯માં મેં પહેલવહેલું હસ્તલિખિત માસિક 'આર્યહિતાદર્શ' કાઢ્યું. ૧૯૧૫ સુધી હું ઍનાર્કિસ્ટ મનાતો. અને સિદ્ધ યોગી થઈ હિન્દમૈયાના—સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે મારું જીવતર અને તેની સર્વ સિદ્ધિ વાપરવાનો મારો આદર્શ હતો.'

ઊગતી ઉંમરે પિતાનું છત્ર ગુમાવી બેઠેલો મોરબીનો એ અકિંચન બ્રાહ્મણ કુમાર માતાનાં વાત્સલ્ય અને પ્રેરણાની ઓથે કેવળ સ્વપ્રયત્ન અને આત્મબળથી મૅટ્રિક પૂરી કરી જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયો; અને ઉપર કહી તેવી તેજસ્વી કિશોર વયની મોંઘી ભાવનાઓની તથા ભૌતિક સિદ્ધિને માટે વિવિધ પ્રયાસ અને પ્રવાસ ખેડ્યાં. કુમાર વયનાં સ્વપ્નોને જેણે પરિપોષ અને પ્રેરણા પાયાં હતાં તે, 'વેરની વસુલાત'નાં પાત્રો જગત-સિદ્ધનાથના સ્રષ્ટા શ્રી કનૈયાલાલ મુનશીની સાથે સાહિત્યસંસદ અને 'ગુજરાત' માસિકના તંત્રી વિભાગમાં, મુંબાઈની વેસ્ટર્ન ઇન્ડિયા ટ્રાન્સપોર્ટ કંપનીમાં, બ્રહ્મદેશમાં થીટાંની ચોખાની મીલમાં, રંગુનની ગીચ વેપારી બજારોમાં ચોખાની દલાલીમાં, રાણપુરમાં 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં અને છેવટે 'સૌરાષ્ટ્રમિત્ર'ના તંત્રમાં, એમ ૧૯૨૦ થી ૧૯૩૦ સુધીનો દશકો મેઘધનુષના રંગપલટા જેવા કૈં કૈં જીવનરંગ એણે પલટાવ્યા. પણ વ્યવહારુ નજરો જેને 'કિસ્મતની યારી' કહે છે તે ન મળી; સ્વપ્નાં અને શક્તિઓના પ્રમાણમાં સિદ્ધિ ન મળી. તેનાં કારણોનું વિવેચન આ ટૂંકી અવસાનનોંધમાં અશક્ય અને અસ્થાને છે.

એણે બહુ ઓછું લખ્યું છે, પણ સંગીન લખ્યું છે. વિચાર અને અર્થભારથી ભરેલું એના જેટલું સુંદર અને સચોટ ગદ્ય ગુજરાતીમાં ઓછા લખે છે. એની તુલના 'ગુજરાત' માસિકમાં




આવેલા મૉરીસ મેટરલિંકના નાટક 'મોન્ના વાન્ના'ના ભાષાંતર ઉપરથી નહિ, પણ 'સૌરાષ્ટ્ર'માં આવેલાં કેટલાંક અવલોકનો અને 'તેજ અને છાયા' તથા 'કલાને મંદિરે'માંના છૂટક ફકરાઓ પરથી કરનાર આશ્ચર્ય પામશે. 'કુમાર'ના જૂના વાચકોને એની વાનગી જોવા માટે અમે ૭૬મા અંકની મિજલસને છેડે આવેલા બંને ફકરા (સંસ્કારભ્રષ્ટ સ્વાધીનતા અને રૂંધાએલાં જીવન) તથા ૭૨મા અંકની માધુકરીના ૨, ૩, ૪ અને ૬ નંબરના વિષયો વાંચવાની ભલામણ કરીએ છીએ. 'કુમાર'ના છેલ્લા પાનાના ટુચકાઓમાં એણે પણ થોડો ઉમેરો કર્યો છે.

વિશાળ વાચનની બહુશ્રુતતા સાથે મળેલા જીવંત ચિંતનના પરિણામ રૂપ એનાં લખાણો કરતાં યે એનો સહવાસ વધારે ચેતનાદાયી અને પ્રેરક લાગે. કલ્પના પણ ન આવે એવા વિવિધ વિષયો પર, સાંભળનારને અચંબો પમાડે તેવી તાઝગી, સચોટતા અને વિચારની નવીનતાભરી વાતો કરતાં રાતોની રાતો એ થાકે નહિ. 'સીનેમા સ્ટારની વાતોથી માંડી સાંખ્યની ગહન ગૂંચો ઉકેલવા' સુધીના પ્રદેશમાં એ સાંભળનારને ખેંચી જાય.

હિતસ્વીઓ અને મિત્રો જે જે સાંભળે છે તેને આંચકો લાગે છે કે આવું તેજસ્વી જીવન . . અને તેનો આવો લોપ ! એના શબ્દોમાં, નવરાષ્ટ્રવિધાનના 'પાયામાં પથ્થર થઈને પૂરાવાનો' યોગ ન મળ્યો, પણ દેશના ઉદ્યાનનું એ ઓછું ફૂલ 'ખરીને ખાતર' થઈ ગયું. એના આત્માનીચિર શાંતિને માટે પરમ સત્તાને પ્રાર્થતાં પણ અંતર પુકારે છે કે, 'આવું જીવન . . અને આવો લોપ !' ઉ. લ.

ડૉ. કુંવરજી ગો. નાયક



એમ.એ.,બી.એસસી. (મુંબાઇ), ડી.એસસી. (લંડન), એફ.આઇ.સી.,ડી આઇ.સી
પ્રોફેસર ઑફ કેમીસ્ટ્રી-બરોડા કૉલેજ   ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ-વડોદરા સરકાર

મુંબાઈની વિલ્સન કૉલેજનું ૧૯૦૧નું પહેલું સત્ર શરૂ થયું. તેના સુંદર શિક્ષણને લીધે આ.કાંઇ ગુજરાતના ઘણાખરા સારા વિદ્યાર્થીઓ એ કૉલેજમાં જોડાતા. આ વર્ષે પણ સુરતના ઘણાક વિદ્યાર્થીઓ અહીં જ આવ્યા. સામાન્ય રીતે સુરતીઓ આનંદી અને મોજીલા હોય છે. તેમાં યે વિદ્યાર્થી અવસ્થા, એટલે તો પૂછવું જ શું? એક દહાડો આ બધા સુરતી વિદ્યાર્થીઓએ એકઠા મળી એવો ઠરાવ કર્યો કે પ્રિન્સિપાલ સ્કૉટ સાહેબની જે સૌથી સરસ મશ્કરી કરે તેને Feast—મિષ્ટાન્ન-નાસ્તો આપવો. આ ટોળીમાં એક અતિ નાનકડો પણ અત્યંત ચકોર બુદ્ધિશાળી વિદ્યાર્થી હતો. તે એટલો નાનો તથા શરીરે નબળો જણાતો કે અજાણ્યાને તે કોઇ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી લાગે. પણ તોફાન મસ્તીમાં તે સૌથી ચડી જાય તેવો હતો. આ મશ્કરીના ઠરાવનું બીડું તેણે જ ઝડપ્યું. વર્ગ શરૂ થતાં સૌ કૉલેજમાં ગયા. પ્રીવિયસના વર્ગમાં પહેલો જ સમય પ્રિ. સ્કૉટનો અંગ્રેજી કાવ્ય પરના વ્યાખ્યાનનો હતો. તે પૂરું થતાં જેવા તે વ્યાસપીઠ પરથી ઊતરી બહાર જતા હતા તેવો જ પેલો નાનકડો વિદ્યાર્થી પોતાના સ્થાન પરથી એકાએક ઊઠી સ્કૉટ સાહેબની પાછળ ગયો અને તેમના કોટનો પાછલો ભાગ લઇ ઊંચો કર્યો. આખો વર્ગ ખડખડાટ હસી પડ્યો અને બધે બૂમાબૂમ થઇ રહી. સ્કૉટ સાહેબ આથી ચીડાયા અને ક્રોધથી પાછા ફર્યા. પણ પેલો બટુકડો યુવક તો બીજે બારણેથી નાઠો. પ્રિન્સિપાલ તેની પાછળ દોડ્યા. આગળ શિષ્ય ને પાછળ ગુરુજી! પણ શિષ્ય ચોપાટી પર નાસી ગયો ને ગુરુજી વીલે તથા ક્રોધભર્યે મોઢે ઑફિસમાં પાછા આવ્યા. બીજે દહાડે કૉલેજના બોર્ડ પર 'નોટીસ' ચોડવામાં આવી કે આવા તોફાની યુવકને કૉલેજમાંથી બરતરફ કેમ ન કરવો? પરિણામ બહુ ગંભીર આવ્યું. હવે શું કરવું? પણ પેલો યુવક જબરો હિંમતબાજ હતો. પ્રિ. સ્કૉટનાં પત્ની બહુ દયાળુ તથા સુશીલ બાનુ હતાં. તેમની પાસે જઇને યુવકે પોતાના ગુનાહનો એકરાર કર્યો. પ્રથમ તો તે બાઈ આ વાત સાંભળી ખીજાયાં. પણ એ ગુનોહ કયા કારણે—કયા પ્રલોભનથી પોતે કર્યો છે તે કહી બતાવતાં તે આ નાનકડા યુવક પ્રત્યે જોઈ રહ્યાં અને પછી હસી પડ્યાં. કહેવાની જરૂર નથી કે તેમણે પ્રિ. સ્કૉટ પાસે તેને લઇ જઇ સર્વ ઇતિહાસ કહ્યો અને માફી અપાવી.

ૐ

રાતના અગ્યારેક વાગ્યે એક અંગ્રેજ બાનુ ચોપાટી પરના પોતાના બંગલાના કૉમ્પાઉન્ડમાં ફરતાં હતાં. એવામાં બંગલાના ઓટલા પર કોઇને પથારી કરી સૂતેલું જોઈ બાઇએ પ્રશ્ન કર્યો,'અહીં કોણ સૂતું છે?'

'એ તો હું, વિલ્સન કૉલેજનો વિદ્યાર્થી છું.'

'અહીં અમારા બંગલાના ઓટલા પર શા માટે?'

'હૉસ્ટેલ–સુપરિન્ટેન્ડેન્ટ કહે છે કે હૉસ્ટેલમાં બધી ઓરડીઓ વિદ્યાર્થીઓને અપાઇ ગઇ છે, માટે તમારે કોઇ બીજે સ્થળે સૂવાબેસવાનું સ્થાન શોધી લેવું. મુંબાઇમાં મારૂં કોઇ સગુંવહાલું કે સંબંધી નથી. એટલે કૉલેજ હૉસ્ટેલ સિવાય હું ક્યાં જાઉં? જ્યારે હૉસ્ટેલમાં સ્થાન નથી તો પછી મારા પ્રિન્સિપાલ સાહેબના બંગલાનો ઓટલો તો મારે ભાગે આવેને?'

(અનુસંધાન આગળ પાન જુઓ)



[આ નાટક નિશાળ કે કૉલેજના વિદ્યાર્થીઓ વિના બીજું કોઇ ભજવી શકે નહિ. તે સિવાય તેના ભજવવા-ભજવાવવાના તેમજ તેને ફરી પ્રકટ કરવાના કે ભાષાંતર કરવાના સર્વ હક્ક તેના લેખકને સ્વાધીન છે.]

અંક બીજો

પ્રવેશ પહેલો

સમય : મંગળવારની સવાર

દૃશ્ય [ગામના ગઢના એક કોઠામાં મોટો ઓરડો છે. સામી ભીંતમાં લોઢાના સળિયાવાળી એક બારી છે. જમણી દીવાલના દૂર ખૂણા પાસે એક બારણું છે તે બંધ છે. ડાબી બાજુની દીવાલમાં નજીક એક બારણું છે તે ખુલ્લું છે. કોઈ પણ રીતે ઓરડો શણગારેલો નથી. માત્ર જમણી બાજુએ એક નાનો ગાદીતકિયો છે તેના ઉપર મૂળરાજજી બેઠા છે. તેમની જમણી બાજુ જેસિંહ બેઠા છે. તેમની સામે અર્ધ કુંડાળું કરી કરણસિંહ, જેઠીજી, તાનાજી અને બે બીજા અમલદારો બેઠા છે.]

મૂળરાજજી: ફરીથી હું તમને સર્વ સંયોગો સમજાવી જાઉં. આશરે સાત હજાર મરાઠાઓનું લશ્કર અહીં, આપણી નદીને સામે પાર બે કોસ ઉપર પડ્યું છે. ખંડેરાવનો વિચાર આ રાજધાનીને ઘેરો ઘાલવાનો છે કે નહિ તે આપણે જાણતા નથી. એ ત્રણ દિશાને ડરાવે છે. અહીં ઘેરો ઘાલે; કાં તો ગોરડકાના ગાળામાં થઇને ગૌરીદડ તરફ જાય; અથવા તો હેઠવાસ આપણી નદીને કાંઠે ચાલી નાનપર ઉપર તૂટી પડે. ખંડેરાવ બહુ બાહોશ સેનાપતિ છે. એણે પોતાની છાવણી બહુ જ બુદ્ધિથી ગોઠવી છે અને કોના ઉપર પહેલો હુમલો કરશે તે જણાવા દેતો નથી. હવે આપણે માત્ર એટલું જ વિચારવાનું કે તેને હાલની જગ્યાએથી ખેસવી આપણા પશ્ચિમ પ્રાંતો સાથે પાછો સંબંધ બાંધવા આપણે પ્રયત્ન કરવો કે અહીં જ રહી તેની ચાલની વાટ જોવી? તેમની સામે સીધી ચડાઇ કરવી કે તે ગૌરીદડ અથવા નાનપર તરફ ચાલે ત્યારે તેની પાછળ જઇ તેના લશ્કરને બે મારની વચ્ચે લાવવા પ્રયત્ન કરવો?

જેઠીજી: જો તે અહીં આપણા ઉપર ચડાઇ કરે તો તો અડચણ નથી. દરબારશ્રી પહોંચી જાય ત્યાંસુધી આપણે તેને સહેલાઇથી રોકી શકશું. હું ઇચ્છું છું કે તે આપણા ઉપર ચડાઇ કરે. આપણે બહાર લડવા જવા કરતાં અહીં લડવામાં વધારે ફાયદો છે. તોપણ સંયોગો એવા ઊભા થાય ખરા કે જેમાં આપણે બહાર જવું વધારે ફાયદાકારક હોય. હું વિશેષ સમાચારની વાટ જોઉં છું; તે એકાદ દિવસમાં આવવા જોઇએ. દરમ્યાન હું ધારૂં છું કે અહીંની સ્થિતિના ખરા ખબર દરબારશ્રીને આપી પોતે બીજા પાંચેક હજાર માણસો લઈ પધારે તેવો આગ્રહ કરવાની જરૂર છે. એ બાબતમાં તમે બધા મારી સાથે મળતા આવતા હશો. આપણને ખાતરી નથી કે ગૌરીદડ અથવા નાનપર ક્યારે ખંડેરાવ સાથે ભળી જશે.

કરણસિંહ: હું આપને કાંઈ સલાહ આપવાને શક્તિમાન નથી તોપણ આપ પૂછો છો ત્યારે એટલું કહેવાની રજા લઉં છું કે આપ ચોરવાડ છોડીને પધાર્યા છો તેથી આપણા દક્ષિણ વિભાગની સલામતીમાં ખોટ આવી છે. હવે જો દરબારશ્રી પોતે માનપુર છોડીને પધારે તો જૂનાગઢને તે વિભાગ ઉપર ચડાઇ કરવાની જોઇતી તક મળી જાય. અહીં આપણે સલામત છીએ, તો પછી દક્ષિણ વિભાગના રક્ષણને નબળું પાડવાની મને હમણાં જરૂર લાગતી નથી.

મૂળરાજજી: તાનાજી તમારો શો અભિપ્રાય છે?

તાનાજી: હું નથી માનતો કે ખંડેરાવ આપણા ઉપર ચડાઇ કરવાના હોય. જો તેમનો એવો ઇરાદો



મૂળરાજજી (બખ્તરમાં)



મૂળરાજજી (સાદા પોશાકમાં)



જેસિંહ (બખ્તરમાં)

હોય તો તે દસ દિવસથી કાંઈપણ હીલચાલ કેમ નથી કરતો? ખંડેરાવ જાણે છે કે જેમ વખત જાય છે તેમ આપણી તૈયારીઓ વધવાની. અને હવે તો આપ પણ આવી પહોંચ્યા. તેણે આપણા પૂર્વ અને દક્ષિણ રસ્તાને બંધ કરવાનો પણ પ્રયત્ન કર્યો નથી. હું નથી માનતો કે ખંડેરાવ અહીં આવે અને આપણને દરબારશ્રીને બોલાવવાની જરૂર હોય.

મૂળરાજજી: હું જો માત્ર દુશ્મનના હુમલા સામે ટકી રહેવાને ઇચ્છતો હોત તો તમારી સલાહ પ્રમાણે વર્તત. પણ મારે તો ખંડેરાવને ઉઘાડી લડાઈમાં હરાવવો છે. તેને હરાવવાથી જૂનાગઢ ગૌરીદડ વગેરે ટાંપી રહેલાં રાજ્યોને પણ આપણી સામે થતાં વિચાર થશે. માટે મારો પત્ર જવો જોઈએ. લ્યો, જેસિંહ! આ મોકલી આપો અને હુકમ દેજો કે તેની પહોંચ પાંચ દિવસમાં આવી જાય.

[જેસિંહ ડાબી બાજુના બારણા પાસે જઈ એક અમલદારને બોલાવી કાગળનો બંદોબસ્ત કરે છે]

હવે અહીંની વ્યવસ્થા વિશે વિચાર કરીએ. અહીંના બધા મુખ્ય અમલદારો હાજર છે. માત્ર જમાદાર અને મોહનસિંહ દેખાતા નથી.

જેઠીજી: મોહનસિંહ કાલ રાતે દુશ્મનની છાવણીની છૂપી તપાસ કરવા ગયા હતા તે પાછા આવ્યા નથી. સવારે તેમના ખબર મેળવવા સવારોની એક ટુકડી ગઈ તેમને એક નાગામાં મોહનસિંહની પાઘડી મળી. મને ભય છે કે તેઓ પકડાઈ ગયા.

કરણસિંહ: હું પણ એમ જ માનું છું. મને તો તેમની મોટી ખોટ આવશે.

મૂળરાજજી: લડાઈ એટલે હરઘડી સારાં માણસોની ખોટ આવવાનો પ્રસંગ. જેસિંહ, સવારે એક ટુકડીને બહાર જવાની પરવાનગી માગવામાં આવી તે આ જ કે?

જેસિંહ: જી, હા.

મૂળરાજજી: હું દિલગીર છું. પણ આપણને અત્યારે હર્ષ કે શોક માટે વખત નથી. લડવૈયાઓને એવા પ્રસંગો થોડા પ્રાપ્ત થાય છે. આપણે ગામના ખોરાક, લશ્કર, તોપો અને ગઢની સ્થિતિ ઉપર વિચાર કરીએ. મારા કહેવા પ્રમાણે તમે બધી હકીકત લાવ્યા તો હશો? ફિરંગી, તોપચી અને કોટવાળને બોલાવો.

[એક અમલદાર કહેવા જાય છે, ત્યાં એક સિપાઈ અંદર આવે છે.]

જેસિંહ: કેમ શું છે?

સિપાઈ: બે સિપાઈઓ દરવાજે આવવાથી તેમને હુકમ પ્રમાણે પકડી અહીં લાવવામાં આવ્યા છે.

જેસિંહ: એ તો જરૂર—

[મૂળરાજજીએ મૂંગા રહેવા હાથ ઊંચો કરવાથી જેસિંહ બંધ થઈ જાય છે.]

મૂળરાજજી: (સિપાઈને) તેને અહીં લાવો.

[સિપાઈ જાય છે.]



જેસિંહ (સાદા પોશાકમાં)



જાસુસ



ફિરંગી

મારે આ માણસો સાથે એકલા વાત કરવી છે.

[બધા ઊભા થઇ ડાબે બારણેથી જાય છે. છેલ્લો માણસ બારણું બંધ કરે છે એટલે મૂળરાજજી પણ ઊભા થાય છે ને જમણી દીવાલનું બારણું ઊઘાડી ત્યાં કોઇ છે કે નહિ તેની ખાતરી કરી બારીમાંથી નજર બહાર કરી ઊભા રહે છે. ત્યાં સિપાઇ, બે જાસુસ સિપાઇને લઇ આવે છે.]

તમે બહાર જઇ બારણું બંધ કરો, હું થોડી વારમાં બોલાવીશ.

[સિપાઇ જાય છે.]

બોલ તારા શું સમાચાર છે.

પહેલો જાસુસ: હું હુકમ પ્રમાણે ગૌરીદડ જઇ આવ્યો. ત્યાંના દરબાર લડાઇની તૈયારી તો કરે છે, પણ તેમની પાસે પૂરતાં માણસો કે સામગ્રી નથી. બહારનો દેખાવ મોટો છે, પણ લડાઇ માટે બે હજારથી વધારે માણસો પોતે એકીસાથે ભેગાં કરી શકે તેમ નથી. તે નિશ્ચય નથી કરી શકતા કે ખંડેરાવ સાથે સંધિ કરવી કે આપણી સાથે. મરાઠાના લગભગ બસો સવાર તે તરફ ફર્યા કરે છે.

મૂળરાજજી: તેં આ બસો સવાર જોયા?

પહેલો જાસુસ: જી હા. મેં જોયા ત્યારે તેઓ ગૌરીદડથી આશરે ચાર ગાઉ દૂર હતા.

મૂળરાજજી: ગૌરીદડમાં દરબાર અને કુંવર વચ્ચે કેવો સંબંધ છે?

પહેલો જાસુસ: એમ સંભળાયું કે થોડા વખત પહેલાં જરા સારૂં થયું હતું; પણ અત્યારે તો પાણી પીવાનો પણ વહેવાર નથી. કુમારને આપણા તરફ વલણ છે અને દરબારના ભાઇને મરાઠાઓ તરફ છે એથી પણ વધારે બગડે છે.

મૂળરાજજી: બીજા કાંઇ ખબર ન હોય તો જા. જેસિંહજી પાસે હાજરી પૂરાવજે.

[પહેલો જાસુસ જાય છે.]

બોલ, તારે શું કહેવું છે?

બીજો જાસુસ: હુકમ પ્રમાણે ખંડેરાવની છાવણીમાં હું ગયો હતો. ત્યાં ભાગી આવેલા તરીકે પાંચ દિવસ રહ્યો. તેઓ ચોકસી બહુ રાખે છે અને વિશ્વાસ કરતા નથી. ભાગી આવેલાઓને દારૂ ખૂબ આપવામાં આવે છે અને તેને અમલદારો સવાલ બહુ પૂછે છે. આપણા વિષે ઘણું પૂછ્યું. ક્યાં છો? કેટલું લશ્કર છે? કોણ-કોણ માનીતા છે? આ તરફ આવવા સંભવ છે કે કેમ? એવું બીજું ઘણું પૂછ્યું. મેં એમને કહ્યું છે કે હું ભાગી આવ્યો ત્યારે આપ અને દરબારશ્રી ચાળીસ ગાઉ દૂર હતા અને આ તરફ આવવાની કાંઇ વાત ન હતી.

મૂળરાજજી: એમનું લશ્કર કેટલું છે?

બીજો જાસુસ: છાવણીમાં સાત હજાર; બહાર ફરતા સવારો સહિત નવ હજાર. હું ત્યાં ગયો ત્યારથી તેઓ કાંઇક મદદની રાહ જોતા હોય એમ મને લાગતું હતું. પણ તે કેવી અને કેટલી આવવાની છે તેના

ડૉ. કુંવરજી ગો. નાયક

[અનુસંધાન પાછળ પાન ૪૪થી]

'યુવક, એમ ન ચાલે. તમને રહેવાનું સ્થાન હૉસ્ટેલમાં આપવું જ જોઇએ. રહો, હું મિ. સ્કૉટને બોલાવું છું.' એમ કહી એ બાનુ પોતાના પતિ પ્રિ. સ્કૉટને ઉપલે માળથી બોલાવી લાવ્યાં. તેમને સ્થિતિ સમજાવી યુવકને હૉસ્ટેલમાં રહેવાની સગવડ કરી આપવા ભલામણ કરી. પ્રિ. સ્કૉટે બીજે દહાડે એ ગોઠવણ કરી આપવા વચન આપ્યું.અને યુવક પોતાનો બિસ્તરો ઉપાડી પાછો કૉલેજની હૉસ્ટેલમાં મિત્રની ઓરડીમાં જઇ સૂઈ રહ્યો.

આ યુવક તે આપણા આજના ગુજરાતના અગ્રગણ્ય રસાયણશાસ્ત્રી ડૉ. કુંવરજી નાયક. તેમનો જન્મ સુરત જિલ્લાના કતારગામમાં વિ. સં.૧૯૪૧ના બીજા જેઠ વદી ૧૩ને દિવસે થયો હતો. નાનપણમાં એમના પર અનેક વ્યાધિઓનું આક્રમણ થએલું, જેથી શરીર સુકલકડી હતું.તેમના પિતાશ્રી ગોસાઇભાઇ ભગવાનજી પોતાના નાના ગામમાં તંબાકુનો વ્યાપાર કરતા અને સાથે ખેતીનો ધંધો ચલાવતા. પૈસેટકે સ્થિતિ સામાન્ય હતી પણ પોતે સત્યપરાયણ, ટેકીલા ને એકવચની હતા. તેથી ગામના લોકોમાં તેમનું સારૂં આદરમાન હતું. વ્યાપાર તથા ખેતીના કામમાંથી ફુરસદ મળે ત્યારે પોતે શ્રમ લઇ નાના કુંવરજીને ઘેર ભણાવતા. સાંજ સવાર પોતાનાં બાળકોને પાસે બેસાડી એવી સુંદર ધાર્મિક ને સામાજિક વાતો કહેતા કે તેમની નજર આગળ મોટા આદર્શ બાળવયથી જ ખડા થતા.

પાંચેક વર્ષની ઉમરે તેમને નિશાળે મૂકયા. પ્રાથમિક શાળાનાં પહેલાં ચાર ધોરણ તે કતારગામમાં જ ભણ્યા. જ્યાં દરેક વર્ગમાં તેમનો નંબર પહેલો જ રહેતો. પછી આગળ અંગ્રેજી નિશાળ નહોતી, એટલે ત્રણ માઈલ દૂર સુરતની કોઈ અંગ્રેજી શાળામાં તેમને દાખલ કરવા અને દરરોજ કતારગામથી ઘેર આવવું જવું એમ નક્કી કર્યું. નવ વર્ષની ઉમરે તે સુરતની મિશન સ્કૂલમાં દાખલ થયા. તેમના પિતાએ મિશન સ્કૂલના પ્રિ. જર્વિસ સાહેબને તે દિવસ કહેલું કે 'આ છોકરાને ભણાવી મોટો માણસ બનાવવા તમને સોંપું છું. એનાં હાડકાં મારાં, ચામડાં તમારાં. માટે ગમે તે ઉપાયે તે આગળ વધે તેમ કરજો.'

બુદ્ધિ તીવ્ર અને યાદદાસ્ત સારી હતી, એટલે નિશાળમાં શિખવવામાં આવતું તે એવું તો વજ્રલેપ થઇ જતું કે ઘેર વાંચવાની જરૂર ન રહેતી. અંગ્રેજી શાળામાં પણ પહેલા ધોરણથી છેક મૅટ્રિક સુધીના દરેક વર્ગમાં પહેલી શિષ્યવૃત્તિ હમેશ તેમને જ મળેલી. કતારગામથી સવારમાં આશરે નવ સાડા નવ વાગ્યે નીકળી સુરત નિશાળમાં દસને શુમારે જઇ પહોંચતા. ત્યાં વહેલા આવેલા વિદ્યાર્થીઓ સાથે અનેક પ્રકારની રમતો અને તોફાન-મસ્તીમાં જોડાતા; બપોરની કલાકની છૂટી વેળા પણ ધીંગામસ્તી ખરી જ; અને સાંજના પાછા ઘેર જતી વેળા સવારની પેઠે બીજી ત્રણ માઇલની ચાલવાની કસરત, ઉપરાંત રાત્રે પોતાના ગામડામાં આટાપાટા, ચકભિલ્લુ વગેરે રમાય અને રજાના દહાડા ગિલ્લી–દંડામાં જાય. આમ મૂળથી જ રમતો ખૂબ રમતા. અંગ્રેજી નિશાળમાં દાખલ થતાં તોફાન-મસ્તીની શરૂઆત થએલી પણ ચોથા ધોરણમાં આવ્યા પછી તે વધી પડી. પોતે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે એક દહાડો આમલી-પીપળીની રમત રમતાં વિદ્યાર્થીઓએ નિશાળના છાપરાના નળિયાંનો ભૂકો બનાવી દીધો. તે વર્ષે છાપરૂં સમરાવતાં નવાં નળિયાંનો સ્કૂલને ખૂબ ખર્ચ આવ્યો. આથી પ્રિન્સિપાલ જર્વિસ સાહેબ ઘણા ગુસ્સે થયા; પણ આ રમતિયાળ તોફાની વિદ્યાર્થીઓ અભ્યાસમાં હોશિયાર અને સારી વર્તણૂકના ગણાતા એટલે તેમને માફી મળી.

મિશન સ્કુલમાં 'ડિબેઇટિંગ સોસાએટી' (સંવાદ

બલિ

[ઉપજાતિ]

વિરાટની અંજલિથી સરેલ,
હું તો બલિ—વજ્જરપુષ્પ નાનું;
સ્ફુલ્લિંગ શું નિત્ય કરંત ગેલ,
અંગાર વચ્ચે રચતો બિછાનું.

જ્વાલા ચૂસું સિંદુર પાંખડીએ,
કાને ભરૂં ગાન સ્વતંત્રતાનું;
અખંડ માપું નભ આંખડીએ,
ભરૂં સુવાસે ઇતિહાસપાનું.

પ્રાણે ભરી પાવક ભૂમિઓમાં,
રાચી રહું અંતર—ઊર્મિઓમાં.

ઉમાશંકર જોષી




શ્રી નાયક : એમના લગ્ન સમયે

મંડળ) ચાલતી. તેની સભા અઠવાડિયામાં એક વાર સ્કુલનો ટાઇમ પૂરો થયા બાદ પાંચથી છ વાગ્યા સુધી મળતી. તેમાં કોઇ તોફાન–મસ્તી ન કરે અને બધું કામ બરાબર નિયમિત ચાલે તે જોવા સારૂ તથા વિદ્યાર્થીઓ પર અંકુશ રાખવા માટે એક શિક્ષક હાજર રહેતા. એક દહાડો આ શિક્ષકે સભામાં વિદ્યાર્થીઓને વિના કારણ ઠપકો આપ્યો અને કેટલાકની નિંદા કરી. આથી નાયકને ખોટું લાગ્યું. તેમણે ઊભા થઇ જુસ્સાથી છટાદાર ભાષણ આપ્યું કે 'આપણા જ સંવાદ મંડળમાં કોઇ આપણને ગેરવ્યાજબી ઠપકો આપે અને આપણી ખોટી નિંદા કરે તે બિલકુલ ઇચ્છવા જેવું નથી, માટે આપણે આ માસ્તર સાહેબને આ સભાની બહાર જ રાખવા જોઇએ.' આની અસર વિદ્યાર્થીઓ પર સચોટ થઇ. બધા ઉશ્કેરાઇ ગયા. પ્રમુખ તેમને રોકવા લાગ્યા. પણ એ ઉશ્કેરાએલી વાનરસેના હાથ ન રહી. તેમણે તો પ્રમુખની ખુરશી જ ઉપાડી ઊંધી નાખી દીધી. સભા અધૂરી રહી. એક જણે પેલા શિક્ષકને સભામાંથી નસાડ્યા. જતાં જતાં શિક્ષકની ટોપી પડી ગઇ. ટોળામાંના એકે તે ઉપાડી લીધી અને તેની જોડે એક પથ્થર બાંધ્યો ને શાળાના મકાનની નજીક વહેતી તાપી નદીમાં તે ફેંકી દીધી. આમ શિક્ષકની રેવડી દાણાદાર થઇ. પણ આટલેથી જ ન અટકતાં આ વાનરસેના તે શિક્ષકની પાછળ પડી તેને કેટલેક દૂર સુધી મૂકી આવી. બીજે દિવસ આ બધી વાત પ્રિન્સિપાલ જર્વિસ સાહેબ પાસે આવી. તે બહુ કડક માણસ હતા. આવા ગુનાહ માટે ઓછામાં ઓછા ૨૦-૨૫ નેતરના ફટકા લગાવ્યા વગર તે છોડતા જ નહિ. આ તોફાનમાં આગેવાનો નાયક સાથે બીજા બે ત્રણ વિદ્યાર્થીઓ હતા. તેમને બોલાવી સખ્ત ઠપકો આપ્યો અને અઠવાડિયા સુધી આખો દહાડો નિશાળમાં પાટલી પર ઊભા રહેવાની શિક્ષા કરી. આ નાનકડા તોફાનીઓએ એ શિક્ષા વધાવી લીધી ને કશા બડબડાટ વગર પાટલી પર ઊભા થઇ ગયા.

આમ નિશાળમાં અભ્યાસ સાથે તોફાન–મસ્તીમાં પણ તે પહેલો નંબર રાખતા હતા. ૧૯૦૧માં મૅટ્રિક તથા સ્કુલ ફાઇનલ એમ બંને પરીક્ષામાં બેઠા. આખી યુનિવર્સિટીમાં સ્કુલ ફાઇનલમાં બીજે નંબરે અને મૅટ્રિકમાં ૧૮મે નંબરે પાસ થયા. આગળ અભ્યાસ માટે વડોદરા કૉલેજમાં મોકલવાનો તેમના પિતાશ્રીએ નિર્ણય કર્યો અને ગમે ત્યાંથી ખર્ચના પૈસાની જોગવાઇ કરી. વડોદરા આવ્યા ત્યારે ખબર પડી કે પરીક્ષામાં ઘણા સારા માર્ક મળ્યા છે એટલે મુંબાઇની એલ્ફિન્સ્ટન અગર વિલ્સન કૉલેજમાં જોડાય તો ત્યાં પણ સારી શિષ્યવૃત્તિ મળે. તુરત વડોદરાથી મુંબાઇ આવ્યા. ને વિલ્સન કૉલેજની પહેલી શિષ્યવૃત્તિ મળે છે એમ માલમ પડતાં ત્યાં જોડાયા. વળી એ જ વર્ષે અનાવિલ જ્ઞાતિ તરફથી અપાતી પહેલી શિષ્યવૃત્તિ પણ તેમને જ મળી. આથી આર્થિક મૂંઝવણ મટી ગઇ.

કૉલેજમાં પણ તે બહુ બુદ્ધિશાળી અને ઉત્તમ વિદ્યાર્થી ગણાતા. બધા પ્રોફેસરોની તેમના પ્રત્યે પ્રીતિ હતી. તેમનો આનંદી ને મસ્તીખોર સ્વભાવ અહીં પણ વ્યક્ત થતો તેની તો આ લેખની શરૂઆતમાં આપેલા પ્રસંગ પરથી વાચકને કલ્પના આવી શકશે. ઇન્ટર આર્ટ્સ કલાસમાં પ્રો. જૅક ગણિતશાસ્ત્ર શીખવતા. પણ તે જે કંઇ ભણાવતા તેની સમજ જ કોઇ વિદ્યાર્થીને પડતી નહિ. તેથી આખો કલાક, વિદ્યાર્થીઓ ચૂપ થઇ ડાહ્યાડમરા કેમ બેસી શકે? એટલે તેમના કલાકમાં વિદ્યાર્થીઓ કંઇકંઇ તોફાન કરતા. એક દહાડો ગણપતિચોથને વળતે દહાડે ચોપાટીના દરિયા પરથી દક્ષિણીઓએ ડુબાડેલા માટીના એક નાના ગણપતિ લઇ આવી શ્રી નાયકે વ્યાસપીઠ પર જૅક સાહેબની ખુરશીની બરાબર ઉપરની ગૅસ પાઇપ જોડે દોરા વડે તે ટાંગી મૂકયા. પ્રો. જૅક સાહેબને



ડૉ. નાયક કલકત્તાની યૂનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ ટેકનૉલૉજીમાં પ્રોફેસર હતા તે સમયે સહ-અધ્યાપકો સાથે. ડાબી બાજુથી : (૧) ડૉ. જે.એન. મુકરજી, યૂનિવર્સિટી પ્રોફેસર ઑફ ફિઝિક્સ ઍન્ડ કેમિસ્ટ્રી; (૨) પ્રો. નાયક (૩) સર પ્રફુલ્લચંદ્ર રાય; (૪) ડૉ. પી.સી. મિત્ર, પ્રો. ઑફ ઑરગૅનિક કેમિસ્ટ્રી; (૫) ડૉ. આર.એલ. દત્ત, ઈન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ ટુ ગવર્નમેન્ટ ઑફ બેંગાલ. નીચે બેઠેલા : (૧) ડૉ. જે.સી. ઘોષ, યૂનિ. પ્રો. ઑફ કેમિસ્ટ્રી, ઢાકા; (૨) ડૉ. પી.બી. સરકાર, યૂનિ. પ્રો. ઑફ ઇનઑરગૅનિક કેમિસ્ટ્રી.

હમેશ વિદ્યાર્થીઓને ડાહ્યાડમરા થવાની શિખામણ આપવાની ટેવ હતી. તે મુજબ આવીને તે ઊભા રહ્યા ને જેવા બોલવા જાય તેવું જ તેમનું માથું પેલા ટાંગેલા ગણપતિ જોડે જરા અથડાયું ને ગણપતિ ડોલવા લાગ્યા. છોકરાઓએ બૂમાબૂમ ને હસાહસ કરી મૂકી. જૅક સાહેબ તો દંડાગાર બની ગુપચુપ બેસી ગયા!

૧૯૦૩માં શ્રી નાયક બી.એ.ના વર્ગમાં આવ્યા. ઐચ્છિક વિષય ભૌતિક તથા રસાયણશાસ્ત્ર લીધાં. અર્થશાસ્ત્ર તથા હિંદનો ઇતિહાસ એ વેળા બી.એ.ના વર્ગમાં ફરજિયાત હતાં, પણ તેમાં તેમને કંઇ રસ ન પડતો ને કંઇકંઇ અટકચાળાં જાણેઅજાણે થઇ જતાં; એટલે તે વિષયના પ્રોફેસરોએ એ વર્ગમાં ઇચ્છા હોય તો આવવું એવી ખાસ છૂટ તેમને એકલાને આપી હતી. એ વર્ગમાં પોતે માંડ બે કે ત્રણ વાર જ ગએલા. ડૉ. મૅક્રીકન સાહેબ ભૌતિકશાસ્ત્ર બહુ સરસ ને આકર્ષક રીતે શીખવતા. તેમના વર્ગમાં શ્રી નાયકને ખૂબ રસ પડતો. ડૉ. મૅક્રીકન પણ શ્રી નાયકની બુદ્ધિ ને જ્ઞાનથી એટલા ખુશ થએલા ને તેમને માટે એટલો ઊંચો મત બાંધેલો કે જે દિવસે નાયક વર્ગમાં ગેરહાજર હોય તે દહાડે પોતે કશું જ નવું શીખવતા નહિ. આ માન કંઇ ઓછું ન ગણાય. ૧૯૦૫માં શ્રી નાયક બી. એ. માં ફર્સ્ટ ક્લાસ—પહેલા વર્ગ—માં ઊંચે નંબરે પાસ થયા. ભૌતિક—રસાયણ-શાસ્ત્રમાં આખી યુનિવર્સીટીમાં પહેલે નંબરે આવવાથી મુંબાઇ વિદ્યાપીઠની વિજ્ઞાનની 'નારાયણ વાસુદેવ 'સ્કૉલરશિપ' તેમને મળી અને વિલ્સન કૉલેજમાં બે વર્ષ માટે 'દક્ષિણા ફેલો' તરીકે તેમની નિમણૂક થઇ. તેમના રસાયણશાસ્ત્રના પ્રોફેસર, હાલ છે તે વિદ્વાન ડૉ. નોર્મન્ડ જ હતા. તે પણ શ્રી નાયક માટે ઘણો ઊંચો મત ધરાવતા. તેથી જુદાજુદા વર્ગમાં પોતાનાં ગોઠવેલાં વ્યાખ્યાનોના કલાકોમાંથી એક કલાક બી.એ.ના વર્ગમાં વ્યાખ્યાન સારૂ શ્રી નાયકને આપ્યો; અને તે કેવી રીતે શીખવે છે તેનું બારીક અવલોકન કરી શિક્ષણકળામાં તેમને કેળવવા માંડ્યા.

આ વર્ષમાં તેમને એકાએક અણઉતાર તાવ લાગુ પડ્યો. દાક્તરોએ 'ટાઇફોઇડ'નું નિદાન કર્યું ને દવા આપવા માંડી પણ તાવ કેમે ખસે જ નહિ. તેથી તેમના ગુરુ ડૉ. મૅક્રીકન સાહેબે તેમને સર જે. જે. હૉસ્પિટલમાં રાખવાની ગોઠવણ કરી અને ત્યાંના દાક્તરોને તેમનું ખૂબ ધ્યાન રાખવા ભલામણ કરી. આ જીવલેણ રોગમાંથી ડૉ. મૅક્રીકન સાહેબની જહેમતને પરિણામે જ નાયક બચી શક્યા અને એ વાત સંભારી હજી પણ કોઇ વાર તે મિત્રોને કહે છે કે 'એ ભયંકર બીમારીમાંથી બચાવી ડૉ. મૅક્રીકને મને પુનર્જીવન આપ્યું એમ કહું તો ચાલે.'

કૉલેજમાં 'લિટરરી સોસાએટી' (સાહિત્ય સભા) ચાલતી, જેમાં તેઓ ૧૯૦૩થી જ આગળપડતો ભાગ લેતા. ૧૯૦૬માં ફેલો થયા ત્યારથી તો બે વર્ષ માટે એ

સોસાએટીના સેક્રેટરી તરીકે જ તેમને ચૂંટી કાઢવામાં આવેલા. આ સોસાએટીમાં વિદ્યાર્થીઓને ખર્ચે પણ અમુક ઉદ્દામ પત્રો ન જ લાવી શકાય એવો આપખુદ નિર્ણય પ્રિન્સિપાલ ડૉ. મૅકીકને જાહેર કર્યો. શ્રી નાયક જેવા સ્વાભિમાની નરથી આ ન સંખાયું. તેથી એમણે એ વિરૂદ્ધ ચળવળ ઉપાડી અને સૌ વિદ્યાર્થીઓએ એ નિર્ણયની સામે સખ્ત વિરોધ જાહેર કર્યો. ત્રણ માસની લડત પછી તેમની જીત થઈ. ત્યારબાદ થોડા મહિના પછી તિલક મહારાજને સરકારે ગિરફ્તાર કર્યા ને દેશનિકાલની શિક્ષા ફરમાવી. આ પ્રસંગે સ્વદેશાભિમાની યુવકોથી શાંત કેમ બેસી રહેવાય? શ્રી નાયકે વિદ્યાર્થીઓ પાસે સરકારના આ અપકૃત્ય સામે વિરોધ જાહેર કરવા હડતાળ પડાવી. એ સમયમાં તો આવું વર્તન મહા ભયંકર ગણાતું ને તેમની કરીઅર ખુવાર થઇ જતી. પણ નાયક પ્રત્યે તેમના પ્રિન્સિપાલ તથા પ્રોફેસરોનો અનન્ય પ્રેમ હતો એટલે થોડો ઠપકો આપી એ બાબત સંકેલી લેવામાં આવી. આમ કૉલેજજીવન દરમ્યાન પણ સ્વમાન ને સ્વદેશાભિમાનના પ્રસંગોમાં તેમણે જરા પણ ખમીરને ઓછું પડવા દીધું નહોતું. તેમનું કૉલેજજીવન ઘણું સુખકર ગયું હતું. આજે પણ એ દહાડાની વાત કરતાં તે કહે છે કે કૉલેજજીવનનો કાળ મારી આખી જિંદગીમાં સૌથી સોનેરી સમય ગયો. મુંબાઇમાં આ સમયમાં તેઓ પ્રસિદ્ધ સદ્દગત રસાયનશાસ્ત્રી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરના સંસર્ગમાં પણ આવ્યા ને તેમને ત્યાં જ પ્રખ્યાત સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઇને મળવાના પ્રસંગ પણ મળેલા.

રસાયણશાસ્ત્ર તથા ભૂસ્તરવિદ્યાના વિષય લઇ ૧૯૦૭માં તેમણે બી.એસસી.ની પરીક્ષા આપી ને યુનિવર્સિટીમાં પહેલે નંબરે પાસ થયા. ૧૯૦૮માં રસાયણશાસ્ત્ર લઈ એમ.એ. માટે બેઠા અને તેમાં પણ પહેલા વર્ગમાં પાસ થયા. વિલ્સન કૉલેજમાં ૧૯૦૬થી જ 'કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર' તો હતા જ; એ ઉપરાંત ૧૯૦૭માં અંગ્રેજી નિબંધ તથા ભૂમિતિ પણ કૉલેજમાં તેમને શિખવવાનાં હતાં. બી.એસસી.ના વર્ગમાં ભૂસ્તરવિદ્યા શિખવવાનું ૧૯૦૮માં તેમને સોંપવામાં આવ્યું. એ જ વર્ષમાં બી.એ.ના વર્ગમાં હિંદના ઇતિહાસ પર વ્યાખ્યાતા (લૅકચરર) તરીકે પણ તે કામ કરતા હતા.

૧૯૦૯માં ડૉ. નોર્મન્ડ રજા પર ગયા ત્યારે રસાયણશાસ્ત્રના આસિસ્ટંટ પ્રોફેસર તરીકે નાયકની નિમણૂક થઇ અને બી.એ., બી.એસસી.; તથા એમ.એ.માં રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા તે બન્યા.

૧૯૦૯ના જુલાઈ માસમાં બંગાળમાં બરહામપુરની ક્રિશ્નાથ કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર તરીકે તેમને લેવામાં આવ્યા તેથી આ યુવાન ગુજરાતી પ્રોફેસર ત્યાં ઉપડયા અને વિદ્વાન, ચકોર તથા બુદ્ધિશાળી બંગાળીઓમાં પ્રો. નાયકે દક્ષતાપૂર્વક કામ કરવા માંડયું અને બહુ ઊંચી નામના મેળવી. કલકત્તા વિદ્યાપીઠનું સૅડલર કમિશન બંગાળાની દરેક કૉલેજનું ઇન્સ્પેકશન (નિરીક્ષણ) કરવા નીકળેલું તે આ ક્રિશ્નાથ કૉલેજમાં આવ્યું. એ કમિશનમાં બીજા સભાસદો સાથે લંડન વિદ્યાપીઠના રેજિસ્ટ્રાર સર ફિલિપ હાર્ટોગ તથા ત્યાંના ભૂસ્તરવિદ્યાના પ્રોફેસર સર રિચર્ડ ગ્રેગરી હતા. તે બંને વિજ્ઞાનમાં નિષ્ણાત પુરુષો ગણાતા. આ કમિશન કૉલેજ તપાસવા આવ્યું તે વખતે પ્રો. નાયક 'રંગ અને રંગવાની કળા' એ વિષય પર વર્ગમાં વ્યાખ્યાન આપતા હતા. કમિશનમાંના ઉપરના બંને વૈજ્ઞાનિકો પ્રો. નાયકના વર્ગમાં આવી બેસી ગયા. પ્રો. નાયકે તો એમનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું. તે પૂરૂં થયું ત્યાં લગી એ બંને વિજ્ઞાનિકો મંત્રમુગ્ધ થઈ આનંદથી સાંભળી રહ્યા. પછી વર્ગની બહાર આવી પ્રો. નાયકને પ્રેમથી મળી બંનેએ હાર્દિક અભિનંદન આપતાં કહ્યું, 'અમે બંગાળામાં બધે ફર્યા—બીજી ઘણી કૉલેજો જોઇ, પણ અહીં તમારા વર્ગમાં આજે સાંભળ્યું તેવું પ્રોત્સાહક વ્યાખ્યાન અમે હજુ લગી બીજે કયાં યે સાંભળ્યું નથી. તમારા જેવા આવા ખૂણે પડી રહે તે કરતાં કલકત્તા યૂનિવર્સિટી કૉલેજમાં હોય તો વધુ સારી સેવા થઇ શકે.' તરતજ એ બંને વિદ્વાન વૈજ્ઞાનિકોએ કલકત્તા વિદ્યાપીઠના વાઇસ ચાન્સેલર સર અસુતોષ મુકરજીને 'યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલૉજી'માં ડૉ. સર પી.સી. રાયની જોડે જુનિયર પ્રોફેસર તરીકે પ્રો. નાયકની નિમણૂક કરવા આગ્રહભરી ભલામણ કરી. તેથી પ્રો. નાયકની ત્યાં નિમણૂક થઇ અને ૧૯૧૭માં કલકત્તા યુનિવર્સિટીમાં જોડાયા. એકાદ વર્ષ ત્યાં રહ્યા પછી

(અનુસંધાન આગળ પાન ૭૪મે)

સ્મરણયાત્રા

૨૧][પ્રેમાળ બાળિગા

પિતાશ્રીની બદલી થઈ એટલે કારવારથી અમારે ધારવાડ જવાનું થયું. મને હિંદુ સ્કુલ છોડવી તો ગમતી ન હતી, પણ મુસાફરીએ ઊપડીશું એ જ મોટામાં મોટો આનંદ હતો. મેં નિશાળના દોસ્તદારને બધાને કહી દીધું કે અમે જવાના. બધા સાથે પ્રેમથી વાતો કરી. દેવીદાસ પૈ એ મારો ખાસ મિત્ર. એની સાથે તો બેત્રણ દિવસ લાગલાગટ રોજ હું સમુદ્રકિનારે ફરવા ગયો. રામચંદ્ર આંગડી એ મારા કરતાં ઉમરે મોટો, પરંતુ એની સાથે પણ દોસ્તી ખૂબ હતી. એ શહેરની જુદી બાજુએ રહેતો હોવાથી એને તો નિશાળ-માં જ મળાય. અમારા વર્ગમાં વિચારોનો વિનિમય થઇ શકે એવા મારા આ બે જ મિત્રો હતા. પણ ત્રીજો એક બાળિગા કરીને છોકરો હતો. એની અને મારી બૌદ્ધિક ભૂમિકા સરખી નહોતી, પણ અમારી વચ્ચે ખૂબ પ્રેમ હતો. સાચું કહું તો હું એને ચાહતો એના કરતાં એ મને વધારે ચાહતો. એને જ્યારે ખબર પડી કે હું સદાને માટે કારવાર છોડીને જવાનો છું, ત્યારે એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. પાળેલો કુતરો જેમ પૂંછડી હલાવે છે, અમસ્તો ચારે પગે થનગન થનગન થાય છે, ચાટવા આવે છે, શું કરૂં ને શું ન કરૂં એમ એને થાય છે, તેમ બાળિ-ગાને થયું. આ કુતરાની ઉપમાથી કોઈ એમ ન માને કે એના પ્રત્યે મારા મનમાં તિરસ્કાર કે તુચ્છતા છે. એ છોકરો અત્યંત નિર્દોષ, પવિત્ર, મહેનતુ અને પ્રેમાળ હતો. પશુઓની ઉપમામાં તિરસ્કાર છે એવો ખ્યાલ માણસની હલકાઇમાંથી જ ઉદ્ભવ્યો છે. બાળિગાના નિર્વ્યાજ અને મુગ્ધ પ્રેમને વ્યક્ત કરવા મારી પાસે બીજી ઉપમા છે જ નહિ. માની ઉપમા એ મિત્રો વચ્ચે છાજે નહિ, નહિ તો એ જ આપત.

બાળિગા ઘરનો કંઇ પૈસાદાર છોકરો ન હતો. એમની એક ચાહની હૉટલ હતી, અને એક વીશી પણ હતી. હિંદુ સ્કુલના પવિત્ર વાતાવરણમાં અમે સામાજિક પ્રતિષ્ઠા, જાતિનું અભિમાન ને બુદ્ધિમત્તાની મગરૂરી બધું ભૂલી જઇ સાચી લાગણીને ઓળખતાં શીખ્યા હતા. આજે પણ મારે મન બધા જ લોકો સરખા છે. પૈસાથી, વિદ્વત્તાથી અથવા નીતિથી ઊતરતા ગણાતા લોકો તરફ ઊતરતી દૃષ્ટિએ જોવામાં હું ફાવી શકતો નથી. માણસની પરખ એના હૃદયથી કરવી, એના સદાચારથી કરવી એ મનોવૃત્તિ ઉપર ખાનદાની આધાર રાખે છે, એ શિક્ષણ મને મળેલું હોવાથી બીજી રીતે જોવાતું જ નથી. દુન્યવી વ્યવહારમાં આ સ્વભાવ ઘણો નડે છે એ હું જાણું છું, પણ એનું મને માઠું નથી લાગતું. સામાજિક ઉન્નતિનો—પ્રતિષ્ઠિત થવાનો એક જ માર્ગ છે, કે પોતાના બરોબરિયા અથવા પોતાનાથી ઊતરતા લોકો પ્રત્યે તુચ્છતા અથવા બેપરવાઇ રાખવી, અને પોતાના કરતાં શ્રેષ્ઠ ગણાતા લોકોની છાની ખુશામત કરીકરીને તેમની સાથે બરો-બરી બતાવવી. સભામાં ભલે માત્ર અરધો જ કલાક બેસવું હોય તોપણ પોતાના કરતાં શ્રેષ્ઠ માણસની પાસે બની શકે તો બેસવાનો સૌનો પ્રયત્ન હોય છે. પણ પોતાના કરતાં ઊતરતો ગણાતો માણસ પોતાની પાસે આવીને બેસે તો તે ગમતું નથી. પ્રતિષ્ઠાના ભિખારી આ લોકો પ્રતિષ્ઠાનો પ્રતિગ્રહ ઇચ્છે છે, પણ પ્રતિષ્ઠાનું દાન કરવાની દાનત એમનામાં હોતી નથી.

હિંદુ સ્કુલની કેળવણીને લીધે અમે બધા લાગ-ણીની કસોટીથી જ એકબીજાને માપતા. સુબરાવ દીવેકર કરીને એક છોકરો હતો. એના પિતા મારા પિતાશ્રીના હાથ તળે કારકુન હતા. વર્ગમાં શરૂઆતમાં સુબરાવ મને કંઈક વધારે માન આપતો. પણ જ્યારે અમારો પરિચય વધ્યો ત્યારે મેં જોયું કે અભ્યાસની નિયમિતતા, વર્ગમાં વખતસર આવવાની નિયમિતતા અને બધા પ્રત્યે મીઠાશ તથા સમભાવ રાખવામાં એ મારા કરતાં ચડિયાતો હતો. પછી તો હું જ એના પ્રત્યે આદર બતાવવા લાગ્યો.

આ કસોટીએ બાળિગાને અમે ઊતરતો માનતા ન હતા. જવાને આગલે દિવસે બાળિગા મારી પાસે આવીને કહે, આજે સાંજે 'મારી' જોડે ફરવા આ-વીશ? વખતે હું ના પાડીશ એ બીક એના મનમાં હોય તેમ નમ્ર સ્વરે એણે મને એ પૂછ્યું. દેવદાસ

જોડે ફરવા જવાને હું ઇંતેજાર હતો. બાળિગાને હું ના જ પાડત. પણ પૂછવાનો એનો અવાજ એવો હતો કે ના પાડવાની મારી હિંમત જ ન ચાલી. સાંજે સમુદ્રને કિનારે ફરવા જવાનું અમારૂં નક્કી થયું. અમે દૂર સુધી ફરવા ગયા. ત્યાં બેસીને કેટલીક વાતો કરી. પછી બાળિગાએ ધીમે રહીને ગજવામાંથી એક મોટો પડિયો કાઢ્યો. એમાં ગરમગરમ જલેબી હતી. પડિયા ઉપર બીજો પડિયો ઢાંકી એના પર સ્વચ્છ હાથરૂમાલ વીંટાળી એણે જલેબી ગરમ રાખી હતી. હું કાંઇ પણ બોલું એના પહેલાં જ બાળિગા મને કહે, 'ચૂપ; બોલીશ નહિ. તારાથી ના પડાય જ નહિ. આ બધું તારે ખાધે જ છૂટકો છે. હું ના સાંભળવાનો જ નથી. મારા ગળાના સમ, જો ના પાડી છે તો!' સમુદ્રમાં નહાતી વખતે ઉપરાઉપરી આવતાં મોજાંથી જેમ આપણે ગૂંગળાઇ જઇએ છીએ તેમ મને થયું. મેં એક જલેબી લીધી, અને કહ્યું, 'ચાલ ત્યારે, તું પણ ખા અને હું પણ ખાઇશ.' પણ એ થોડો જ માનવાનો હતો? એ કહે, 'આ બધું તારે જ ખાવું જોઇએ!' પછી તો મેં પણ હઠ લીધી કે 'તું ખાઇશ નહિ તો હું પણ નહિ ખાઉં.' અમે બંને ઝીદ્દી. પણ આખરે હું જ હાર્યો. બાળિગાએ પોતે અરધી જલેબી ખાધી, બાકીની બધીનો ભાર મારે માથે—અથવા ગળે—આવી પડ્યો!

ખાતાંખાતાં મેં એને પૂછ્યું કે 'દુકાનમાંથી તને આટલી જલેબી આણવા કેમ દીધી હશે? તેં દુકાનમાં કહીને તો આણી છે ને?' બીજો પ્રસંગ હોત તો તે આવા સવાલનું અપમાન માનત અને સારીપેઠે ચીડાત. પણ આજે એને એવું કશું સૂઝવાનું ન હતું. એણે એટલું જ કહ્યું, 'અરે, આવું શું પૂછે છે? દુકાનમાં જઇ મારે હાથે જ આ તાજી બનાવીને લઇ આવ્યો છું.' જેટલો વખત હું ખાતો હતો તેટલો વખત બાળિગા મને નિહાળી નિહાળીને જોતો હતો. જાણે હું જ એની જલેબી ન હોઉં!

ઘેર આવીને મેં આઇને કહી દીધું કે આવીઆવી રીતે મારા દોસ્તદારે મને જલેબી ખવડાવી છે. આઇએ કહ્યું, 'હા એમ જ હોય. કૃષ્ણ અને સુદામા વચ્ચે પણ આવો જ સ્નેહ હતો. આપણે મોટા થઇએ તો યે નાનપણના સ્નેહીઓને ભૂલી ન જઇએ, સમજ્યો કે?'

રાત્રે બાળિગા મને ફરી મળવા આવ્યો. મેં એને દીવાળી માટે બનાવેલું રંગીન કાગળનું ફાનસ ભેટ આપ્યું. અમે કારવાર છોડીને કાયમને માટે જવાના હતા. પાંચછ વરસ કારવારમાં રહેલા એટલે ઘરમાં સરસામાન પારવગરનો રહ્યો હતો. કેટલોક તો અમે વેચી નાખ્યો. કેટલોક મિત્રોને ત્યાં મેં મોકલી દીધો. બાળિગાનો મારા પરનો પ્રેમ સાંભળી મારી આઇને એના પ્રત્યે વાત્સલ્ય ઉદ્ભવ્યું હતું, એટલે જે ચીજ હાથમાં આવે તે આઇ બાળિગાને આપી દે. બાળિગાની વીશી અમારા ઘરથી બહુ દૂર ન હતી. તે દોડતો જઇને મળેલી વસ્તુ ઘેર મૂકી આવે. આમ ઘણી વાર એ ઘેર ગયો એટલે ઘરના લોકોને શક પડ્યો કે આ બધી વસ્તુઓ છોકરો ચોરીને તો નથી લાવતો? એટલે એમના ઘરનો કોઇ માણસ અમારે ત્યાં તપાસ કરવા આવ્યો. બીચારા બાળિગા ઉપર એક જ દિવસે આવી રીતે બે વાર ચોરીનું આળ આવ્યું. ભોળા પ્રેમની આવી કદર!

૨૨][કુસંસ્કારનો પાશ

હિંદુ સ્કુલનું પવિત્ર વાતાવરણ લઈ હું શાહપુર આવેલો. વર્ગના બધા છોકરાઓથી હું જુદો પડતો. મને એનું ભાન હતું, અને અભિમાન પણ હતું. વર્ગમાં ખાનગી વખતમાં નીતિમય જીવનની ઘણીવાર વાતો કરતો, અને વર્ગના કોઇ પણ વિદ્યાર્થીમાં અસત્ય, અશ્લીલ ભાષણ અથવા અન્યાય જોઉં ત્યારે એના મોઢા પર કડવી ભાષામાં એને ધિક્કારતો. એક વાર વર્ગના એક વિદ્યાર્થીના દેખતાં એને વિષે કહ્યું કે '...ભાઇ હલકટ છે.' બધા છોકરાઓ ચકિત થયા. એ ભાઇ ચીડાયો તો ખરો, પણ શો જવાબ આપવો એ એને સૂઝ્યું નહિ. થોડુંક રહીને એ બોલ્યો, 'શું તમારા બાપનું મેં કંઈ ખાધું છે કે તમે મારે વિષે આવો અભિપ્રાય જાહેર કરો? તમારો ઓશિયાળો હોઉં તો ભલે મારી નિંદા કરો. પણ અમસ્તું કોણ સહન કરે?' મેં ધાર્યું હતું કે એ મને મારવા દોડશે. એના જવાબથી હું શરમાયો. મેં એની માફી માગી અને એ પ્રકરણ ત્યાં જ પત્યું.

વર્ગના છોકરાઓ મને કંઇક આદરથી અને કંઈક મારી ફજેતી કરવા ખાતર મને 'સંત કાલેલકર' કહેતા. હું ફુલાયો અને આખી નિશાળનો કાજી

બન્યો. મારા દેખતાં છૂટથી ફાવે તેવું બોલવાની કોઇની હિંમત ન હતી. બેચાર જણ વાતો કરતા હોય અને હું ત્યાં જઇ ચડું કે બધા એકદમ વાત બદલી નાખતા. મને એ બધું યથાયોગ્ય લાગતું. એટલો આપણો અધિકાર છે જ એ વિષે મને શંકા નહોતી.

પણ આવું સાસુપણું ઝાઝા દિવસ કેમ ચાલે? ...કરીને એક મોટી ઉમરનો છોકરો અમારા વર્ગમાં હતો. ગામના એક પ્રતિષ્ઠિત પણ અસંસ્કારી ઘરનો એ એકનો એક છોકરો. એને ભણતરની પડી ન હતી. ઘરના લોકોને પણ એ ભણે એની ગરજ ન હતી. કાંઇ જ ઉદ્યોગ નહિ એટલે ભાઇ નિશાળે આવતા. ઉમરે બહુ મોટા અને કદાવર, એટલે શાળાના માસ્તરો એમનું નામ લેતા જ નહિ. એ નિયમિત ફી આપતો, એટલે જ્યારે આવવાનું મન થાય ત્યારે વર્ગના વિષયો તરફ ધ્યાન દેતો, નહિતો અલકમલકની વાતો કરતો. નિશાળના નાના છોકરાઓ હમેશ એનાથી ડરે. અને એ પણ છોકરાઓને બરાબર ડરાવે. આવા પ્રસંગે નાના છોકરાઓ માટે આત્મરક્ષણનો એક જ ઉપાય હોય છે. શિક્ષક પાસે તો જવાય જ નહિ. ત્યાં કશી સહાનુભૂતિ ન મળે. ઊલટું ખોટી ફરિયાદ કર્યાની સજા થાય. અને પેલા ભાઇની સતામણી વધે એ તો વળી વધારાનું. એટલે નાના છોકરા હમેશ એની ખુશામત કરતા. એણે મને ઠેકાણે લાવવાનું બીડું ઝડપ્યું. મને મારવાની કે બીજી રીતે પજવવાની તો એની હિંમત જ ન હતી. સર્જન અને હોશિયાર વિદ્યાર્થી તરીકે શિક્ષકોમાં મારી પ્રતિષ્ઠા બંધાઇ ચૂકી હતી. પછાત વિદ્યાર્થીઓને ભણાવવામાં હું મદદ કરતો, એટલે વર્ગમાં પણ મારા પ્રત્યે આદર બરાબર હતો. એટલે પેલાએ નવો જ રસ્તો શોધી કાઢ્યો. એ બેઠો હોય ત્યાં હું જાઉં એટલે એ અચૂક ગંદી વાતો બોલવાનું શરૂ કરે. હું એને ધિક્કારું તો જરાક હસી પડે, અને વધારે ગંદી વાતો છેડે. હું કંટાળીને ત્યાંથી ઊઠી જાઉં.

પછી તો ભાઇસાહેબની હિંમત વધી. હું બેઠો હોઉં ત્યાં આવીને પડોશના વિદ્યાર્થીની સાથે ગંદી વાતો ચલાવે. વર્ગના વિદ્યાર્થી સામે શિક્ષક આગળ ફરિયાદ કરવી એ મારી નીતિની ભાવનામાં હીન કર્મ હતું. પેલાને એની ખબર હતી, એટલે એ સુરક્ષિત હતો. હું ખૂબ અકળાયો, પણ મને કંઇ ઉપાય જડયો નહિ. મને ઉદ્દેશીને એ કંઇ બોલત તો મિત્રમંડળ ભેગું કરી હું એની સામે યુદ્ધ જમાવત. પણ એ તો જાણે ગંદી ભાષાનો શબ્દકોષ મોઢે કરતો હોય તેમ બોલ્યે જતો હતો. જે વસ્તુનો ઉપાય નથી તે સહન કર્યે જ છૂટકો. એટલે મેં એને વિષે પૂરી તટસ્થતા ધારણ કરી. છતાં એ વિરમ્યો નહિ. વર્ગમાંથી શિક્ષક જરાક બહાર જાય એટલે આખા વર્ગને અશ્લીલ વાતો વિગતવાર વર્ણનપૂર્વક સંભળાવવાનું એ શરૂ કરે. પછી તો એણે અભિનય પણ ઉમેર્યો. પહેલાં-પહેલાં તો મને ખૂબ અકળામણ થતી, પણ ધીમેધીમે કાન ટેવાઇ ગયા. એની વાતોમાં કંઇક રસ પણ પડવા વાગ્યો. મોઢા પર હું તિરસ્કારની છટા બતાવતો, પણ અંદરખાનેથી રસના ઘૂંટડા પીતો થયો. પ્રતિષ્ઠા પણ સચવાય અને રસ પણ મળે, એ પરિસ્થિતિ મને બહુ ફાવતી લાગી.

છેક નાનપણમાં જે ગંદી વાતો સાંભળેલી કે વાંચેલી એ સ્મરણમાં તો હતી, છતાં એ વેળા એની હૃદય પર અસર થઇ ન હતી. આ વખતની મારી ઉમર તેવી ન હતી. ગોવામાં શિવરામ કરીને એક પડોશી હતો. એની ઓળખાણ તો પંદર દિવસની જ. પણ એણે કેટલીક ગંદી વાતો સમાજના ચિતાર તરીકે સંભળાવેલી. ત્યાર પછી ધારવાડમાં એક કાનડી વિદ્યાર્થીએ એની ભાંગીતૂટી અંગ્રેજીમાં એવી કેટલીક વાતો શાસ્ત્રીય માહિતી તરીકે સંભળાવેલી. હમેશાં નીતિમત્તાનો ડોળ કરનાર છોકરો આવી વાતોમાં કોઈ-ની સાથે ચર્ચા તો કરે જ નહિ. એટલે મનમાં જ અનેક જાતના વિચારો કરે અને રહસ્ય સમજવાનો પ્રયત્ન કરે. જ્યાં સીધી પ્રત્યક્ષ માહિતી કે અનુભવ ન હોય ત્યાં મન વિચિત્ર કલ્પનાઓ ચલાવે છે. વર્ગ-માં ચાલતી આ બધી વાતોથી મારા કાન અને મારું મન ભરાઇ ગયાં હતાં. એકાંતમાં હું એ વસ્તુ પર કેટલો યે વિચાર કરતો. ધીમેધીમે દિવસરાત એ એક જ વસ્તુની વિચારણા મનમાં ચાલવા લાગી. બહારથી અત્યંત નીતિનિષ્ઠ અને પવિત્ર ગણાતો હું મનમાં અને મનો-રાજ્યમાં નરક સંઘરવા લાગ્યો.

જેમજેમ મન વધારે ને વધારે મેલું થતું ગયું તેમતેમ બહારની ઠાવકાઇ અને વિવેક વધવા લાગ્યાં. મારી પ્રતિષ્ઠામાં પણ ઉમેરો થયો. મેં ('The Good

Company') 'ધ ગુડ કંપની' નામનું એક મંડળ સ્થાપ્યું. એમાં અમે અનેક વિષયોની ચર્ચા કરતા, શિક્ષકોને બોલાવતા, પરોપકારની યોજનાઓ ઘડતા અને આત્મોન્નતિનું વાતાવરણ રચતા. અને એની સાથેસાથ મારું ગંદું મનોરાજ્ય પણ વધતું ચાલ્યું. એ કેમ શકય થાય છે એ માનસશાસ્ત્રનો સવાલ છે. પણ શકય છે એ તો મારો પોતાનો અનુભવ જ કહે છે.

પેલો વિદ્યાર્થી થોડા જ દિવસમાં નિશાળ છોડીને ઘેર બેઠો અને લાંચ ખાવાના અનેક માર્ગો શોધવા લાગ્યો. એને ભણવું તો હતું જ નહિ. નિશાળ છોડવી તો હતી જ; પણ એકાદ વરસ નિશાળમાં કાઢી નાખીએ એ વિચારે નિશાળમાં આવેલો. વરસદહાડો વહેલા નિશાળ છોડવાનું એને સૂઝત તો કેવું સારું થાત ! જાણે મારા દુર્ભાગ્યે જ એને એક વરસને માટે નિશાળમાં રાખેલો.

કાન મારફતે મનમાં મેલ રેડવો અને સંઘરવો એ સહેલી વાત છે; પણ ત્યાંથી એ ધોઇ કાઢવો એ લગભગ અશકય જેવું છે. આગળ જતાં અસાધારણ સારા સંજોગો મને ન મળ્યા હોત, અખંડ પ્રવાસ, દેશભક્તિની દીક્ષા, કૉલેજની કેળવણી અને શિક્ષક તરીકેની જવાબદારી—એટલી વસ્તુઓ મારી મદદે ન આવી હોત તો હું નથી ધારતો કે એ કુવિચારના પરિપોષમાંથી હું બચવા પામત.

જેને ભણવું નથી, શુભ સંસ્કારોની જેને કદર નથી, સમાજમાં હડકવા ફેલાવતાં જેમને શરમ નથી, તેવાઓને નિશાળે જવાની બુદ્ધિ ઇશ્વર ન આપે તો કેવું સારું ! શાળાઓ પણ આવા રખડેલ છોકરાઓને સંઘરવાની બેદરકારી ન બતાવે એટલી જવાબદારી એમના પર નથી શું ? બગડેલાને સુધારવા એ નિશાળનું એક કર્તવ્ય છે ખરું; પણ શિક્ષકોએ એવા છોકરાઓ ઓળખી કાઢવા જોઇએ. એમના હૃદય સુધી પ્રવેશ કરવો જોઇએ, આરોગ્યભવનમાં માંદાઓને રાખે તેમ એમને રાખવા જોઇએ, અને તેમના ચેપમાંથી મુગ્ધ જણાતા બાળકો બચી જાય એનો ઉપાય ન જડે તો યે એની ઇન્તેજારી તો રાખવી જ જોઇએ.

...ભાઇ ! તારું સ્મરણ મને આખો જન્મારો રહેશે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

દર મહીને ફોટોગ્રાફીની હરીફાઈ

શિખાઉ વિદ્યાર્થી ફોટોગ્રાફરો માટે એક નવી જ તક

હવેથી અમે 'કુમાર'માં માસેમાસની ફોટોગ્રાફીની હરીફાઇ દાખલ કરીએ છીએ. આ અંક બહાર પડવાની સાથે તે શરૂ થએલી ગણી લેવી. એને માટે તમે ગમે ત્યારે ફોટોગ્રાફો મોકલી શકો; એ રીતે દર મહીને આવેલા ફોટોગ્રાફોમાંથી જે હરીફાઇના ધોરણમાં યોગ્ય જણાશે તેને લાયકનું ઇનામ માસે માસે અપાયે જ જશે. ઇનામો દર મહીને રૂા. ૫ થી ૧૦ સુધીનાં વહેંચાશે. જે ફોટોગ્રાફો ચાલુ અંકની હરીફાઇમાં નહિ પહોંચે તેમને તે પછીના માસની હરીફાઇમાં સ્થાન મળી શકશે; એટલે એકેએક સારા ફોટોગ્રાફને તક તો મળવાની જ. લાયકાતવાળા ફોટોગ્રાફો અવારનવાર 'કુમાર'માં પ્રકટ પણ થશે. મોકલનારે નીચેના નિયમો પૂરેપૂરા પાળવા જોઈએ.

(૧) ધંધાર્થી (પ્રોફેશનલ) ફોટોગ્રાફો હરીફાઇમાં ઉતરી નહિ શકે.

(૨) હરીફાઈ માટેના ફોટોગ્રાફો પોસ્ટકાર્ડ સાઇઝથી મોટા હોવા ન જોઇએ.

(૩) બે થી વધારે ફોટોગ્રાફો એકી સાથે મોકલી શકાશે નહિ.

(૪) ફોટોગ્રાફો માઉન્ટ કે પૂઠા પર ચોડેલા હોવા ન જોઇએ.

(૫) દરેક ફોટોગ્રાફની પાછળ જ આટલી માહીતી લખેલી હોવી જોઇએ: (અ) વિષયનું નામ (બ) પાડનારનું નામ તથા પૂરૂં સરનામું (ક) તારીખ અને સ્થળ (ડ) ફોટોગ્રાફ વિષે કાંઈ હકીકત હોય તો તે અતિશય ટૂંકાણમાં.


(૬) ફોટો ગ્રાફો સાથે બીજી લાંબી હકીકતોના કે કાર્યાલયના બીજા ખાતાને લગતી વ્યવસ્થાના કોઇ પત્રો મોકલવા નહિ. ફોટોગ્રાફને લગતી માહિતી તો તેની પાછળ લખેલી જ હોય. ટૂંકામાં, ફોટોગ્રાફ સાથે બીજા પત્રો ન હોય.

(૭) જે કવરમાં ફોટોગ્રાફ મોકલો તેના ઉપલા ડાબા ખૂણા પર 'ફોટોગ્રાફી' એટલું લખેલું હોવું જોઇએ.

(૮) હરીફાઈ માટે મોકલેલા ફોટોગ્રાફ અગાઉ બીજે કયાંય પ્રકટ થયેલા હોવા ન જોઇએ.

(૯) ફોટોગ્રાફ ઉપર રંગ કરેલો હોવો ન જોઇએ.

(૧૦) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; અને હરીફાઈ માટે મળેલા ફોટોગ્રાફો પ્રકટ કરવાનો હક 'કુમાર કાર્યાલય'ને સ્વાધીન રહેશે.



દેશદેશનાં પ્રાણી-પક્ષીઓની ટિકિટો

આ અંકમાં બીજે સ્થળે આપેલો 'ટિકિટો સંઘરવાના શૉખ' વિષેનો લેખ વાંચ્યા પછી વળી આ ઉપરના ચિત્રમાં વધારે રસ પડશે. દેશદેશનાં પ્રાણીઓ તથા પક્ષીઓનાં ચિત્રો ધરાવતી જેટલી ટિકિટો આજ સુધી દુનિયામાં નીકળી છે તેનો સંગ્રહ 'બ્રિટિશ મ્યૂઝિયમ'ના 'નૅચરલ હિસ્ટરી'ના વિભાગમાં કરવામાં આવ્યો છે. હમણાં તો માત્ર એમાંથી બાવન જ પસંદ કરીને જાહેરમાં મૂકાઇ છે, જેમાંની ૪૬ ટિકિટો આ ઉપર બતાવી છે. એમાં પહેલી જ નૉર્વેની ટિકિટ ધ્રુવપ્રદેશના સફેદ રીંછની છે. તે ઉત્તર ધ્રુવના સાહસિક શોધક એમંડસનની ધ્રુવપ્રદેશની વિમાની સફરના સ્મરણાંક તરીકે ઇ.સ. ૧૯૨૫માં કાઢવામાં આવી હતી. આ બધી ટિકિટોનાં ચિત્ર, દેશ અને વરસની વિગત ક્રમવાર આ અંકની 'માધુકરી'માં આપી છે.



સાંચીના બુદ્ધ સ્તૂપનું પશ્ચિમ બાજુનું તોરણ

ભોપાળ રાજ્યના ભીલસા ગામે આવેલો આ સ્તૂપ ઇ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં બંધાયો હોવાનું મનાય છે. તેની આસપાસનો કઠેડો ત્યાર પછી ૨૫૦ વર્ષે અને તોરણો ઈ.સ. ના આરંભ નજીકમાં થયાં ગણાય છે. ચિત્રમાં અંદરના ભાગમાં સ્તૂપનો થોડો ભાગ ગોળાકારે દેખાય છે. તેની આસપાસના કઠેડાના ગાળાઓમાં સામે તથાં જમણી તરફ દૂર દેખાય છે તે પથ્થરનાં તોરણો સુંદર ભાસ્કર્યે (અર્ધ ઉપસેલા કોતરકામ)થી ખીચોખીચ ભરેલાં છે. સ્તૂપનો ઘેરાવો લંબગોળાકારે ૧૧૮ તથા ૧૨૫ ફૂટનો છે, અને જમીનથી તેની ઊંચાઇ ૫૫ ફૂટ છે. પથ્થરનો કઠેડો ૧૩૭ તથા ૧૫૦ ફૂટ લંબગોળમાં છે અને ચાર બાજુનાં તોરણદ્વારોમાંનું દરેક પંદર ફૂટ ઊંચું અને બબ્બે ચોરસફૂટના સ્તંભો ઉપર રચાએલું છે ઈ.સ. ૧૮૬૮માં આ સ્તૂપનાં ત્રણ તોરણદ્વારોની પ્લાસ્ટરની નકલો ઉતારીને પારીસ એડિનબરો અને લંડનનાં મ્યૂઝિયમોમાં મોકલાઇ છે.

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય

'ગીતસુત્રા' પછીની, જીવનના રસાસ્વાદના પ્રસંગોની એવી જ આ બીજી લેખમાળામાં ડૉ. હરિપ્રસાદ, પોતે ભારતનાં પ્રાચીન અને અર્વાચીન શિલ્પ-સ્થાપત્યમાંથી જે જ્ઞાન અને આનંદનું રસપાન કર્યું છે તે આલેખે છે. ડૉ. હરિપ્રસાદની લખાવટમાં હમેશાં સામાન્ય જનતાનું દૃષ્ટિબિંદુ બરોબર રજુ થાય છે. આ લેખમાં તેઓ કળામિમાંસક કે ઉપાસક તરીકે નહિ, પણ સ્વપ્રયાસ ને સ્વાનુભવજન્ય ઊર્મિઓ દ્વારા કળાનાં પ્રતિબિંબ મનુષ્યના ચિત્તમાં કેવાં પડે છે તેનો હૂબહૂ ખ્યાલ આપે છે. તેમના લેખથી એક વાત સ્પષ્ટ થાય છે કે કળાનો રસ માણવાને લાગણીભર્યું હૃદય ને નિખાલસતા હોય તો કળા કોઇ અગમ્ય કે અભેદ્ય તત્ત્વ નથી. કુદરતની પેઠે જ કળા સૌકોઇને સુખશાંતિના આસ્વાદ કરાવી શકે છે.—તંત્રી

કર્ણે એક વરદાન માગ્યું હતુંઃ કે મને કુંવારી જમીનમાં અગ્નિદાહ કરજો. પરંતુ એક પ્રેત સૂઈ શકે એટલી પણ જમીન કુંવારી તે વખતે મળી નહોતી. કુંવારી એટલે જેના પર કોઇની રાજ્યસત્તા ચાલી ન હોય એવી. હિંદુસ્તાનમાં ભાગ્યેજ કોઇ પ્રાંત એવો હશે કે જ્યાં ભૂતકાળની સંસ્કૃતિના અવશેષો નીકળ્યાં ન હોય.

પૃથ્વી પર, ઇતિહાસ લખાયો છે તેના પણ પૂર્વ યુગોમાં ઘણી સંસ્કૃતિઓ અને ઘણાં રાજ્યો થઇ ગયાં છે! આર્ય પ્રજા હિંદુસ્તાનમાં ક્યારે આવી તેની ચોક્કસ ખબર હજી શોધકોને પડી નથી. ૩૦૦૦ કે બહુબહુ તો ૫૦૦૦ વર્ષથી વધારે ઊંડી, ઇતિહાસવેત્તાઓની નજર, પ્રમાણ આપી શકાય એવી ખાતરીથી જઇ શકતી નથી.


સિંધુ નદીને કિનારે રહેતી પ્રજા હિંદુ કહેવાઇ એ વાત પ્રસિદ્ધ છે. સિંધુને કિનારે આર્ય પ્રજા રહેતી થઇ તે પહેલાં પણ ત્યાં આર્ય પહેલાંની કોઇ સુધરેલી પ્રજા રહેતી હતી.

મોહેં જો ડેરો અને હરાપ્પા પાસે થઇને સિંધુ એક સમયે વહેતી હતી તે સમયનાં તેના કિનારા ઉપરનાં પ્રાચીન શહેરોના અવશેષો હમણાં જ જડ્યા છે. સિંધુએ એમ પોતાના પ્રવાહ અનેક વખત બદલ્યા છે અને હજી હમણાં જ સિંધમાં રેલે નુકસાન કર્યું એવાં ભયંકર નુકસાન એણે ઘણી વાર કર્યાં છે. ઇ.સ. પૂર્વે ૩૦૦૦ એટલે આજથી ૫૦૦૦ વર્ષની ચોક્કસ ખબર આ અવશેષોમાંથી મળી છે. એમ લાગે છે કે એ પ્રજા દ્રાવીડ પ્રજા હોય અથવા દ્રાવીડથી પણ પહેલાંની હોય. દસ્યુ નામથી આર્ય પ્રજા જેમને ઓળખતી તે આ પ્રજા હશે. એ પ્રજા ચિત્રલિપિમાં લખવાની કળા જાણતી અને એનો આસીરિયા તથા ઇજીપ્ત સાથે સંબંધ હોય એમ લાગે છે.

આ સ્થાનોની મૂળ શોધ કરનાર સ્વ. રાખાલદાસ બંદોપાધ્યાય (બૅનરજી) અમને દાર્જિલિંગમાં મળ્યા હતા. એમણે હરાપ્પા અને મોહેં જો ડેરોના અવશેષો (વાસણ, ઘરેણાં, હથિયાર, રાચરચીલાં) ખૂબ પ્રમાણમાં એકઠા કર્યા હતા. મુંબાઇ ઇલાકામાં જ એ સ્થળ આવેલું હોવાથી તે મુંબાઇના સંગ્રહસ્થાનમાં મૂકવા એમણે માગણી કરેલી. પણ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમના સંચાલકોએ 'અમારે ત્યાં જગ્યા નથી'



મોહેં જો ડેરોના ખંડિયેરો આગળથી મળેલું આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વેનું શિલ્પ



સાંચીનો બુદ્ધ સ્તૂપ

એમ કહી, આવો અમૂલ્ય સંગ્રહ લેવાની ના પાડી, તેથી તે બધો સંગ્રહ હાલ કલકત્તાના મ્યૂઝિયમમાં રાખવામાં આવ્યો છે. એ વસ્તુઓથી આખો મોટો ખંડ ભરાયો છે ને જગતના ઇતિહાસપ્રેમીઓને એ અતિશય આકર્ષક નીવડ્યો છે.

એ આપણાં જૂનામાં જૂનાં સ્મૃતિચિહ્નો. એ પરથી ઇ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષો પરની હિંદની સ્થિતિનો ખ્યાલ આવે છે.

ત્યાર પછી ૨૭૦૦ વર્ષનો ગાળો પડે છે, અને છેક ઈ. સ. પૂર્વે ૩૦૦ની સાલ પર આપણે આવવું પડે છે. ભોપાળ પાસે આવેલા સાંચી અને ભારતના સ્તૂપો, એ સમયની બૌધ ધર્મની જાહોજલાલીનો ખ્યાલ આપે છે. મોહેં જો ડેરોના અવશેષો અને સાંચીના સ્તૂપની વચ્ચેની ઇતિહાસની સાંકળના અંકોડા હાથ લાગ્યા નથી. અશોકના શિલાલેખો, તક્ષશિલા નાલંદ તથા પાટલીપુત્ર, એ બધાં લગભગ સાંચીની આસપાસના સમયનાં છે.

સાંચીના સ્તૂપો જોવાલાયક છે. ત્યાં ઈ. સ. પૂર્વે ૩૦૦થી ઇ. સ. ૪૦૦ સુધીનાં—એટલે કે ૭૦૦ વર્ષના ગાળાનાં શિલ્પકળાનાં ઉત્તમ કામોના નમૂના છે. સ્તૂપોની આસપાસ ચારચાર દરવાજા છે અને એ દરવાજાઓને ફરતી પથ્થરની પાળ છે. દરવાજાઓ ઉપર બુદ્ધ ભગવાનના જીવનને લગતા પ્રસગો કોતરી કાઢ્યા છે અને બુદ્ધના પૂર્વજીવનની—જાતકમાળાની કથાઓની કથાઓ હારબંધ પથ્થર પર ભાસ્કર્યમાં (અરધી ઉપસેલી) કોતરેલી છે.

મહારાજા અશોકનું યાત્રાએ આવવું, દૂરદૂરના મહારાજાઓનાં સરઘસ, માયાદેવીનો પ્રસવ, બુદ્ધનો ગૃહત્યાગ, એમના નિર્વાણનો દેખાવ, ભગવાન બુદ્ધના અવસાન–અવશેષની રાખ માટે થએલી લડાઇ, ઇત્યાદિ પ્રસંગો બહુ કુશળતાથી કોતરેલા છે. વૃક્ષ ઉપર એક સ્ત્રીની મૂર્તિ છે એ સુંદર છે. ત્યાં કમળ અને હાથીઓ પણ ખૂબ છે; અને સૌથી વધારે સરસ કોતરણી તો * વિદિશા નગરીના હાથીદાંત પર કોતરણી કરનારાઓએ જે ભાગ કોતરી આપ્યા છે તે છે. એઓ રૂપકામ કરનારા કહેવાતા.


સ્તૂપની પાસે જ અશોકનો સિંહોવાળો કીર્તિસ્તંભ પડ્યો છે અને એની પાછળ મઠ તથા વિહારનાં ખંડેરો છે. અશોકનો એક એવો જ બીજો સ્તંભ અલ્લાહાબાદમાં ત્રિવેણીસંગમ પર કિલ્લામાં, સારી હાલતમાં છે. એ લશ્કરી પહેરાવાળાની રજાથી જોવા જઇ શકાય છે. યાત્રા અર્થે જનારે પણ જરૂર એ જોવો જોઇએ.

સ્તૂપની જમણી બાજુએ ભોપાળનાં મ. બેગમ સાહેબે રાજ્યને ખર્ચે એક સુંદર સંગ્રહસ્થાન બનાવ્યું છે. ત્યાં ગુપ્ત સમયની બુદ્ધ ભગવાનની ધ્યાની મૂર્તિ છે. બીજી પણ ઘણી મૂર્તિઓ તથા એ સ્થળેથી જડેલી અનેક વસ્તુઓ બહુ સંભાળપૂર્વક ત્યાં રાખવામાં આવીછે.



ગયાજીમાંનું ગુપ્ત સમયનું બુદ્ધ-મંદિર

* વિદિશા એ ઉજ્જન પહેલાંની માળવાની રાજધાનીનું શહેર હતું.



સાંચીના સ્તૂપનાં પથ્થરનાં તોરણદ્વાર પરનું ભાસ્કર્ય : જેમાં ભગવાન બુદ્ધના જીવન-પ્રસંગો, તેમના પૂર્વ જન્મની કથાઓ તથા બીજા મંગલ સુશોભનો કોતરેલાં છે.

હિંદે ચિત્રવિદ્યામાં જગતને જેમ અજંતાની ભેટ ધરી છે તેમ પ્રાચીનકાળની શિલ્પવિદ્યાની ભેટ સાંચી મારફતે એણે આપી છે. સાંચીની સુરૂચી, શાસ્ત્રીય આવડત અને ભક્તિભાવ અપાર છે.

ધ્યાની બુદ્ધની મૂર્તિ, એ જ માત્ર ગુપ્ત સમયનો અનુપમ વારસો ગણી શકાય. એ જ સમયની એવી મૂર્તિ ગયાજીમાં બોધિવૃક્ષ તળે—પવિત્ર પીપળા નીચે બેઠેલી છે.

મને પ્રેરતા તારકવૃંદ! આ હું આવ્યો રે,
દુ:ખડૂબ્યાં ઓ જગજન! આ હું આવ્યો રે;
તમ કાજ તજું મુજ રાજ્ય, સુખો બહુવિધનાં રે,
રાજ મંદિર, સુખમય સાજ, રજનીદિન સુખનાં રે.
(નરસિંહરાવ)

એ મુજબ પ્રતિજ્ઞા કરીને ગૌતમ ગૃહત્યાગ કરે છે એ વખતનાં શિલ્પ ત્યાં છે. એના ઘોડાનાં પગલાં કોઇ સાંભળે નહિ માટે દેવો પોતાના હાથ પર એ પગલાં ઝીલી લેતા એમાં બતાવ્યા છે. એ પોતાના વાળ કાપી નાખે છે તે વાળ સ્વર્ગમાં લઇ જવા એક દેવ આવેલા છે. પછી જ્યારે ગૌતમ દેહકષ્ટ કરે છે તેનો દેખાવ પણ કોતરેલો છે. કર્મના નિયમની એ શોધ કરે છે અને દુ:ખમાંથી મુક્ત થવાનો સાચો માર્ગ કર્મના વિષયો પર કાબુ મેળવવાનો છે એમ એને જ્યારે સૂઝે છે ત્યારે એની ખાતરી થાય છે કે દુ:ખના નિવારણનો ખરો માર્ગ મને જડયો છે. પરમેશ્વર હોય તો પણ તે માણસ પોતે જ્યાં સુધી સ્વાશ્રયી ન બને ત્યાં સુધી તેને સહાય આપે એમ નથી, દેવો કે યજ્ઞો પણ એમને કામ આવશે નહિ, એમ એનો નિશ્ચય થાય છે. એટલે, મનુષ્યોએ પોતાનાં દુ:ખ દૂર કરવા પોતાની જાત ઉપર જ આધાર રાખવાનો છે એમ ઠરે છે. પરંતુ ધર્મનું આ વ્યાપક

સ્વરૂપ સમજતાં એને આઠ વર્ષ લાગે છે. જ્યારે ખરી વસ્તુસ્થિતિ એને સમજવાની તૈયારી થાય છે તે વખતે બૌદ્ધધર્મનો સેતાન—માર—એને લલચાવવા આવ્યો છે એવી કથા છે. દેહના દોષો એને સતાવે છે, પાપવાસનાઓ પાછી એને ઘેરી વળે છે, એનાં પણ અલંકારિક ભાસ્કર્ય સાંચીનાં પથ્થરનાં તોરણો પર કોતરેલાં છે. લોભ, કામ, મોહ, ભોગવિલાસની તૃષ્ણાઓ ઇત્યાદિ જાણે સ્ત્રીઓ બનીને એની આસપાસ ફરી વળે છે. મારની એ આખી સેના બુદ્ધને પોતાના નિશ્ચયમાંથી ડગાવવા એને ઘેરી વળે છે. મતલબ કે ધર્મચક્રપરિવર્તન કરવા પોતે જીવનભરનો સંન્યાસ લઇ જનસમાજમાં પરિવ્રજ્યા કરી પ્રચલિત વહેમો અને ખોટી માન્યતાઓમાંથી લોકોને ખરો માર્ગ દર્શાવવા નિશ્ચય કરે છે તે વખતે સંસારના ભોગવિલાસ એને સાંભરે છે, પરંતુ બહુ દૃઢતાથી એ બધાં પ્રલોભનોને તે દૂર કરે છે અને મારને હારીને નાસી જવું પડે છે.

આવા પરમ યોગીને આત્માની બધી શક્તિઓ એકત્રિત કરવી પડે છે અને એને પોતાનામાં રહેલો મહા બળવાન આત્મા અનુભવવા, જેમ ગુપ્ત સમયમાં કોતરાએલી ધ્યાની બુદ્ધની મૂર્તિઓમાં સ્થિતિ બતાવવામાં આવી છે એમ, એકાગ્રતા સાધવી પડે છે; ધર્મબળ મેળવવાનો ભારતવર્ષનો એ અસલથી આદર્શ છે. ઉપનિષદોમાં એનું વર્ણન આ પ્રમાણે છે:

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुनाश्रुतेन
यमेवैष वृणुते ते न लभ्य
स्तस्यैष आत्मा विवृणुते त न्ूस्वाम्

[આ આત્મા વેદોના અધ્યયનથી પ્રાપ્ત થતો નથી. બુદ્ધિની ઝીણવટથી કે પુષ્કળ શ્રવણથી (એટલે અનેક વિષયોની માહિતી હોવાથી) પ્રાપ્ત થતો નથી. પણ જે આ આત્માને જ વરે છે (એટલેકે એની જ પ્રાપ્તિ વાંછે છે) તેને જ તેની પ્રાપ્તિ થાય છે; તેને જ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.]

न पश्यो मृत्युं पश्यति, न रोगं, न उत दुःखताम्
सर्वं ह पश्यः पश्यति, सर्वम् आप्नोति सर्वशः इति ॥

(આત્મદર્શી મૃત્યુને દેખતો નથી, રોગને દેખતો નથી અથવા દુઃખને દેખતો નથી. નક્કી આત્મદર્શી સર્વરૂપ આત્માને જ બધે દેખે છે. એ આત્મરૂપ થઇ સર્વરૂપ આત્માને પ્રાપ્ત થાય છે.)

ઉપર મુજબ શ્રુતિવચનો છે. પરંતુ આ શ્લોકો વાંચ્યા છતાં એનો ભાવાર્થ ન સમજાતો હોય તો ભગવાન બુદ્ધની એ પ્રશાન્ત, એકાગ્ર, ગંભીર મૂર્તિ જુઓ એટલે તરત સમજાશે કે ધર્મનું મહાન પરિવર્તન કરી આખી પૃથ્વીભરમાં એ પોતાનો ધર્મ કેમ ફેલાવી શક્યા.

ગયાજીમાં બોધિવૃક્ષ તળે અને સાંચીના સંગ્રહસ્થાનમાં ઉપર વર્ણવેલી જે ગુપ્ત સમયની મૂર્તિઓ છે તે જગતભરની શિલ્પકલાને હિંદની અમૂલ્ય ભેટ છે. એમાં ભાવનાત્મક અવ્યક્ત આદર્શોને શિલ્પીઓએ પ્રત્યક્ષ વ્યક્ત કરી બતાવ્યા છે! વિવેચકો કહે છે કે જડ પથ્થર દ્વારા આટલું બધું દર્શાવવું એ જેવુંતેવું કામ નથી.

ગયાજીમાં ભગવાન બુદ્ધને જ્ઞાન થયું હતું. ગૌતમ, 'બુદ્ધ'પદને ત્યાં પામ્યા હતા. એ સ્થળે એક મંદિર પણ (ગુપ્ત સમય)નું છે. મંદિર જુદી જ જાતનું છે એમાં ગુફાઓ અને શિખર બંનેનું મિશ્રણ થયું છે. એ મંદિરની અંદરની મૂર્તિ પણ ભવ્ય અને પ્રતાપી છે!

ગયાજીની મહાસભા વખતે હું ત્યાં ગયો હતો. એ સ્થળનાં દર્શન મેં બહુ ભાવથી કરેલાં. વળી તે જ વખતે બ્રહ્મદેશથી કેટલાંક બ્રહ્મી સ્ત્રીપુરુષો ત્યાં યાત્રા અર્થે આવેલાં. મોટીમોટી મીણબત્તીઓ સળગાવીને બોધિવૃક્ષ તળે મૂકીને ઉચ્ચ સ્વરે તેઓ પાલિ ભાષામાં ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં. એ અનુભવીને મને લાગ્યું કે બુદ્ધધર્મ ખરેખર જીવંત છે. અને તે વખતે પશ્ચિમમાં અસ્ત પામતા સૂર્યના લાલ રંગો થયા હતા છતાં ભારતવર્ષના ધર્મસંદેશનો અસ્ત નથી જ થવાનો એમ મારી એ સ્થળે ખાતરી થઇ હતી.-

(ચાલુ) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

વિજ્ઞાનનો વિકાસ



‘લોહીતરસ્યો યુદ્ધધર્મ’

મહાભારતનું યુદ્ધ પૂરૂં થયાને એક મહિનો વીતી ગયો છે. ગંગાના કિનારા ઉપર ઋષિ-મુનિઓની અને રહ્યાસહ્યા યોદ્ધાઓની સભા ભરાઇ છે. એક તરફ કુંતી, દ્રૌપદી, સુભદ્રા વગેરે સ્ત્રીઓ બેઠી છે; બીજી તરફ અર્જુન, ભીમ, સાત્યકી, કૃષ્ણ, યુયુત્સુ, નકુળ, સહદેવ સૌ આવ્યા છે. સભામાં ગંગાનાં નીરજેવી ગંભીરતા ફેલાઇ ગઇ છે. મહારાજ યુદ્ધિષ્ઠિરનું મોં ગહન વિષાદની ઘેરી છાયાથી ઝાંખું બની રહ્યું છે નીચાં નેત્ર ઢાળીને તે શાંત અને સ્વસ્થ બેઠેલા દેખાય છે ખરા, પરંતુ તેમના અંતઃકરણનો અગ્નિ તેમને નખશિખ બાળી રહ્યો છે. તે બોલતા નથી, કારણકે શબ્દ બોલીને પણ અંતઃકરણનો ભાર હળવો કરવો, એ તેમને પાપના પ્રાયશ્ચિત્તમાં વિઘ્નરૂપ જણાય છે. અને આ પાપ પણ કાંઇ જેવુંતેવું હતું !—પિતૃહત્યા, ગુરુહત્યા, બંધુહત્યા, પુત્રહત્યા,—કઇ હત્યા તેમાં નહોતી ? આ લોહીતરસ્યો ભયંકર યુદ્ધધર્મ તેમને ચારે તરફથી તીક્ષ્ણ બાણોની માફક વીંધી રહ્યો હતો.

નારદજીએ આ ગંભીર શાંતિને તોડવાની પહેલ કરી: ‘યુધિષ્ઠિર! ધર્મથી તમે જીતેલી પૃથ્વી હવે તમારૂં રક્ષણ માગી રહી છે. હસ્તિનાપુરમાં પ્રજાજનો તમારી રાહ જુએ છે. આવતી કાલે જ પ્રયાણની તૈયારી કરો. મુહૂર્ત પણ ઉત્તમ છે.’ ઉત્તરમાં જરાક ફિક્કું હાસ્ય અને એક ઉષ્ણ નિઃશ્વાસ સંભળાયાં.

‘હા, હવે યુદ્ધ પૂરૂં થયું. મહારાજ યુધિષ્ઠિરને ધર્મથી વિજય મળ્યો. શ્રાદ્ધાદિક ક્રિયાથી પણ પરવાર્યા. ભગવતી ગંગાના તટ પર ઠંડીની ચમકારી પણ જામતી આવે છે. વળી કાલનું મુહૂર્ત ઉત્તમ છે.’ એક બીજા આશ્રિત બ્રાહ્મણે કહ્યું અને તેણે શ્રી કૃષ્ણ સામે જોયું.

પણ કૃષ્ણ શાના બોલે ? યુધિષ્ઠિરના હાડોહાડમાં વ્યાપી ગએલો ક્ષત્રિયધર્મ પ્રત્યેનો ધિક્કાર આવી વાતોથી કાંઈ ટળે ? એની શી માત્રા છે તેનો જ કૃષ્ણ તો વિચાર કરી રહ્યા હતા.

એટલામાં યુધિષ્ઠિર બોલ્યા: ‘મુનિવરો! માફ કરજો. પણ “ધર્મથી મળેલો વિજય” એ તમારાં વચને તો મારા મર્મ છેદી નાખ્યા છે. કર્ણનું બાણ પણ આટલું મર્મચ્છેદી ન હતું.’

યુધિષ્ઠિરની આંખમાંથી દેખાય તેવડાં બે મોટાં આંસુ ખરી પડ્યાં. મહારથી કર્ણનું સ્મરણ થતાં, પુરુષાતનની પ્રતિમા જેવો, કૌરવસભાને બેદરકારી-ભરેલા અટ્ટહાસ્યથી ગજવનારો, પાંચે પાંડવને પાંચ આંગળી જેવા ગણનારો, અભિમાની અને અવિવેકી પણ અડગ ઉદાર અને સ્વાવલંબી કર્ણ તેમની સમક્ષ ખડો થઈ ગયો. તેમની ભીની આંખ ગંગાનો તટ માપીને પાછી ફરી, ત્યારે સ્ત્રીસભામાં બેઠેલાં કુંતી ઉપર એક ક્ષણભર ટકી. બોલ્યા વિના જ જાણે કુંતીમા યુધિષ્ઠિરનો ઠપકો સમજી ગયાં. તેમનું મન ગભરાઇ ગયું, મોં પડી ગયું, આંખો પૃથ્વી પર ઢળી ગઇ અને બીકણ સસલીની માફક તે ધ્રૂજવા લાગ્યાં. પણ બીજી જ ક્ષણે તેમણે શ્રી કૃષ્ણનો ખોંખારો સાંભળ્યો, અને તેમને જરાક હિંમત આવી.

‘આ અર્જુને અને અમે કર્ણને માર્યો,—અમારા જ ભાઇને. હવે અમે શું મોં લઇને ભાઇના લોહીથી નીંગળતી રાજલક્ષ્મી ભોગવીએ ? સિંહાસન ઉપર તો મખમલના લાલ ગાલીચાને બદલે વડીલ બંધુ નર-સિંહ કર્ણના લોહીની પથારી પડી છે.’ યુધિષ્ઠિર બોલવા લાગ્યા: ‘રાજમુકુટમાં હીરાને ઠેકાણે અમારા કલંકના અંગારા દેખાય છે. જેણે ખોળામાં રમાડ્યા,

ઉછેર્યા ને મોટા કર્યા, તે ભીષ્મ તો હજી લોહીનીતરતી શય્યામાં સૂતા છે. "नरो वा कुंजरो वा" જેવાં અસત્ય વેણ વદીને ગુરુ દ્રોણને હણ્યા. અને એ ભયંકર વિશ્વાસઘાતે તો દ્રૌપદીને પુત્રહીન બનાવી દીધી. મને આ વિજય લાગતો નથી. આના કરતાં પરાજયમાં વધારે શું થવાનું હતું? લોહીથી છંટાએલી ભૂમિ ઉપર મારે રાજ કરવું નથી, અને લોહીથી ખરડાએલા વૈભવો પણ મારે ભોગવવા નથી. હું તો અનશન વ્રત કરી ગંગાના કિનારા ઉપર મારો દેહ છોડું એમાં જ મારું શ્રેય છે. તમે સૌ હસ્તિનાપુર જાઓ અને અર્જુનનો રાજ્યાભિષેક કરો. હું મારો દેહ આ સ્થળે જ પાડવાનો છું.'

યુધિષ્ઠિરનાં વચન સાંભળી સૌનાં મોં સિવાઇ ગયાં. ખરી વાત હતી કે પાંડવો વિજય પામ્યા હતા; પણ એ વિજય પરાજય જેવો જ હતો. વિજય ભોગવવાનો ઉત્સાહ ઓસરી ગયો હતો; વિજયનો ગર્વ ગળી ગયો હતો; વિજયનો આનંદ ઊડી ગયો હતો. જેમની હાજરીથી હસ્તિનાપુર ભર્યુંભર્યું લાગતું, જેમના ઘોડાના થનથનાટથી હસ્તિનાપુર ગાજી ઊઠતું, જેમના વાતાવરણથી જ વસ્તુમાં રંગ આવતો, તે મહારથી કર્ણ, દુર્યોધન, દુઃશાસન સૌ રણભૂમિમાં પડ્યા હતા; ગુરુ દ્રોણ અને પિતામહ ગયા હતા; ધૃષ્ટદ્યુમ્ન, દ્રુપદ, વિરાટ કોઇ ન હતા. સોળ વર્ષનો અભિમન્યુ, જેને જોઇને સૌની આંખ ઠરતી તે પણ ક્યાં હતો? સંહાર એવો ભયંકર હતો કે વિજય અથવા પરાજય જોવાને બદલે યુધિષ્ઠિર માત્ર કુલક્ષય જોઇ રહ્યા હતા.

અર્જુન જરાક ઊંચો થયો; પાસેની તલવાર સરખી મૂકી; એક ખોંખારો ખાધો અને યુધિષ્ઠિરની સામે જોઇને બોલી ઊઠ્યો: 'મહારાજ! આપણે કઇ સજ્જનતા બતાવી નથી કે આજે તમે યુદ્ધના પરિણામ ઉપર અશ્રુપાત કરો છો? આપણે આર્ય સુજનતા * બતાવી. દુર્યોધનને સમજાવ્યો, વીનવણી કરી, અપમાન સહી લીધાં, થાય તે સઘળું કર્યું. સમાધાનીની છેલ્લામાં છેલ્લી તકને ઝડપવાને આપણે તૈયાર જ હતા. પરંતુ જ્યારે સ્વમાનભરી સમાધાની થવાનો સંભવ જ ન રહે ત્યારે ક્ષત્રિયનો ચોખ્ખો ધર્મ છે કે કાપવું અથવા કપાઈ જવું; શત્રુને હણી નાખવો અથવા હણાઇ જવું. આપણે ક્ષત્રિયધર્મ જ પાળ્યો છે!'

પ્રશંસાભરેલી અનેક આંખો અર્જુન તરફ ફરી. કુરુક્ષેત્ર ઉપર પોતે સમજાવેલો ક્ષત્રિયધર્મ અર્જુનને બરાબર સમજાઈ ગયો છે એ જોઇને શ્રીકૃષ્ણનાં નેત્ર પણ હસી રહ્યાં. હવે યુધિષ્ઠિર શો જવાબ આપે છે તેની જ સૌ રાહ જોતાં હતાં. એટલામાં કુંતી માતા બોલી ઊઠ્યાં: 'યુધિષ્ઠિર! કર્ણને માટે તને આટલો બધો શોક થાય છે; પણ કર્ણને સમજાવવામાં અમે બાકી રાખી નથી. એ વીર પુરુષ હતો અને એનું વીર મૃત્યુ થયું છે એમાં હવે શોક શાનો? કર્ણે યુદ્ધની અગાઉ સ્પષ્ટ કહ્યું હતું કે હું રણક્ષેત્ર ઉપર હવે દુર્યોધનનો ત્યાગ કરું તો અનાર્ય, ક્રૂર ને કૃતઘ્ની બનું.'

યુધિષ્ઠિર બોલ્યા: 'પણ મા! જેને જીવનભર "તું નીચ કુળનો છે" એવાં મેણાંથી વીંધી રહ્યા હતા, જેણે એકાંતમાં "મારી મા—મારી મા કોણ હશે?" એમ હૃદયફાટ રુદન કર્યું હતું, જેણે એક પણ અકસ્માત અને વિધિનો એક પણ અક્ષર પોતા માટે કદિ ઇચ્છ્યો જ ન હતો, અને જેણે "પુરુષાર્થ"ની જ ધૂન નિરંતર મચાવી હતી, તે કર્ણ અમારો વડીલ ભાઇ છે એટલી ખબરથી જ આ ભયંકર સંહાર અટકી પડત, એ વિચાર જ્યારેજ્યારે મને આવે છે ત્યારેત્યારે મારો શોક મને બાળીને ભસ્મ કરી નાખે છે. તમે માત્ર એટલું જ જણાવી દીધું હોત! પેલા પરીક્ષાના દિવસે અર્જુનના સમોવડીઆ કર્ણને જોઇને તમે એટલું જ બોલ્યાં હોત કે એ પણ મારો પુત્ર છે, તો કેટલો બધો વિનાશ અટકી પડત! જ્યારેજ્યારે હું કર્ણનાં ચરણ જોતો ત્યારેત્યારે એ ચરણ મને તમારા જેવાં જ લાગતાં હતાં. મને ઘણીવાર થઇ આવતું કે તમને પૂછું; પણ એ પૂછવાનું રહી જતું. તમે કહેવાનું કહ્યું નહિ. આટલી સાદી સમજણ વાપરતાં જે સંહાર અટકી શકત તેનો વિચાર તો કરો! એક નાના બાળકને તમે તજ્યું હશે,—કોઇ ઘોર અંધારી રાતે. એના એક જ ઉષ્ણ નિઃશ્વાસથી આ કુરુકુળ હતું ન હતું થઈ ગયું!'

'પણ મોટા ભાઈ! આજ હવે એનું શું છે? તમે જ વિચાર કરો ને, કે તમે જુગાર રમવા બેઠા ન હોત, તમે દ્રૌપદીને હોડમાં મૂકી ન હોત, તમે

---

* 'આર્ય સુજનતા દૈન્ય ગણી તો યુદ્ધ એ જ યુગધર્મ'
—કવિ નાનાલાલ

વારંવાર ભૂલ કરી તે કરી ન હોત, તો આ યુદ્ધનો જન્મ જ થાત ખરો? હવે તો તમે જે ભૂલો કરી છે તેનું પ્રાયશ્ચિત્ત કરવા માટે રાજલક્ષ્મી સ્વીકારો, એટલે ખાઇપીને અમે યુદ્ધનો થાક ઉતારીએ.'

બોલનાર ભીમ હતો. એનાં કડવાં પણ સાચાં વેણ-થી યુધિષ્ઠિરનું મોં લેવાઇ ગયું. એનાં મશ્કરીભર્યાં વચનથી સભા પણ સ્તબ્ધ બની તેની સામે જોઇ રહી.

'મારે લીધે તમે આટલું સહન કર્યું છે અને આ સંહારના મૂળમાં પણ હું જ છું એ ભયંકર દોષનું પ્રાયશ્ચિત્ત કરવા તો હું અહીં દેહ ગાળવાનો નિશ્ચય કરૂં છું. તમે જાઓ, રાજલક્ષ્મી ભોગવો, આનંદ કરો, પણ મને જે તીવ્ર વેદના થઇ રહી છે એ વેદના તો માત્ર મારા મરણથી જ શાંત થશે.'

બધાને સંવાદ પર ને ચર્ચા પર ચડેલા જોઇ શ્રીકૃષ્ણ જરાક મૂછમાં હસ્યા. યુધિષ્ઠિરનો સ્વભાવ તે બરાબર ઓળખી ગયા હતા. અત્યારે એના અંતઃ-કરણમાં કુરુકુળનો ક્ષય શલ્યની પેઠે સાલતો હતો.

'મહારાજ! હવે તો નરશાર્દૂલ જ બનો. તમારા ભાઇઓએ પરાક્રમ કરીને પૃથ્વી મેળવી છે તેને ભોગવો. હવે તમારી મૂર્ખાઇથી હાથ આવેલી રાજલક્ષ્મી ઠેલશો તો દુનિયા તમારી હાંસી કરશે. તમારી હાંસી દર વખત થતી આવી છે. જુગાર રમ્યા તો તેમાં હાર્યા; કૌરવોને હાથે અન્યાય પામ્યા ત્યારે સહન કર્યું; યુદ્ધ કર્યું ને જીત્યા તો સંન્યાસી થયા. આમાં તો મહા-રાજ, તમારી મશ્કરી થાય છે.'

દ્રૌપદીએ તક જોઇને બરાબર ઘા માર્યો. 'રાજ-લક્ષ્મીની આવી મશ્કરી કરવી તમને છાજતી નથી. રાજલક્ષ્મી તમારા પુરુષાર્થને વરી છે, તો હવે એનો સદુપયોગ કરો.'

પણ યુધિષ્ઠિરનું ચિત્ત તો ધીમેધીમે વધારે ને વધારે ત્યાગ તરફ ધપતું હતું. તેને શૂન્ય જેવા હસ્તિ-નાપુરમાં પ્રવેશ કરવાની ઇચ્છા નહોતી.

સૌને શાંત થએલા જોઇ શ્રીકૃષ્ણે કહ્યું: 'રાજન્! તમને જનસમૂહથી ખળભળાટ પામતું યુદ્ધક્ષેત્ર અત્યારે સાંભરતું હશે. કેટલા બધા હણાઇ ગયા અને પૃથ્વી કેવી શૂન્ય થઈ ગઇ એ સાંભરે છે?—ગુરુ દ્રોણ, ભીષ્મ, કર્ણ, દુર્યોધન, દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ એ સૌ વીર પુરુષો સાંભરે છે કાં? પણ રાજન્! આ પૃથ્વીએ તો એવા અનેક વીર પુરુષો જોઇ કાઢ્યા છે અને હજી એવા અનેક જોઇ કાઢશે. આ પૃથ્વીને આવું પરાક્રમ, આવા પુરુષો કે આવું યુદ્ધ એ કાંઇ નવી વાત નથી. તમારો અર્જુન કે તમારો કર્ણ, એ વિશ્વસંકલનાના હિસાબે એક બિંદુ માત્ર પણ નથી. એમના જવાથી વિશ્વની એક પણ કડી ખંડિત થવાની નથી. એટલે તો તમે જે ગયા તેનો શોક છોડી દો. તમે જે યુદ્ધ કર્યું તે ધર્મયુદ્ધ હતું. તમે યુદ્ધ ન કર્યું હોત તો તેથી તમારી મહત્તા વધવાની તો નહોતી જ. મહારાજ! સંસાર અને સંગ્રામ એકસરખાં છે. મનુષ્યે કર્તવ્ય સ્વીકાર્યું છે તે કર્તવ્ય જો તે બરાબર જાણે તો તે સંગ્રામ જીતી ગયો. સંગ્રામના જયપરા-જયથી વ્યક્તિનો જયપરાજય માપી શકાય જ નહિ. જે મનુષ્યે કરવાયોગ્ય સઘળું કર્યું તે આખી લડાઇ ખતમ થઇ જાય ને તેના પક્ષના સૌ ખપી જાય, છતાં જીત્યો જ કહેવાય.'

યુધિષ્ઠિરના અંતઃકરણમાં કાંઇક અજવાળું થતું હોય તેમ લાગ્યું. અત્યાર સુધી આ સંહારધર્મનો સઘળો ભાર પોતે એકલા જ વેઠી રહ્યા હતા તેમાં કાંઇક ભૂલ થતી લાગી. પોતાને આછુંઆછું કાંઇક સમજાયું કે હસ્તિનાપુરના ભવ્ય વીર પુરુષો વૃદ્ધ પૃથ્વીને કાંઇ હિસાબમાં પણ નહોતા ને પોતાને થતો શોક શુદ્ધ વૈરાગ્યની નિશાનીને બદલે કુટુંબમોહનો જ ફણગો હતો.

એટલામાં તો કૃષ્ણે આગળ ચલાવ્યું. હવે તે યુધિષ્ઠિરને છોડે તેમ નહોતા.

'મહારાજ! તમે અત્યાર સુધી જે કર્યું તે કચરો વાળવાનું કામ હતું. હવે બાગ બનાવવાનું કામ કરો. છેક આ ઘડીએ જો તમે તમારૂં સ્થાન છોડશો તો તમે જબરો વિશ્વાસઘાત કર્યો કહેવાશે; ભયંકર દ્રોહ કર્યો કહેવાશે, રાજન્! તમે આ પહેલાં ઘણી વખત નબળાઇ બતાવી છે. આ વખતે હવે વજ્ર જેવું હૃદય કરી પૃથ્વીને ફરી શણગારવાનું કામ શરૂ કરો. જો તમે એમ માનતા હો કે સંહાર થયો એ ભૂલ હતી તો હવે નવું સર્જન કરી સંહારના ડાઘા ધોઇ નાખો. ખરૂં પ્રાયશ્ચિત્ત પણ એ જ કહેવાશે. બાકી નિરાહાર મૌન અહીં દેહ પાડશો તો જે પૃથ્વીને તમે તોડીવછોડી નાખી છે તેના પ્રત્યે તમારો ધર્મ ભૂલ્યા કહેવાશો.'

યુધિષ્ઠિરના અંતરમાં એક કિરણ વધારે પ્રવેશ્યું.

જે મહાસંહાર થયો તે પોતાના મૌનથી અને દેહત્યાગથી વધારે ભયંકર બનશે એમ તેમને લાગ્યું. એમનું હૃદય કાંઇક ઉત્સાહ પામ્યું; નવા કર્તવ્યની દિશા સૂઝી. એટલે તે તરત આસન ઉપરથી બેઠા થયા અને રાજા ધૃતરાષ્ટ્રને પોતાની આગળ કરી હસ્તિનાપુર જવા નીકળ્યા.

મહારાજ યુધિષ્ઠિર હસ્તિનાપુર જવા નીકળ્યા ત્યારે બંદીજનો તેમની યશગાથા ગાવા લાગ્યા. બ્રાહ્મણોના વેદમંત્રોચ્ચારથી પૃથ્વી ગાજવા લાગી. ઘોડાઓના હણહણાટ, હાથીના ઘંટારવ, રથના અવાજ અને સ્ત્રીઓનાં માંગલિક ગીતો સંભળાવા લાગ્યાં. બરફ જેવા ધોળા સોળ સુંદર બળદ જોડેલા, મૃગચર્મ અને કામળીના પડદાવાળા રથમાં યુધિષ્ઠિર બેઠા એટલે ભીમે રથની રાશ હાથમાં લીધી, અર્જુને ધોળું છત્ર માથે ધર્યું. નકુળ સહદેવે ચામરો લીધાં અને ગાજતેવાજતે સવારી હસ્તિનાપુર તરફ ઊપડી.

યુધિષ્ઠિરની પાછળ યુયુત્સુ હતો. તેની પાછળ સૂરજનાં સોનેરી કિરણોની સ્પર્ધા કરતો યદુનંદન શ્રીકૃષ્ણનો સુવર્ણરથ ચાલતો હતો. હાથી, રથ, પદાતિ અને પાલખીઓની ભીડ જામી હતી. થોડી વારમાં જ નગરજનોએ ધ્વજાપતાકાથી શણગારેલું, કૌરવોના ગગનચુંબી મહેલોથી શોભી રહેલું હસ્તિનાપુર નજરે પડ્યું. પણ આજે એ હસ્તિનાપુરનો શણગાર, ઘેરા કાળા રંગ ઉપર તારાની ભાત શોભે તેવો જ શોભતો હતો. આજે હસ્તિનાપુરમાં માણસોની એ છોળ, વીર પુરુષોની એ હાંકલ, રણઘેલા યોદ્ધાઓ, માતંગસેના, રથીઓ, પદાતિઓ, કોઇ દેખાતા ન હતા. મૃત્યુ સમયે મનુષ્યના મોં પર છેલ્લું તેજ આવે એવો ખોટો ચળકાટ દેખાતો હતો. રાજમાર્ગ ઉપર ચંદન ને સુગંધી પદાર્થો છાંટચા હતા. ઘેરઘેર નગરજનોએ ચંપાની માળાનાં તોરણો લટકાવ્યાં હતાં. રાજમહેલ ફૂલગૂંથણીમાં ઢંકાઇ ગયો હતો. ઠેરઠેર જલથી ભરેલા કુંભ ઉપર શ્વેત પુષ્પમંજરી શોભી રહી હતી. સ્થળેસ્થળે વિજયનાં ગાન થતાં હતાં. કુરુકુલની સ્તુતિ થઇ રહી હતી. પરંતુ આ સઘળા ભભકામાં સોંસરવો પેસી ગએલો તીવ્ર શોક રાજા યુધિષ્ઠિરનું હૃદયમંથન હજી પણ કરી રહ્યો હતો. તેમને હજી લાગતું હતું કે આ રાજલક્ષ્મીમાં લોહીના છાંટા છે. એ ભોગવાશે નહિ, લાંબો વખત રહેશે પણ નહિ, અને છેવટે લોહીતરસ્યો યુદ્ધધર્મ અમને ભરખી જશે. અને તેથી, આ સઘળા ઉત્સાહમાં એમને તો એક પ્રકારની ભયંકર શૂન્યતા જ લાગતી હતી. કૌરવોના સૂના પડેલા મહેલો જાણે એ શૂન્યતામાં વધારો કરતા હતા.

રાજમહેલમાં પ્રવેશ કરી, ઇષ્ટદેવનાં દર્શન કરી, જેવા રાજા યુધિષ્ઠિર બ્રાહ્મણોના આશીર્વાદ લેવા બહાર આવ્યા કે તરત ગુરુ ધૌમ્યે બીજા બ્રાહ્મણોની સાથે પુણ્યાહવાચનનો આરંભ કર્યો. યુધિષ્ઠિર સ્થિર બનીને એ વાણી સાંભળી રહ્યા. એ વખતે જાણે બ્રાહ્મણોની મશ્કરી કરતું, રાજા યુધિષ્ઠિરની વિડંબના કરતું, કોઇનું અટ્ટહાસ્ય સંભળાયું: 'હા! હા! હા! કેવી મશ્કરી થાય છે!'

યુધિષ્ઠિરે પાછા ફરીને જોયું તો બ્રાહ્મણમંડપમાં ચાર્વાકને ઊભેલો જોયો. એના રોષદર્શનનો એક જ ઘા મનુષ્યના હૃદયને વીંધી નાખે તેવો તીક્ષ્ણ અને ભયંકર હતો. તે મોટેથી, અવિનયથી હસતો હતો: 'હા! હા! હા! રાજન્, બ્રાહ્મણો તમને—ધર્માત્માને આશીર્વાદ આપે છે! ધર્માત્મા—જેણે ગુરુને ઠગ્યા, વડીલને હણ્યા, મોટા ભાઇને મરાવ્યો, પુત્રને માર્યો . . . ધર્માત્મા!'

ચાર્વાકનાં વચન સાંભળતાં જ બ્રાહ્મણો મૌન બની ગયા. રાજા યુધિષ્ઠિરનું મોં લજ્જાથી પડી ગયું. તેમના અંતઃકરણમાંથી રાજ્યાભિષેકનો રહ્યોસહ્યો આનંદ પણ ઊડી ગયો. તે મોટેથી સૌ સાંભળે તેમ બોલી ઊઠ્યા: 'ધિક્કાર છે આ લોહીનીંગળતી રાજલક્ષ્મીને!—આ લોહીતરસ્યા યુદ્ધધર્મને!'

ચાર્વાક તો તરત બળીને ભસ્મ થયો, પણ જાણે એની ભસ્મમાંથી પણ અગ્નિબિંદુના જેવા શબ્દોના પડઘા પડી રહ્યા હતા: 'આ લોહીતરસ્યા યુદ્ધધર્મનું પ્રાયશ્ચિત્ત કર્યા વિના તને શાંતિ નહિ મળે, શાંતિ નહિ મળે. હિમાલયની અતિ ભયંકર ઠંડીમાં તું એકલો અટુલો ભટકશે, દટાઇ જશે, તારૂં નામનિશાન નહિ રહે, ત્યારે, અને ત્યારે જ આ ભયંકર પાપની વેદનાથી તું છૂટો થશે!—જા, આ રાજલક્ષ્મી ભોગવી લે,—ભોગવી શકે તો.'

ચાર્વાક પડયો. પણ એના શબ્દો મહારાજ યુધિષ્ઠિરને સોંસરવા નીકળી ગયા હતા. **'ધૂમકેતુ'**

સિંહગઢ—— (અનુસંધાન પૃ. ૪૮થી)

કરણસિંહ તો મારા પુત્ર છે. પણ આ વાત એવી નથી કે જેમાં આપણે એકબીજાનાં માત્ર વેણ સ્વીકારી શકીએ. અહીં ખટપટ છે. ખટપટ કરનારને શોધ્યા વિના આપણે છૂટકો નથી.

[બહારથી કોઇ બારણું ઠબકારે છે ને જેસિંહ જઇને તપાસ કરે છે.]

જેસિંહ : કોટવાળ અને ફિરંગી તોપચી હાજર છે.

મૂળરાજજી: બોલાવો. મારે તોપચીને તપાસવો છે.

[બંને આવે છે; એટલે કોટવાળને]

તમારૂં કદાચ કામ પડશે; અંદર તૈયારી રાખો.

[કોટવાળ જમણી દીવાલના બારણામાં નજર કરી ઊભો રહે છે. તોપચીને]

તોપચી! જોકે તેં અમારી સારી નોકરી કરી છે. તોપણ તું અહીં એક અજાણ્યો માણસ છો તે તો તું પણ કબૂલ કરીશ. જેસિંહ, એને તપાસો.

જેસિંહ : (કોટવાળ તરફ આંગળી ચીંધીને) આ કોણ છે તે તું જાણે છે?

તોપચી : (આશ્ચર્ય સાથે પણ હિંમતથી) જી હા!

જેસિંહ : તે કોણ છે?

તોપચી: કોટવાળ–ગામનો કોટવાળ. (મૂળરાજજીને) કેમ હજુર, શું છે? હું સમજતો નથી.

[આ વાત થાય છે ત્યાં જમાદાર ડાબી દીવાલના બારણામાંથી ધીમે રહીને અંદર આવે છે અને જેસિંહ તે દેખી એક ક્ષણ આશ્ચર્ય પામી તેને અંદર આવી બારણું બંધ કરવા ઇસારો કરે છે. દરમિયાન ફિરંગી અટકયા સિવાય બોલતો જાય છે.]

કોટવાળને અને મારે શો સંબંધ હોઇ શકે? આપ મને આમ કેમ પૂછો છો?

મૂળરાજજી : સવાલ પૂછયા સિવાય જેસિંહ જે પૂછે તેનો જવાબ દે.

તોપચી : બહુ સારૂં, સાહેબ.

જેસિંહ : ગઇ કાલે રાતે તું કેટલા વાગ્યે સૂતો.

તોપચી : અગિયાર વાગ્યે.

જેસિંહ : તે અગાઉ તું શું કરતો હતો?

તોપચી : હું તોપની નવી ભઠ્ઠી ઉપર હતો.

જેસિંહ : ત્યાં કેટલો વખત હતો?

જેઠીજી : આ બધી હકીકત હું તમને કહું.

જેસિંહ : જેઠીજી, વચમાં બોલો મા. આપણે તેની હકીકત સાંભળવી છે.

[જેઠીજી એક બાજુ જાય છે. જમાદાર તેનાથી બહુ દૂર નથી અને ખબરદારીથી ભીંત પાસે ઊભા બધું જુએ છે.]

બોલ, ભઠ્ઠીએ કેટલો વખત હતો?

તોપચી : હું આપને પહેલેથી વાત કરૂં. હમેશ પ્રમાણે આખો બપોર મેં ગઢની તોપોને તપાસવામાં અને સાફસૂફ કરવામાં ગાળ્યો. પશ્ચિમ કોઠામાં વધારે વખત લાગ્યો કારણકે ત્યાં સારી તોપોની જરૂર છે અને પૂર્વ કોઠાની તોપો ત્યાં લાવવાનું કામ ચાલે છે. હમણાં રાતદિવસ લડાઇની તૈયારીમાં રહેવાનો હુકમ છે, એટલે હું જાતે બધું કામ જોઉં છું. સાંજે વાળુનો વખત થયો ત્યાં સુધીમાં મેં ગઢ અને કોઠાઓનું કામ પૂરૂં કર્યું. તોપો ફેરવાઇ નહોતી રહી તે આજ થઇ જશે; કામ ચાલુ છે. વાળુ કર્યા પછી હું ભઠ્ઠીએ હતો.

જેસિંહ : તારા હાથ નીચે પેલો એક બીજો નવો ફિરંગી છે તે કયાં હતો?

તોપચી : બધો વખત મારી સાથે જ હતો. એને તો ગુજરાતી પણ હજી નથી આવડતું.

જેસિંહ: હવે આજ સવારથી શુંશું કર્યું તે કહી જા.

તોપચી : અમે બંને પરોઢિયેથી ભઠ્ઠીએ જ છીએ. નવી તોપો ઢાળવાનું કામ આજે શરૂ થશે.

જેસિંહ : હજુર, હાજરી બરાબર છે.

તોપચી : હજુર, હું કાંઇ ખાનગી વાત જાણવા નથી માગતો, પણ આ બધા સવાલો ઉપરથી જણાય છે કે આપને મારા ઉપર કાંઇ શક છે. એવું જો હોય તો કઇ બાબતનો શક છે તે મને જણાવશો?

મૂળરાજજી : રાજ્યદ્રોહ, સ્મિથ, રાજ્યદ્રોહ!

[રાજ્યદ્રોહની વાત સાંભળી જમાદાર ચમકે છે ને જેઠીજી તરફ જાય છે ત્યાં મૂળરાજજી તેને દેખે છે.]

જમાદાર, તમે આવી પહોંચ્યા? અમે તમને યાદ જ કરતા હતા. એક મહાન કાવતરાની શોધમાં મદદ કરવા તમે વખતસર આવ્યા છો.

જમાદાર : હજુર, આપની સેવામાં હું હાજર છું.

મૂળરાજજી : તમારી સલાહની અમને જરૂર છે. જેસિંહ, આ વાતનો પત્તો લીધા વિના છૂટકો નથી. સ્મિથ, એક બાજુ ઊભો રહે;—તારા ઉપર હવે શક નથી. જોકે સમય એવો છે કે અમારે દરેકના ઉપર રાખવો જોઇએ.

[આ વાત થાય છે ત્યાં જમાદાર જેઠીજી સાથે વાત કરે છે. જેઠીજી જરા ચમકી, માથું હલાવી મૂળરાજજીની પાછળ જાય છે તે બધું જેસિંહ શાંતિથી જુએ છે.]

દુશ્મનોને હમેશાં અહીંથી ખબર મળે છે, અને તે એવી ચાલાકીથી મોકલાય છે કે શહેરના અધિકારીઓને ખબર નથી,—તેની શંકા પણ નથી. મને દઢ થતું જાય છે કે ગમે તેટલું મને પોતાને અણગમતું છતાં તમારી દરેકની તપાસ લીધા સિવાય છૂટકો નથી. જેસિંહ, તમારી પણ હાજરી લેવી જોઇએ.

જેસિંહ : તૈયાર છું. પણ આપ રજા આપો તો તપાસનુ કામ શરૂ થયા અગાઉ મારે આપને બે શબ્દ ખાનગીમાં કહેવા છે.

મૂળરાજજી: તમારે પ્રથમ મને એકલાને કાંઇ કહેવું હોય તો ખુશીથી.

[જેસિંહ મૂળરાજજી સાથે વાત કરે છે. બીજા બધા હવે શું થશે એવી એકબીજા સાથે વાત કરે છે. જેઠીજી તાનાજી સાથે વાત કરે છે. કરણસિંહ એકલા છે એટલે જમાદાર તેમની સાથે વાત કરવા જાય છે.]

કરણસિંહ : ખંડેરાવે કાગળો આપ્યા ?

જમાદાર : એ બધું થઇ ગયું. તમે મને અહીંથી કાઢવાનો ઝટ ઉપાય કરો. મારી તલવારના પટ્ટામાં એક કાગળ સીવેલો છે.

[કરણસિંહ ચમકે છે.]

કરણસિંહ : એ કેમ થાય ? તો તો તરત શક જાય ! !

જમાદાર : પણ ધારો કે જડતી લેવાનું નક્કી થાય તો ? જરા વિચાર તો કરો ? મને કોઇ રીતે કાઢવો જ જોઇએ.

કરણસિંહ : એમ વાત કરવામાં શો ફાયદો ? મારાથી છેટા જાઓ—

જમાદાર : પણ આ કાગળ—

કરણસિંહ : તે લાવ્યા શું કામ ?

[પોતે બારી પાસે ચાલ્યા જાય છે. જમાદાર વિચારમાં ઊભા રહે છે. જેસિંહે કરણસિંહમાં થયેલ ફેરફાર જોયો છે અને પોતે વાત કરી કરેલ સૂચનામાં મૂળરાજજીએ માથું હલાવી હા પાડેલ હોવાથી બોલે છે.]

જેસિંહ : અમે કેટલાક નિશ્ચય ઉપર આવ્યા છીએ, તો જરા ધ્યાન આપો.

[બધા બે બાજુ ગોઠવાઈ જાય છે. મૂળરાજજીના અમલદારો જમણી બાજુ અને કરણસિંહ વગેરે ડાબી બાજુ. જમાદાર ડાબી બાજુ સૌથી છેલ્લા ઊભા છે.]

એક વાત દેખીતી છે કે અહીં કોઇના ઉપર શક રહે નહિ તે માટે આપણી સર્વની તપાસ પહેલી થવી જોઇએ. બની શકે તો જેટલી ઝડપથી દુશ્મનોને અહીંના ખબર મળ્યા છે તેટલી જ ઝડપથી આપણે તેને ખબર દેવા જોઇએ કે રાજ્યદ્રોહી પકડાયો છે અને તેને સજા પણ થઈ ગઇ છે. આ હેતુથી આપણે અત્યારે આપણી પોતાની તપાસ પહેલા કરવાનું શરૂ કરીએ.

જમાદાર : હું તૈયાર છું.

મૂળરાજજી : અને કરણસિંહ હું પ્રથમ તમારાં માણસોને જ તપાસીશ. તમારો, તાનાજીનો અને જેઠીજીનો વારો વારાફરતી આવશે; એટલે આપણે શરૂઆત જમાદારથી કરીએ.

કરણસિંહ : હજુર, હું વાંધો લઉં છું. મારા અમલદારોને આ કેવું લાગે ?

મૂળરાજજી : હું તમારો વાંધો યાદ રાખીશ. મારે અત્યારે ફરજ બજાવવાની છે તેમાં હું કોઇને આડે આવવા નહિ દઉં. જમાદાર ?

જમાદાર : હજુર.

[જમાદાર પોતાની જગ્યાએ ઊભા રહે છે, બીજા એનાથી છેટા ખસી જાય છે.]

જેસિંહ : આજ સવારે તમે કયાં હતા ?

જમાદાર : થોડો વખત કામે કિલ્લા ઉપર અને ત્યાર પછી દુશ્મનોની તપાસ માટે નદીની પેલી પાર.

જેસિંહ : રજા સિવાય બહાર જવાની મનાઈ હતી તે છતાં ?

જમાદાર : જરૂર લાગે ત્યારે મને જવાની છૂટ છે.

જેસિંહ : અને આજે સવારે જ જવાનું તમને જરૂરનું લાગ્યું ?

જમાદાર : દુશ્મનોના ખબર રાખવા તે તો કાયમની જરૂર છે.

જેસિંહ : મારાં માણસોએ તમને દુશ્મનની હદમાં જતાં જોયા છે. તેમ કરવાનો પણ તમને હુકમ છે ?

[બધા ચમકીને જેસિંહની સામું જુએ છે]

જમાદાર : (કરણસિંહ તરફ સમજણી નજર કરી) આ સવાલનો ઉત્તર મારા કરતાં આપ વધારે સારો આપી શકશો.

કરણસિંહ : (પોતાનો ગભરાટ ગુસ્સાના દેખાવમાં ઢાંકે છે.) ઉત્તર તમારે આપવાના છે ! (મૂળરાજજીને) મને બોલવાની રજા હોય તો મારે કહેવું જોઇએ કે દુશ્મનની હદમાં મારી જાણ સિવાય જવાનો કોઇને સ્પષ્ટ હુકમ નથી. પણ જો તેઓ ગયા હોય તો

જીવતા પાછા કેમ આવ્યા તે હું સમજી શકતો નથી.

મૂળરાજજી : તે આપણે થોડી વારમાં સમજશું. બોલો. ત્યાં તમે શું કરતા હતા ?

જમાદાર : અત્યાર સુધી તો હું એમ માનતો હતો કે હું મારા ઉપરીઓને મદદ કરું છું. પણ હવે સમજાય છે કે મેં મૂર્ખાઇ જ કરી છે.

જેસિંહ : સવાલનો ઉત્તર આપો !

જમાદાર : બહુ સારું. તો, દુશ્મનની તપાસ કરતો હતો.

જેસિંહ : અને કાંઇ ખબર નથી લાવ્યા ?

જમાદાર : ના.

મૂળરાજજી : એની જડતી લ્યો !

જમાદાર : જડતી ?! આ જમાદારની જડતી ? કોઇ દિવસ નહિ !

[પોતાની તલવાર ખેંચે છે.]

જેસિંહ : શું સેનાપતિ સામે તમે તલવાર ખેંચો છો ?

જમાદાર : હું મારી ઈજ્જતના બચાવ ખાતર ખેંચું છું. શું મારી સામાન્ય ચોર માફક જડતી લેવી છે ?

કરણસિંહ : હજુર, આ પગલાં સામે તો મારે ખરેખર વાંધો છે. આ વધારેપડતું થાય છે.

જેસિંહ : મને પણ આ વધારેપડતું લાગે છે. આપ રજા આપો તો તેને એકલા લઇને ખાનગીમાં કરણસિંહ અને હું જાતે જડતી લઇએ. અહીં બધા વચ્ચે જમાદારને માટે તો બહુ ખરાબ લાગે.

મૂળરાજજી : જડતી જરૂર હશે તો બધાની લેવાશે; અને નિર્દોષ માણસને તેમાં વાંધો હોઇ શકે જ નહિ. એમને પકડો.

જમાદાર : મારા ઉપર પહેલો હાથ મૂકશે તેને તો હું મારી જ નાખીશ.

જેસહ : (પોતાની તલવાર ખેંચે છે તે જોઇ બીજા બેત્રણ પણ ખેંચે છે.) એક બંદૂક લાવો.

તોપચી : મારી પાસે તૈયાર છે.

[ભેટમાંથી તમંચો કાઢે છે.]

જેસિંહ : તો બસ. એ શરણ ન થાય તો ગોળીએ દો.

[તોપચી તમંચો તાકે છે. જમાદાર બધાની સામે જુએ છે ને સમજે છે કે સામા થવું નકામું છે. કરણસિંહ અને તાનાજી સામી તિરસ્કારની નજર કરી પોતાની તલવાર ફેંકી દે છે.]

જમાદાર : લો ! કરો તપાસ; અને તેનો બદલો તમને ખુદા આપે.

[બધા તેની પાઘડી, તલવારનો પટ્ટો, ભેટ, જોડા વગેરે કાઢી તપાસે છે. મુખ્ય તપાસનાર કોટવાળ છે. એક જણ કાંઇ પણ શરીર ઉપર સંતાડયું ન હોય તે જોવા હાથ ફેરવી જાય છે. કરણસિંહનો ગભરાટ વધે છે. તે પોતાના કપાળ ઉપરથી પરસેવો લૂછે છે પણ જેસિંહ સિવાય કોઇ તે ઉપર ધ્યાન આપતું નથી. જેસિંહને કાંઇક શંકા જવાથી પોતે જમાદારને ડીલે હાથ ફેરવી જાય છે. કોટવાળ તલવારનું મ્યાન તપાસી જમીન ઉપર મૂકે છે તેથી કરણસિંહને 'હાશ' થઇ જાય છે અને જેસિંહ તે જોઇ જાય છે;—તે વિચાર કરે છે.]

કોટવાળ : હજુર અહીં કાંઇ નથી.

જમાદાર : આપે આ નકામું કર્યું.

જેસિંહ : હું હજી ચોક્કસ કરી જાઉં.

[તલવારનું મ્યાન અને પટ્ટો ઉપાડે છે.]

મૂળરાજજી : જો કાંઈ નીકળશે નહિ તો સૌથી વધારે ખુશી તો હું જ થઇશ.

જેસિંહ : કોઇની પાસે છરી છે ?

[એક જણ ભેટેથી છરી આપે છે. પટ્ટાના સાંધા એક પછી એક જોઇ કાપી ખોલવા માંડે છે. પહેલામાંથી કાંઈ નીકળતું નથી. બીજો હાથમાં લે છે એટલે જમાદાર કરણસિંહ તરફ નજર કરે છે. બીજો સાંધો ફાડી જેસિંહ ચિઠ્ઠી કાઢે છે. બધાને આશ્ચર્ય થાય છે અને જેસિંહ મૂળરાજજીને કાગળ આપે છે.]

મૂળરાજજી : ગુપ્ત ભાષામાં લખેલો કાગળ ! જેસિંહ, આ ઊકેલી શકશો ? (જમાદારને) નિમકહરામ, હવે તારે શું કહેવાનું છે ?

જમાદાર : હવે કહેવાનું શું હોઇ શકે ? હું આપની પાસે અત્યારે જેટલું જૂઠું બોલી ગયો તે આ એક જિંદગી માટે બસ છે.

મૂળરાજજી : તમે આવું કામ કરો છો એમ કરણસિંહે પણ જો મને કહ્યું હોત તો હું માનત નહિ. દરબારશ્રીનો અને મારો તમારા ઉપર એટલો વિશ્વાસ હતો. મને અત્યારે કેટલું દુઃખ થાય છે તે કહી શકતો નથી. તમે આ શું કર્યું ?

જમાદાર : હજુર, હું એમ ઇચ્છું છું કે આ બધું કામ થવા અગાઉ હું આપને ખાતર કોઇ લડાઇમાં મરાઇ ગયો હોત તો બહેતર હતું. માણસને પ્રસંગ પ્રમાણે પોતાનો ધર્મ બજાવવાનો સમય આવી ચડે

છે, અને પોતાનાં જ્ઞાન ને બુદ્ધિ પ્રમાણે પોતે તે બજાવે છે. મને વ્યાજબી લાગ્યું તે મેં કર્યું. પણ હું હવે જે કહું તે માત્ર શબ્દો જ છે. આપને યોગ્ય લાગે તે હુકમ કરો.

મૂળરાજજી : તમે ધર્મની વાત કરો છો ? જેસિંહ, અંગત લાગણીઓનો આ સમય નથી. કાગળમાં શું છે તેના ખબર પડશે ?

જેસિંહ : આ આંકડાની ભાષા છે. અને હું તે સારીરીતે જાણું છું. આમ વંચાય છે: 'તમારી અરજ સ્વીકારી અમે બીજી ગોઠવણ કરી છે. દસ પાસેથી હમણાં કાંઇ આશા રાખીશું નહિ; પાંચને માટે હમેશની જગ્યામાં પૈસા મૂકયા છે.'

મૂળરાજજી : એટલે એકને માટે લાંચ છે, અને બીજાને કાંઇક કરવાનું હતું. પાંચ અને દસ એટલે કોણ એ કાંઇ નથી લખ્યું ?

જેસિંહ : તે આ કાગળમાં ન હોય. પણ જમાદાર આપણને કહી શકે.

મૂળરાજજી : તે કહેશે જ, અને અહીં આપણને નહિ કહે તો કોટવાળને કહેશે. (જમાદારને) આ બે માણસ કોણ છે ?

જમાદાર : હજુર, એ કહેવામાં સાર નથી. હું મારા પોતાના વિશે બધી હકીકત કહેવા હવે તૈયાર છું; પણ બીજાઓ વિશે તો નહિ જ કહું.

[જેસિંહ કોટવાળને અંદરના ઓરડામાં તૈયારી કરવાનો ઈસારો કરે છે.]

મૂળરાજજી : નહિ કહો ? કોટવાળ કયાં છે ?

જેસિંહ : આપ રજા આપો તો હું બે શબ્દ જમાદારને કહું. જમાદારે ભૂતકાળમાં રાજ્યની બહુ સારી સેવા કરી છે. પોતે એટલું તો સમજી શકશે કે જે માણસો માટે પોતે કાગળો લઇ જતા અને લાવતા તેઓને ઢાંકવાથી દરબારશ્રીને ઘણી હાનિ થાય છે. કેમકે ઉપર આપણે તો તેઓના વિશ્વાસ રાખીશું, અને લાગ જોઇ તેઓ ખરે ટાણે દગો દેશે. હું તેમને આ વાત ઉપર વિચાર કરવા આગ્રહ કરૂં છું. હું તો એમ પણ આપને વિનંતિ કરૂં કે જમાદાર જો નામ કહે તો તેમને માફી આપવી.

જેઠીજી : એ રસ્તો હું સાવ ખોટો માનું છું. રાજ્યદ્રોહીના વેણ ઉપર ભરોસો શો ? પોતાના બચાવ માટે તે ગમે તેનાં નામ આપે.

કરણસિંહ : જેઠીજી ઠીક બોલ્યા. હું એથી વધારે કહેવા માગું છું. એમને કોટવાળને સોંપશું તો વધારે માર પડવાથી તે ગમે તેનાં નામ આપશે. આપણને ખાતરી શી ? જ્યાં સુધી નામનું સાંકળિયું ન મળે ત્યાં સુધી આપણાથી જમાદારના વેણને સાચું ન મનાય.

મૂળરાજજી : જમાદાર નામ કહે; પછી તે સાચાં છે કે ખોટાં તેની ખાતરી હું કરીશ. હું તેમને તો મનાવવાનો જ છું. અત્યારે જ જો કહે તો તેમને એકલી માફી નહિ, પરંતુ ઇનામ પણ આપું. છતાં જો ન માનવું હોય તો કોટવાળ લઇ જાય.

જમાદાર : આપ મને લાંચ આપવા માગો છો ? (હસે છે.) આપને એક વાત કહું. આ ખટપટનો હવે અંત આવ્યો છે. તે કાયમ માટે બંધ થઇ છે. હું અભણ માણસ એટલે જ ફસાઇ ગયો. મને ખબર પડી કે તરત મેં તેઓને નિષ્ફળ કર્યા છે. આજે સવારે જ મેં ખંડેરાવની ચાલ ફેરવાવી. આપની પછવાડે દરબારશ્રી પણ બે દિવસમાં આવવાના છે એમ મેં તેમને સમજાવ્યા છે. આ કાગળ દેખાડી આપે છે કે હું તેમનો પડાવ ઉપડાવી જવામાં કેટલો ફતેહમંદ થયો છું. હવે એ વાતનો નિવેડો આવ્યો છે, તો મારી આજીજી છે કે આપ તે છોડી દો.

મૂળરાજજી : છોડી દેવાય ? આ શું થવા બેઠું છે ?

જેસિંહ : નામ કહી દોછો, કે કોટવાળ લઇ જાય ?

[કોટવાળ અંદરના ઓરડામાંથી બહાર આવે છે]

જમાદાર : (એકાએક લલચાવવા ખાતર) લ્યો લ્યો હું કહું.

[બધા આતુરતાથી સાંભળવા જાય છે પોતે બધાની તરફ એક પછી એક નજર કરે છે જેઠીજી અને કરણસિંહનાં મોં ઉપર ત્રાસ દેખી તે હસી પડે છે. જેસિંહ તે દેખે છે]

ના ના; કાંઇ નહિ. હું નહિ કહું.

જેસિંહ : શું, વાત ઉડાડો છો ?

જમાદાર : હજુર, જો કાંઇ બેઅદબી થઇ હોય તો માફ કરજો; પણ હું નામ તો નહિ જ કહું.

એક અમલદાર : એ તો જોઇશું

બીજો અમલદાર : કોટવાળ મોઢું ઉઘડાવશે.

જમાદાર : મારૂં અંગેઅંગ ખેંચી નાખશો તોપણ હું એક શબ્દ પણ કહેવાનો નથી.

બીજો અમલદાર : (હસીને) હું તમારી સાથે જ હસીશને ?

જમાદાર : તો તું જોજશ કે મરદો કેમ મરે.

જેસિંહ : તમારે માટે અમને લાંબા વખતથી માન છે; તો આ ક્રૂર પગલું લેવાની અમને ફરજ ન પાડો.

જમાદાર : જેસિંહજી, તમારા ભાવ માટે ઉપકાર માનું છું: પણ હું જે કરૂં છું તે સમજીને જ કરૂં છું. હું અભણ હોઇશ. પણ આ બાબત એટલે સુધી પહોંચી છે કે મારા ઉપર વિશ્વાસ રાખનારાઓની હું હવે ચાડી નહિ ખાઉં.

મૂળરાજજી : રાજ્યદ્રોહની બાબતમાં મારા દીકરાને પણ હું માફ ન કરૂં. તો શું તમારા ઉપર મને દયા આવે ?

જમાદાર : (ખૂબ ગુસ્સે થઇને) શું હું તમારાથી ડરૂં છું. (જરા શાંત થઇને) આપ સેનાપતિ, દરબારના સગા, આ કરણસિંહના સસરા, સમજ્યા વગર જ આ નામનો આગ્રહ પકડી રાખો છો.

મૂળરાજજી : પણ હું નામ તો મેળવવાનો જ.

જમાદાર : (જુસ્સાથી) મારી ખુશી હોય તો જ નામ મળે; અને મારી ખુશી નથી.

મૂળરાજજી : (જુસ્સાથી) એને લઇ જાઓ.

[બે અમલદારો તેને હાથથી પકડે છે અને જમણી તરફના બારણા તરફ લઇ જાય છે. બારણામાંથી અંદરના તાપની લાલ છાંય જે પહેલાં ન હતી તે અત્યારે દેખાય છે અને તે તેના મોઢા ઉપર પડે છે. દેવતા જોઇ તે એક ક્ષણ અચકાઈ પછી દઢ પગલે ચાલે છે. જેસિંહથી આ ભોગ સહન નથી કરી શકાતો, તેથી એક ડગલું એમના તરફ ઉતાવળે ભરી આજીજી કરે છે.]

જેસિંહ : જમાદાર, અમારી ખાતર.

જમાદાર : ના: ઇનશા-લ્લાહ !

[બારણામાંથી અંદર જાય છે. પડદો પડે છે.]

(પડદો અરધી મિનિટ જ નીચો રહે છે.)

પ્રવેશ ૨ જો

સમય : આશરે અરધા કલાક પછીનો. દશ્ય : તેનું તે જ.

[જે ઓરડાની અંદર જમાદારને લઇ ગયા છે તે ઓરડા તરફ જોઇને બધા બેઠા છે]

મૂળરાજજી : આ ક્યાં સુધી ચાલશે ? હવે મારાથી સહન નથી થતું. કેટલી ધીરજ !

જેસિંહ : જે માણસ એમ સમજે છે કે પોતે જે કરે છે તે સાચું છે તેનામાં સહનશક્તિ ઘણી હોય છે.

મૂળરાજજી : પણ આ તો ઘણો વખત થયો.

જેસિંહ : હા; બીચારો.

[બધા થોડીક વાર મૂંગા બેસી રહે છે.]

મૂળરાજજી : (ઊભા થઇ ટેલવા માંડે છે.) શું તે નહિ જ બોલે ?

કરણસિંહ : મને તો આશા નથી.

જેસિંહ : આના કરતાં તો એમને મારી નાખવા તે વધારે ઉત્તમ છે.

મૂળરાજજી: મારે નામ કઢાવ્યા વિના છૂટકો નથી. મેં નહોતું ધાર્યું કે આવું થશે. શું તે નહિ જ બોલે ?

જેસિંહ : ત્રણ વખત અસહ્ય દુ:ખમાં હતા ત્યારે એમને પૂછવામાં આવ્યું. પણ ત્રણે વખત તેમણે ના પાડી અને કોટવાળને કહ્યું કે બને તે કરી લે.

તાનાજી : આસપાસનાં માણસો અને કોટવાળને પણ આંખમાં પાણી આવી ગયાં છે.

મૂળરાજજી : મારાથી પણ સહન નથી થતું. પણ આપણે દિલ કઠણ કર્યા વગર છૂટકો જ નથી. આપણે ફરજ અદા કરવાની છે.

[પાછા ટેલે છે. એક આંટો પણ પૂરો નથી થયો ત્યાં કોઇ માણસ બહુ જ દુ:ખમાં હોય તેની ચીસ અંદરના ઓરડામાંથી સંભળાય છે. બધા બારણા તરફ ત્રાસથી જુએ છે. ત્યાં જમાદારના ગૂંગળાતા આટલા શબ્દો સંભળાય છે: 'ઉઠાવી લો, ઉઠાવી લો. હું કહું છું—' પછી શાંતિ ફેલાય છે. એક જુવાન અમલદાર ઓરડામાં આવે છે. તેની ખુમારી ઊડી ગએલી હોય છે.]

અમલદાર : હજુર, તે બોલવા તૈયાર છે.

[બીજાઓની પાસે જાય છે. અને કપાળે હાથ મૂકી આંખો મીંચી જાય છે. મૂળરાજ અને જેસિંહ જમણી બાજુ ઊભા થઇ જાય છે. કરણસિંહ, તાનાજી અને જેઠીજી ઊભા થઇ જમણી તરફ વાંસો ફરી જાય છે. બીજા ડાબી બાજુ બારણા પાસે ઊભા છે. જમાદાર કોટવાળના હાથને ટેકો દઈ બહાર આવે છે. તેના કપાળ ઉપર લોહીની નિશાનીઓ છે. તેના વાળ જે પહેલાં સારી રીતે ઓળેલા હતા તે સાવ વિખરાઇ ગયા છે. તેની બંડી અને સુરવાળ એકબે ઠેકાણે ફાટી ગયાં છે. અને તે ઠેકાણે બળેલું હોય તેવા ડાઘ છે. તેનું મોઢું પરસેવે રેબઝેબ છે તેના હાથ અને છાતીના ભાગમાં જ્યાં બંડી ઉઘાડી છે ત્યાં લાલ ચાંદાં દેખાય છે. માનસિક

અને શારીરિક અસહ્ય દુઃખ સહન કર્યું હોય તોપણ માથું બને તેટલું ઊંચું રાખવા પ્રયત્ન કરતા હોય તેવી રીતે તે બહાર આવે છે. તેને જોઇને બધા હેબત ખાઈ જાય છે; કોટવાળના હાથમાં એક નાની માચી છે.]

જમાદાર : મારાથી વધારે સહન નહિ થાય.

મૂળરાજજી : (માયાળુપણાથી) મારી આ ઇચ્છા ન હતી.

જમાદાર : મારાં બધાં પાપોનો ઇન્સાફ મને મળી ગયો. હવે મને જવા દો.

જેસિંહ : નામ કહો એટલે તમને મારે ઘેર લઇ જઇ હું જાતે સારવાર કરૂં.

જમાદાર : હું સૂઇ શકીશ કે કેમ તેની પણ મને શંકા છે. જ્યાં અડો ત્યાં બહુ જ દુઃખે છે.

મૂળરાજજી : ચાલો હવે આનો નિવેડો લાવો.

જમાદાર : હા; ખુદાની ખાતર મને જવા દો.

મૂળરાજજી : નામ કહો અને જાઓ.

જમાદાર : જુઓને, તમે એક જ વાત પકડી રહ્યા છો. નામ, નામ, નામ—જ્યારે હું તમને તે કહેવાનો જ નથી.

મૂળરાજજી : શું ?—

જેસિંહ : જરાક ખમો હજુર. જમાદાર ! આવો આ માચી ઉપર બેસો; લ્યો—

[જમાદાર ધીમેથી બેસે છે. બેસતાં જ શરીર દુખાવાથી બૂમ પાડે છે અને પછી બેસે છે.]

હવે ઠીક છે ?

જમાદાર : (કોટવાળની ઓરડી તરફ હાથ કરી) તે જગ્યા કરતાં જરા ઠીક છે ! આખી દુનિયા મને ત્રાસ આપવા શા માટે તૈયાર થઈ છે તે હું સમજતો નથી. મેં તો કાયમ મારી ફરજ જ બજાવી છે.

જેસિંહ : લ્યો, લ્યો, તે તો બધું હવે ખલાસ થયું. જરાક નિરાંતે બેસો ને પછી આપણે તમારી દવા કરીએ.

જમાદાર : અત્યારે તો મને પાણી પાઓ.

મૂળરાજજી : જાઓ એકદમ પાણી લાવો.

[એક અમલદાર બહાર દોડે છે.]

પાણી આવે એટલામાં નામ કહો.

જમાદાર : હજુર, હજુર ! તે વાત આપ છોડી દો.

મૂળરાજજી : નામ ન કહે તો પાછા લઇ જાઓ.

જમાદાર : ના ના; ખુદાની ખાતર—મારી વાત સાંભળો.

[ઊભા થઇ જાય છે. મૂળરાજજીના પગ પકડવા જતા હોય તેમ બે ડગલાં ભરે છે ત્યાં દુઃખથી અને થાકથી ઊભા રહી જાય છે.]

ઓ . . હો ! મને પહેલાં જરા પાણી પીવા દો.

[જેસિંહ તેને હાથ દઈ માચી ઉપર પાછા બેસાડે છે. અંદરથી અવાજ સંભળાય છે:]

કુમારઃ ઠાકોર મૂળરાજજી ક્યાં છે ?

અમલદારઃ તેઓ કામમાં છે; આપને જવાનું નથી.

કુમારઃ તું શું સમજે ? હું તો ગમે ત્યાં જાઉં.

અમલદારઃ પણ બાપુ, કુમાર, ...

કુમારઃ ચાલ, એક કોર ખસ !

અંદર દોડી આવે છે.]

કુમાર : આ રહ્યા. આપ ચાલો . . . . (એકદમ આશ્ચર્યથી ઊભા રહે છે.) બધા આમ કેમ છો ?

[શરમાઇને મૂળરાજજી તરફ અને બીજાઓ તરફ નજર કરે છે ત્યાં જમાદાર ઉપર તેની નજર પડે છે.]

આ શું ? તમે બધા શું કરો છો ?

જેસિંહ : અહીં સિપાઇઓનું કામ, કુમાર. તમારૂં અહીં કામ નથી.

કુમાર : અડચણ કરી હોય તો માફી માગું છું.

[ફરીથી જમાદાર સામું જુએ છે.]

જમાદાર, તમને વાગ્યું છે ?

[તે દોડીને તેને ભેટી પડે છે.]

આ શું થયું ? તમારા ઉપર લોહી છે. અને જુઓ તો ? (બંડી ખોલીને) આ કેવડો મોટો ઘા ? શું તમે લડાઇમાંથી આવો છો ?

[કુમારે બાથ ભરી ત્યારથી જમાદાર માથું નીચું કરી ગયા છે અને કુમાર બોલે છે ત્યારે તેનો હાથ ધીમેધીમે જઇ કુમારના વાળ સાથે રમે છે અને પોતે રડે છે.]

તમે રૂઓ છો કેમ ? બોલતા કેમ નથી ?

જમાદાર : કાંઇ નથી, શાહજાદા, કાંઇ નથી ! મારાં આંસુ ઉપર કાંઇ ધ્યાન દેશો મા. તે હર્ષનાં છે. જેટલી વખત આ દુનિયાની કૃતઘ્નતા, સ્વાર્થ કે ક્રૂરતા પોતાની મૂર્ખાઇથી મારા શરીરને રીબાવવાનાં હોય તે બધાને અંતે જો મને તારા આ પ્રેમથી નહાવાનું મળે તો પછી નર્કનાં દ્વારો મારે માટે ઊઘડતાં હશે તો પણ હું આશાથી તેમાં પ્રવેશ કરીશ. હવે મને ખાતરી થઇ કે ખુદા તેના બંદાને ભૂલી ગયો નથી. તેને હું તારા પ્રેમમાં દેખું છું.

કુમાર : નર્કની વાત શી ? અને ક્રૂર કોણ થયું છે ?

જમાદાર : મારાં કરમ. નર્કનો તો હવે સવાલ જ નથી. કારણકે અત્યારે તો હું સ્વર્ગમાં છું.

કુમાર : તમારે મને વાત તો કરવી જોઇએ.

[ત્યાં એકાએક કાંઇક શંકા જવાથી મૂળરાજજી ને બીજાઓ તરફ જોઇને]

તમે બધાએતો આ નથી કર્યું ના ?

જેસિંહ : ચાલોચાલો કુમાર, બહાર રમો; અમારે કામ છે.

કુમાર : હું તો કહેવા આવ્યો હતો કે જમવાનું તૈયાર છે ને હું તમારી વાટ જોઉં છું. તેમાં કાઢી શું મૂકો છો ?



કુમાર દોડીને જમાદારને ભેટી પડે છે.

મૂળરાજજી : તમારાથી કામમાં ખખેલ ન પડાય; અને મારે તમને કહેવું જોઇએ કે જમાદારે બહુ મોટો ગુનોહ કર્યો છે. તમારા સ્નેહને તે લાયક નથી.

કુમાર : જમાદાર ગુનોહ કરે ?

મૂળરાજજી : હા.

કુમાર : હું નથી માનતો.

[માણસ પાણીનો પ્યાલો લાવે છે.]

લાવ મારી પાસે. લ્યો જમાદાર.

મૂળરાજજી : કુમાર, એ નિમકહરામથી છેટા રહો.

જમાદાર : (પાણી પીતાંપીતાં પ્યાલો ફેંકી દે છે) મૂળરાજજી તમે શું કહો છો ? ખુદા તમને માફ કરે.

જેસિંહ : ચૂપ રહો !

કુમાર : જમાદાર નિમકહરામ ? !

[એકદમ સમજી જાય છે. કોટવાળની તરફ જોઈ ફરી જમાદારને તપાસી ઓરડામાં નજર કરી આવે છે. એકદમ વ્યાકુળ થઇને]

હું સમજ્યો. પણ હવે હું તમને વધારે મારવા નહિ દઉં.

[જમાદાર પાસે જઇ તેમને પકડી લે છે.]

મૂળરાજજી : (ઇસારો કરી) જેસિંહ !

જેસિંહ : ચાલો, તમારે જવું જોઇએ.

કુમાર : હું નહિ જાઉં.

જમાદાર : (પોતાના ખભા ઉપરના કુમારના હાથને થાબડીને) એમ મોટાઓની સામું ન બોલાય. આપે હુકમ તો માનવો જોઇએ.

જેસિંહ : (કુમારને પકડીને જરા ખેંચે છે) ચાલો.

કુમાર : ધક્કા મારો મા ! હું મારી મેળે જઇશ.

[મૂળરાજજી પાસે જાય છે.]

હું આપનો હુકમ ઉઠાવું છું. પણ હું જાઉં તે અગાઉ મને કહેશો કે જમાદારે શું કર્યું છે ?

મૂળરાજજી : તમને આટલું કહું. તેમણે દુશ્મન સાથે સંતલસ ચલાવી છે. આજે જ તે આ કાગળ લાવ્યા છે.

કુમાર : અને આ શા માટે કરો છો ?

મૂળરાજજી : આ ખટપટમાં બીજાં માણસો પણ છે; અને અમારે જાણવું છે કે તે કોણ કોણ છે.

કુમાર : જમાદાર બીજાઓને ઢાંકે છે તે માટે તમે તેને મારો છો ?

મૂળરાજજી : એ તમારૂં કામ નથી.

કુમાર : મને જવાબ દો. જમાદાર, તમે નથી બોલવાના ?

જમાદાર : તમે વચમાં પડો મા. ના.

કુમાર : બહુ સારૂં થોભો, હું હમણાં આવું છું !

[ભાગી જાય છે.]

જમાદાર : ખમો, એમ ન થાય. એ કુમાર—અન્નદાતા !

[પણ કુમાર તો ભાગી જાય છે. એટલે બીજાઓ તરફ ફરીને]

જુઓ, આપે શું કર્યું?

મૂળરાજજી: અહીં કંઇક ભેદછે પણ સમજાતો નથી.

જેસિંહ : આપણે કરણસિંહ વગેરેની સલાહ લઇએ.

જમાદાર : હું એટલું કહેવાની રજા લઉં છું કે વાતો કરવામાં ફળ નથી.

[કરણસિંહ, તાનાજી વગેરે તરફ નજર કરીને]

જે કરવું હોય તે ઝટ કરો.

કરણસિંહ : મારે કાંઈ કહેવાનું નથી. આપ રજા આપો તો હું ને જેઠીજી કુમારની પાછળ જઇએ. મા સાહેબ પાસે આ વાત હમણાં ન જવી જોઇએ.

મૂળરાજજી : હા; તમે જાઓ ને તેને રોકો.

[કરણસિંહ અને જેઠીજી જાય છે.]

ચાલો જમાદાર. નામો આપો એટલે નિવેડો આવે.

તાનાજી : (કરણસિંહ જવાથી એકલા સપડાયા છે) હજુર, નિમકહરામીનો ગુનોહ ઘણો ખરાબ છે, તે છતાં પણ મને થાય છે કે આપે જમાદારને હવે છોડવા જોઇએ. એણે ઘણું સહન કર્યું, તેનું મને પણ દુઃખ થાય છે.

જેસિંહ : મને પણ તેમની દયા આવે છે.

મૂળરાજજી: તો તમે ફરજની ખાતર તમારાં હૃદયોને કઠણ કરો. ફરજને લાગણી હોતી નથી. દરબારશ્રી અને આપણી જન્મભૂમિની સેવામાં સગાં, સંબંધી કે લાગણીઓને સ્થાન જ નથી. હું તો તે જ ખરો ધર્મ માનું છું. અને તમને પણ તે શીખવવા ઇચ્છું છું. આપણે જોયું કે આ જમાદાર એક જૂઠો માણસ છે. હું તેમની આજ સુધીની સેવા બરાબર જાણું છું; તેમની હિંમત અને દૃઢતા માટે મને માન છે. ફરજ બજાવવામાં મારે તેમના તરફ ક્રૂર પગલાં લેવાં પડયાં છે તોપણ મને તેમની દયા આવે છે. પણ સિપાઈઓ દયાથી દોરવાઇ જઈ શકે નહિ. તેઓના હાથમાં પોતાની તેમજ બીજાં ઘણાં માણસોની જિંદગીઓ છે. તેઓ કેટલાંક જોખમ ખેડી શકે નહિ, અને કેટલાએક ગુનાહો પણ માફ કરી શકે નહિ. આ ગુનોહ તેમાંનો એક છે. તોપણ મેં કહ્યું છે કે જો જમાદાર બીજા ગુનેહગારોનાં નામ આપે તો હું તેમને માફી આપવા ખુશી છું. જો તેમ ન કરે, અને પોતાની હઠ છોડે નહિ તો આપણે કાયદેસર ફરજ બજાવ્યા સિવાય છૂટકો નથી.

[બહારથી માણસોના બોલવાનો અવાજ આવે છે.]

એ શું ?

[એટલામાં કુમાર કેટલાએક કાગળો લઈ દોડતા આવે છે]

કુમાર, અહીં આવવાની મારે તમને કેટલી વખત ના પાડવી?

કુમાર : (ઉતાવળે દોડવાથી હાંફી ગએલ છે) આ લ્યો, વાંચો! પછી હું જાઉં.

મૂળરાજજી : આ શું છે? (કાગળો જુએ છે) ઓ પ્રભુ! આ હું શું જોઉં છું? જેસિંહ, જેસિંહ–આ જુઓ! કરણસિંહ, જેઠીજી!

[મૂળરાજજી વૃદ્ધ છે એટલે મોટા આઘાત લાગવાથી બેસી જાય છે.]

જેસિંહ : મને આ ડર જ હતો! કરણસિંહ અને જેઠીજીને પકડી લાવો.

[એક સિપાઇ એકદમ અંદર આવે છે]

સિપાઇ : હજુર, કરણસિંહ અને જેઠીજી ગામ છોડી નાસી ગયા છે!

મૂળરાજજી : પ્રભુએ મને આ દિવસ શા માટે દેખાડયો? આ અગાઉ મારો દેહ શા માટે ન પાડયો? હું દરબારને શા મોઢે ખબર આપીશ? બે મુખ્ય ગુનેહગારો તો ચાલ્યા ગયા, એટલે એકલા તાનાજીનું શું કરૂં? તાનાજી, તમે વિશ્વાસઘાત કર્યો છે. એક સારો માણસ તમારા ખાતર દુઃખ સહન કરતો હતો તે તમે જોઇ રહ્યા! તેનો બચાવ કરવાની પણ તમારામાં હિંમત નહોતી? તમને ત્રણેને તમારી હાડચામડીમાં એવું શું પ્રિય લાગ્યું? તમારા સાથીઓ નાસી ગયા છે એટલે તમને હું યોગ્ય સજા કરી શકતો નથી, પણ દેશનિકાલનો હુકમ કરૂં છું. હું ઇશ્વર પાસે માગું છું કે મને કરણસિંહનું, જેઠીજીનું કે તમારૂં મોઢું ફરી દેખાડે નહિ. તેમને ગઢ બહાર મૂકી આવો.

[કોટવાળ અને એક અમલદાર તાનાજીને પકડી લઈ જાય છે.]

જેસિંહ, મને તમારો હાથ આપો.

[દુઃખથી જેસિંહનો હાથ લઇ ઊઠે છે અને જાય છે.]

આ બીચારા જમાદારની સારવાર કરાવજો. જમાદાર, દરબારે આજે સિંહગઢના એક કિલ્લેદારને ગુમાવ્યા છે. નવા કિલ્લેદારને હું મુબારકબાદી આપું છું. તમારી તબિયત સારી હોત તો મારા હાથે જ તમને તલવાર બાંધત.

જમાદાર : (નમન કરીને) હું આપનો અહેસાનમંદ છું.

[મૂળરાજજી જેસિંહના હાથનો ટેકો લઇ જાય છે. બીજાઓ પણ જાય છે. માત્ર કુમાર, જમાદાર અને ફિરંગી તોપચી રહે છે.]

જમાદાર : યા અલ્લાહ ! દુનિયા કેવી વિચિત્ર છે ?

ફિરંગી : દુનિયા વિચિત્ર જ છે. મારો જ દાખલો જુઓ. મારા દેશમાં હું એક વખત ધનવાન હતો. મોજમજાના શોખને લીધે એક ધીરધાર કરનારાના પંજામાં આવી ગયો તેથી દેશ છોડી મેં દસ વરસ ચાંચિયાનો ધંધો કર્યો. અત્યારે અહીં નોકર છું. જ્યારે જન્મથી ચાંચિયાનો ધંધો કરવાવાળા કેટલાક મારા દેશમાં મોટા માનવંતા થઇ ગયા છે. એમ ચડતીપડતી તો ચાલી જ આવે છે.

જમાદાર : હું ચડતીપડતીનો વિચાર નહોતો કરતો. વિચિત્રતા તો એ છે કે જે વાતનો અંત આવ્યો હોય, જેને ખોળવામાં કાંઇ સાર ન હોય, એવી બાબતમાંથી પણ કેટલાની જિંદગી બગડે છે ? મરાઠાઓ ચાલ્યા જવાના હતા. ખટપટ નિષ્ફળ ગઇ હતી. તે છતાં મને માર પડ્યો; મૂળરાજજીએ જમાઈ ખોયા; દરબારે ભાઇ ખોયા !

ફિરંગી : માણસ કાલ શું કરશે એનો વિચાર કરવાનું તો મેં કેટલાં યે વરસથી મૂકી દીધું છે. મને યાદ છે કે જ્યારે હું ચાંચિયો હતો ત્યારે. . . .

કુમાર : એ ચાંચિયાની વાત પછી કરજો. મારે જમાદારને લઇ જવા છે.

જમાદાર : ઓ હો ? અત્યારથી જ હુકમ. પણ યાદ રાખજો હો કે એ થોડા દિવસ જ ચાલવાનું. હવે અહીં ઉપરી હું છું. અને હું સાજો થઇશ પછી ગઢ ઠેકી હરણ વાંસે નહિ જવાય.

કુમાર : તમારી સાથે પણ નહિ ?

[આ બધી વાત જમાદારને લઈ જવાની તૈયારીઓની સાથે થાયછે.]

જમાદાર : મારી સાથે તો જવાશે.

[સ્મિથ ત્યાં જમાદારને ટેકો દેવા જાય છે તેથી જમાદારને દુઃખે છે.]

ઓહ !

ફિરંગી : માફ કરજો.

કુમાર : ધ્યાન રાખો, જુઓ, કેવું દુખાડી દીધું ?

જમાદાર : એનો વાંક નથી. મારૂં શરીર જ એવું થઇ ગયું છે. (ફિરંગીને) તું અહીં આવ.

[પાસે લઈ ખભે હાથ ટેકવે છે.]

હાં, એમ. (કુમારને) હવે તમારો હાથ લાવો. હાં બસ, હવે ચાલો. [જાય છે.]

[પડદો પડે છે.]

ટિકિટો સંઘરવાનો શૉખ


અગાઉ 'કુમાર'ના એક અંકમાં શ્રી 'સૈનિકે' આ જગતવ્યાપી શૉખ વિષે એક નાનો લેખ લખીને તેમાં રહેલાં આનંદ, જ્ઞાન અને કલાની ટૂંકી સમજણ આપી હતી. દુનિયા આખીમાં નાના કે મોટા, શ્રીમંતો ને રાજવીઓ અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ટપાલની ટિકિટો એકઠી કરવાનો આ શૉખ આજે ખૂબ પ્રચલિત છે. કોઈ પણ માણસ ઘરમાં બેઠાં નવરાશને વખતે આ શૉખથી કેટલાં જ્ઞાન, ગમ્મત અને લાભ મેળવી શકે છે તે એ શૉખથી જેઓ જાણીતા છે તે બરોબર સમજે છે.

દરેક માણસ—અને તેમાં યે ખાસ કરીને ઊગતી વયના કુમારો અને વિદ્યાર્થીઓ—ને કાંઇ ને કાંઇ પ્રિય ધૂન, લત કે શૉખ પોતપોતાના સ્વભાવ પ્રમાણે હોય જ છે:—કોઇને વાંચનનો, કોઇને ચિત્રનો, મુસાફરીનો, મર્દાની રમતનો, ફોટોગ્રાફીનો, લાકડકામનો, રસાયનિક હુન્નરનો. એમ આ ટિકિટો સંઘરવાનો પણ એક નાનો સરખો શૉખ છે. યુરોપ અમેરિકામાં તો તે ખૂબ પ્રચલિત છે, એટલું જ નહિ પરંતુ તેનું નાનું સરખું શાસ્ત્ર પણ છે. એ એક પ્રકારની વિદ્યા છે અને અંગ્રેજીમાં તેને ફિલેટલી Philately કહે છે.

આ Stamp-Collecting—ટિકિટ સંગ્રહ—ના શૉખમાંથી દુનિયાના જુદાજુદા દેશો સંબંધીની માહિતી, જુદાજુદા પ્રકારનું જ્ઞાન, રસ અને મોજ મળવા ઉપરાંત બીજા શૉખની પેઠે સારો આર્થિક લાભ પણ મળે છે, કેમકે વખતના વહેવા સાથે વપરાએલી પોસ્ટેજ સ્ટૅમ્પની કિંમત ઘણી સારી, અને કોઈ કોઈ વિરલ ટિકિટની તો અસાધારણ મોટી—એટલે કે એકેક લાખ રૂપિયા સુધીની—ઉપજે છે!

જોકે પોતાના શૉખ પાછળ લોકો પૈસાનો ખર્ચ કરે છે તે તેમાંથી મળતી મોજ ખાતર જ કરતા હોય છે; એટલે કે ખર્ચેલા પૈસાના વળતરમાં તેઓને આનંદ પ્રાપ્ત થાય તેથી જ તેઓ સંતોષ માને છે. પરંતુ સ્ટૅમ્પ-સંગ્રહ તો એવા પ્રકારનો

શૉખ છે કે જેની પાછળ ખર્ચેલાં નાણાં વહેલાં-મોડાં વ્યાજ સહિત પણ વસુલ થઇ શકે. આ પ્રમાણે જે જાતની ટિકિટોનાં નાણાં ઉત્પન્ન થઇ શકે એવી ટિકિટોનો સંગ્રહ કરવાનો હાલમાં એક પ્રસંગ આવે છે. દિલ્હીની પાસે નવા દિલ્હીમાં જે હિંદી સરકારનાં નવાં રાજધાનીનાં મકાનો ખુલ્લાં મૂકવાનાં છે તેની યાદગીરી ખાતર આ ફેબ્રુઆરી માસની ૯મી તારીખથી હિંદી સરકારના પોસ્ટ ખાતાએ છ નવી પોસ્ટની ટિકિટો બહાર પાડી છે. જેનાં ચિત્રો આ નીચે આપ્યાં છે. આ ટિકિટો માત્ર એક જ માસ સુધી ચાલવાની હોવાથી, તે વપરાએલી ટિકિટોની કિંમત આગળ ઉપર સારી જેવી ઉપજવાનો સંભવ રહે છે. અફઘાનિસ્તાનમાં બચ્ચા-ઇ-સાકુની હકુમત માત્ર બેચાર માસ સુધી ચાલેલી; તેની વપરાએલી ટિકિટની કિંમત અત્યારથી જ લગભગ ત્રણ શિલિંગ જેટલી ઉપજે છે. માટે જે કુમારો નવા દિલ્હીની યાદગીરીની ટિકિટો પોતાના સંગ્રહમાં રાખશે તેમને પણ ભવિષ્યમાં આવો લાભ થવાનો સંભવ છે. એ ટિકિટોમાંનાં ચિત્રોની હકીકત નીચે મુજબ છેઃ



નવા દિલ્હીના સ્મરણમાં નીકળેલી છ ટિકિટો

$\frac{1}{4}$ આનાની ટિકિટ પરઃ પુરાણો કિલ્લો (ન્યૂ દિલ્હી). $\frac{1}{2}$ આનોઃ વૉર મૅમોરિયલ (મહાયુદ્ધનું સ્મારક). ૧ આનોઃ ન્યૂ દિલ્હીનું કાઉન્સિલ હાઉસ (ધારાસભાગૃહ). ૩ આનાઃ સેક્રેટરીએટ. ૨ આનાઃ વાયસરૉયનું મકાન. ૧ રૂપિયોઃ ડુમીનિયન કૉલમ્સ. (ડૂમીનિયનોના સ્મરણસ્તંભો).

સ્ટૅમ્પ-સંગ્રહ વિષેની વિગતવાર હકીકત તથા જુદાજુદા દેશો અને રાજ્યોની ટિકિટો વિષેની માહિતી, જ્ઞાન તથા અનુભવ કુમારોને મળે તે હેતુથી હવે પછીના અંકોથી આ વિષયનું એકાદ કોલમ રાખવામાં આવશે, જેથી અજાણ્યાઓને આ શૉખ વિષે રસ જાગશે અને એ શૉખ ધરાવનારાઓને ઘણું નવુંનવું જાણવાનું મળશે. એ ઉપરાંત તેઓના સ્ટૅમ્પ-સંગ્રહમાં નહિ હોય તેવી ખૂટતી દેશ-પરદેશની ટિકિટો પણ સસ્તી કિંમતે મળી શકે એવી યોજના કરવામાં આવશે. જોકે યુરોપ અમેરિકામાં તો એવા સંગ્રહ રાખનારાઓના ઉપયોગ માટે ઘણાં પ્રાઇસ લિસ્ટો વગેરે દર વર્ષે પ્રગટ થાય છે. પણ તેની કિંમત બહુ મોટી હોય છે. દાખલા તરીકે મેસર્સ સ્ટૅન્લી ગિબસન તરફથી પ્રગટ થતા કૅટલગની કિંમત પોસ્ટેજ સહિત લગભગ બાર રૂપિયા જેટલી થવા જાય છે. તેમાં દરેકેદરેક દેશની જુદીજુદી ટિકિટોની કિંમત પ્રગટ કરવામાં આવી હોય છે. તે જ કંપની તરફથી એક અંગ્રેજી માસિક પણ આ વિષયને અંગે નીકળે છે. 'કુમાર'ના વાચકો માટે હવેથી દેશપરદેશની વપરાએલી ટિકિટો સ્ટૅન્લી ગિબસનના ભાવ કરતાં લગભગ ચોથા ભાગની કિંમતે મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

સી. તેજપાલ

ડૉ. કુંવરજી ગો. નાયક (અનુસંધાન પાછળ પાન પરથી)

૧૯૧૮ના ઑગસ્ટની પહેલી તારીખે તેઓ વડોદરા કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર તરીકે આવ્યા; અને એ રીતે પોતાના ઇલાકાની સેવા કરવાનો તેમને લાભ પ્રાપ્ત થયો.

બંગાળ છોડી ગુજરાતમાં આવ્યા તે વેળા તેમના બંગાળના વિદ્યાર્થીઓએ તેમને ખૂબ જ માન આપી અનહદ સદ્ભાવ બતાવ્યો. કલકત્તા યૂનિવર્સિટીમાં તે વખતે બાવન કૉલેજો હતી. પ્રોફેસર નાયકે જો કે ત્યાં માત્ર નવ વર્ષ જ કામ કર્યું. છતાં પણ ત્યાંની વિદ્યાર્થી આલમ તથા પ્રોફેસરોમાં તે એટલા લોકપ્રિય થઇ પડયા હતા કે આજ પણ પ્રો. નાયકનું નામ દેતાં સૌ આનંદથી તેમનું સ્મરણ કરે છે. ૧૯૧૭ સુધી ક્રિશ્ચાથ કૉલેજમાં હતા ત્યાં લગી રસાયણશાસ્ત્રના શિક્ષણ પર જ સર્વ લક્ષ આપવાનું હતું. પણ ૧૯૧૭માં કલકત્તા

યૂનિવર્સિટી કૉલેજમાં આવ્યા ત્યાં શીખવવાનું અલ્પ હતું જેથી રીસર્ચ (શોધખોળ)ના કામ પ્રત્યે ખૂબ ધ્યાન આપવા માંડયું. એને માટે ત્યાં સાધનોની પણ વિપુલતા હતી તેમજ સમય પણ પુષ્કળ મળતો તેથી એ કામ બહુ સુંદર થઇ શકે તેમ હતું. પરંતુ એવામાં તેમની નિમણૂક વડોદરા કૉલેજમાં થવાથી એ પડતું મૂકવું પડયું. પણ જેટલો સમય ત્યાં મળ્યો તેટલા વખતમાં તેમનું મન શોધખોળ પ્રત્યે વળ્યું અને તેમનામાં એ ભાવ જાગૃત થયો એટલે પોતે વડોદરા આવી એ કામ કાળજીપૂર્વક આરંભ્યું.

મુંબાઈ વિદ્યાપીઠ તરફથી સર મંગળદાસ નથુભાઈ ટેકનિકલ સ્કૉલરશિપ બહુ જ બુદ્ધિશાળી હોશિયાર વિદ્યાર્થી, પરદેશમાં વૈજ્ઞાનિક ધંધાનું કામ શીખવા ઇંતેજાર હોય તેને જ પસંદ કરી આપવામાં આવે છે. આ સ્કૉલરશિપ ૧૯૧૪માં પ્રો. નાયકને મળી. ઉપરાંત કાસીમબઝારના મર્હુમ મહારાજા સર મણિન્દ્રચંદ્ર નંદીએ ઇંગ્લંડ સુધીના જતાં વળતાંના સ્ટીમરભાડાના સેકન્ડ કલાસના ખર્ચના રૂપિયા પોણા બે હજાર રોકડા આપ્યા. ૧૯૧૪ના ઑગસ્ટની ૪થી તારીખની સ્ટીમરમાં ઉપડવાનું નક્કી કર્યું અને જુલાઇની ૨૮મીએ પોતે મુંબાઇ આવ્યા. પણ એવામાં એકાએક ૪થી ઑગસ્ટે તો યુરોપમાં મહાન જગત-યુદ્ધ શરૂ થયું. એટલે ઇંગ્લંડ જવાનું મુલતવી રાખવું પડયું. યુદ્ધ બંધ પડયા બાદ ૧૯૧૯માં મુંબાઇ વિદ્યાપીઠે આ સ્કૉલરશિપનો લાભ લેવા પ્રો. નાયકને પરવાનગી આપી. તેથી તેઓ ૧૯૧૯ના ઑગસ્ટની ૨૪મી તારીખે વિલાયત જવા રવાના થયા.

એ જ અરસામાં પ્રો. નાયકનો એક બંગાળી શિષ્ય શ્રી સુરેન્દ્રનાથ ધાર લંડનની ઇમ્પીરિયલ કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલૉજીમાં પ્રો. થૉર્પના હાથ તળે ડી.એસસી.ની ડિગ્રી માટે કામ કરતો હતો. તે હિંદમાં હતો ત્યારે ઢાકા કૉલેજમાં ડૉ. ઇ. આર. વૉટસન પાસે (રીસર્ચ) શોધખોળનું કામ તેણે કરેલું. તેનો શોધખોળનો એક નિબંધ લંડનની કેમિકલ સોસાએટીએ પ્રસિદ્ધ કરેલો તેથી લંડન યુનિવર્સિટી સેનેટે માત્ર બે જ વર્ષને અંતે તેને સીધા ડી.એસસી.ની ડિગ્રીની પરીક્ષામાં બેસવા પરવાનગી આપી હતી. પ્રો. નાયક ડી.એસસી. માટે લંડન આવે છે એમ શ્રી ધારે સાંભળ્યું કે તરતજ તે પ્રો. થૉર્પને મળ્યા અને પોતાના પ્રિય પ્રો. નાયકની પ્રશંસા કરી તેમની જ પ્રયોગશાળામાં પ્રો. નાયકને માટે કામ કરવા સારૂ એક જગ્યા રાખવી. પ્રો. થૉર્પ જગવિખ્યાત રસાયણશાસ્ત્રી છે. તે લંડન કેમિકલ સોસાએટીના પ્રમુખ છે.

પ્રો. નાયક લંડન પહોંચ્યા ત્યારે શ્રી ધારે એક વર્ષનું કામ તો કરી લીધું હતું ને બીજે વર્ષે તેમને ડૉકટરની પદવી મળવાની હતી એ ચોકસ જ હતું. આવા હોશિયાર બુદ્ધિશાળી વિદ્યાર્થીના પ્રોફેસર તરીકે પ્રો. નાયકને ત્યાં ઓળખાવવામાં આવતાં. પ્રો. થૉર્પે તેમને આનંદથી વધાવી લીધા અને તરત કહ્યું કે 'તમે શોધખોળનું જે કંઈ કામ કર્યું હોય તેનું વર્ણન આપી સીધા ડી.એસસી. માટે બેસવા સારૂ લંડન વિદ્યાપીઠને અરજી કરો. હું તેને ટેકો આપીશ. હાલ તુરત તમે લંડન વિદ્યાપીઠના રજીસ્ટ્રાર પ્રો. હાર્ટોગને મળો ને તમે જે થોડુંઘણું કામ કર્યું હોય તે અરજીમાં લખજો. પણ અરજી તુરત કરો.' પ્રો. નાયક ખૂબ મુંઝાયા. પોતે વડોદરામાં થોડુંઘણું કામ શરૂ કરેલું અને તેનાં જે પરિણામ દોરેલાં તે ફરીથી તપાસી ખાતરી કરવાનો વખત મળ્યો નહોતો. પણ પ્રો. થૉર્પ એ વાત જ શેના સાંભળે ?

પણ સર ફિલિપ હાર્ટોગનું નામ સાંભળતાં પ્રો. નાયકને કંઇક હિંમત આવી. તેમણે અરજી કરી. સેનેટમાં પ્રો. થૉર્પે જોરદાર ભલામણ કરી. વળી સર ફિલિપ હાર્ટોગે તો જાતે જ પ્રો. નાયકનું વ્યાખ્યાન ક્રિશ્રાથ કૉલેજમાં સાંભળેલું તેનું સેનેટ પાસે વર્ણન કર્યું. જેથી સેનેટે તેમને બે વર્ષને અંતે સીધા જ ડી.એસસી.ની ડિગ્રી માટે બેસવા રજા આપી. પણ હવે મામલો વિકટ બન્યો. પોતે પ્રોફેસર કહેવાયા એટલે ગમે તે ભોગે પોતાની આબરૂ સાચવી ડી.એસસી. થવું જ જોઇએ, નહિ તો હિંદનું નામ ડૂબે. તેમણે પ્રભુનું નામ દઈ કામ શરૂ કર્યું. પહેલા છ મહિના સુધી તો કંઈ પણ પરિણામ ન આવ્યું; બધું નિષ્ફળ જ જાય. પોતે જે મેજ પર કામ કરતા હતા ત્યાં જ શ્રી ધાર પણ પોતાના પ્રયોગ આગળ ધપાવ્યે જતા હતા. પ્રો. નાયકને તે ખૂબ હિંમત આપતા. છેવટે પ્રભુએ તેમની મહેનત સામું જોયું અને તે પછીના આઠ નવ માસમાં તો ખૂબ કામ થઇ ગયું. એ જોઇ પ્રો. થૉર્પ કહેવા લાગ્યા કે 'ડી.એસસી.ની ડિગ્રી માટે જોઇએ તે કરતાં

ઘણું વધુ કામ તમે કર્યું છે.' લંડન કિંગ્સ કૉલેજના પ્રો. સ્માઇલ્સ તથા બર્મિંગહામના પ્રો. જી.ટી. મૉર્ગન ગંધક અને ગંધકજન્ય દ્રવ્યો માટે બ્રિટનમાં તેમજ જગત આખામાં ભારે નિષ્ણાત ગણાય છે. પોતે કરેલા સર્વ કામની નોંધ તૈયાર કરી પ્રો. નાયક આ નિષ્ણાતો પાસે લઇ ગયા. તેમણે તે તપાસી અને એકદમ બોલી ઊઠ્યા, 'આથી અરધું કામ કરનારને પણ ડી.એસસી.ની ડિગ્રી તો મળવી જોઇએ. તમે તો થોડા વખતમાં ખૂબ કામ કર્યું છે માટે એ ડિગ્રીનો અધિકાર તમને પ્રાપ્ત થઇ ગયો માનજો.' આ વાત જ્યારે પ્રો. થૉર્પે સાંભળી ત્યારે તે બહુ આશ્ચર્યચકિત થયા ને ખૂબ આનંદ પામ્યા. એમની જ પ્રયોગશાળામાં એ વેળા શોધખોળનું કામ કરનાર ૩૫ જણ હતા. પણ તેમાં સર્વ કામ આટોપી ડી.એસસી.ની ડિગ્રીને માટે દોઢ વર્ષમાં કામ પૂરું કરનાર પ્રો. નાયક માત્ર એકલા જ હતા. એથી હિંદનું નાક રહ્યું. એ જ સમયે ઇંગ્લંડની અન્ય કૉલેજોમાં હિંદના આજના જમાનામાં આગળપડતા વૈજ્ઞાનિકો ડૉ. મેઘનાદ શાહ એફ.આર.એસ., ડૉ. જે.સી.ઘોષ, ડૉ. જે.એન. મુકરજી ઇત્યાદિ શોધખોળનું કામ કરી રહ્યા હતા. એ સૌ પણ કલકત્તા યૂનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સમાં પ્રો. નાયકના સહયોગીઓ જ હતા. વળી ડૉ. એસ. એસ. ભટનાગર પણ ત્યાં જ હતા. એમ ૧૯૧૯થી ૨૧માં વિલાયતમાં હિંદના આ બધા બુદ્ધિપ્રતિભાશાળી પુરુષોનું ટોળું એકસામટું એકઠું થઇ ગયું હતું. ત્યાંના પ્રખ્યાત વિદ્વાન વિજ્ઞાનશાસ્ત્રીઓ તો આ સૌ તેજસ્વી હિંદી વૈજ્ઞાનિકોની જ્વલંત કારકિર્દી જોઇ મોંમાં આંગળાં ઘાલતા હતા! વળી જગતભરમાં નામના મેળવી પ્રસિદ્ધ થનાર ભારે હિંદી વૈજ્ઞાનિકો ડૉ. સર સી.વી. રામન, ડૉ. સર જગદીશચંદ્ર બોઝ, તથા ડૉ. સર પ્રફુલ્લચંદ્ર રાય પણ એ સમયમાં જ ઇંગ્લંડ આવ્યા હતા. પ્રો. નાયક પોતાના સહયોગીઓ જોડે તેમનાં વ્યાખ્યાનો વગેરેમાં હાજરી આપતા અને ત્યાંના અન્ય વૈજ્ઞાનિકોના પરિચયમાં આવતા હતા તથા તેમના પર સુંદર છાપ પાડી હિંદની કીર્તિ વધારતા હતા. એ જ વર્ષમાં પ્રો. નાયક તથા અન્ય બે હિંદી યુવાનો ડી. એસસી.ની ડિગ્રી સંપાદન કરી બહાર આવ્યા.

(ચાલુ) **રેવાશંકર ઓ. સોમપુરા**

દેશદેશનાં પ્રાણીપક્ષીઓની ટિકિટો

આ અંકમાં આપેલી આર્ટપ્લેટમાંની ટિકટો પર દેશદેશનાં જેજે પ્રાણીપ્રક્ષીઓ છે તેની વિગત, દેશનાં નામ તથા ટિકિટ બહાર પડયાની સાલ આ નીચે ક્રમવાર આપી છે:

(૧) ધ્રુવ પ્રદેશનું રીંછ, નોર્વે; ૧૯૨૫. (૨) આફ્રિકાનો હાથી, બેલજીઅન કોંગો; ૧૯૧૦. (૩) કાંગારૂ, ન્યૂ સાઉથ વેલ્સ; ૧૮૮૮. (૪) જીરાફ, ટાંગાનૈકા, ૧૯૨૨. (૫) ગોધો, ઉરૂગુઆઇ; ૧૮૯૫. (૬) દીપડો, લાઈબીરીઆ; ૧૯૧૮. (૭) તેરૂતેરૂ પક્ષી, ઉરૂગુઆઇ; ૧૯૨૩. (૮) બાજ જેવી ચાંચવાળો 'કી' નામનો પોપટ, ન્યૂ ઝીલૅન્ડ; ૧૮૯૮. (૯) હસતું જૅકસ (પક્ષી), ઑસ્ટ્રેલિયા; ૧૯૨૮. (૧૦) લાલ હરણ, ન્યૂ કૅલેડોનીઆ; ૧૯૨૮. (૧૧) બોગી નામની જમીન પર ચાલતી માછલી, લાઇબીરીઆ; ૧૯૧૮. (૧૨) વાંકાં શીંગ વાળો બૉંગો નામનો મૃગ, લાઇબીરીઆ; ૧૯૧૮. (૧૩) કેળાં ખાનારૂં પક્ષી, લાઈબીરીઆ; ૧૯૦૬. (૧૪) લાયર પક્ષી (પશ્ચિમ દેશની વીણા જેવા પૂંછડાવાળું), ન્યૂ સાઉથ વેલ્સ; ૧૮૮૮. (૧૫) બાંડી પૂંછડીવાળો પોપટ, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૧૬) Palm Civet (પામ સિવેટ) જનાવર, લાઈબીરીઆ; ૧૯૧૮. (૧૭) સાબર, ઉત્તર બોર્નિયો; ૧૮૯૪. (૧૮) ચિત્તો, મધ્ય કોંગો; ૧૯૦૭. (૧૯) દેશી આખલો 'ગૌર', ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૨૦) કીડી ખાનારૂં પ્રાણી, ફ્રેંચ ગાએના; ૧૯૦૪. (૨૧) કળા કરેલું ફીઝંટ પક્ષી, ઉત્તર બોર્નિયો; ૧૮૯૪. (૨૨) કીવી નામનું પક્ષી. ન્યૂ ઝીલૅન્ડ; ૧૮૯૮. (૨૩) Gnus 'નૂ' નામનાં પ્રાણી, દક્ષિણ આફ્રિકા; ૧૯૨૭. (૨૪) ન્યૂ ફાઉન્ડલૅન્ડ નામનો કૂતરો, ન્યૂ ફાઉન્ડલૅન્ડ; ૧૮૮૭. (૨૫) કવેત્ઝલ પંખી, ગ્વાતેમાલા; ૧૮૮૧. (૨૬) બતક જેવી ચાંચવાળું પ્લૅટીપસ, ટાસમાનીઆ; ૧૮૮૦. (૨૭) જંગલી ભૂંડ, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૨૮) સીલ નામનું આંચળવાળું દરિયાઇ પ્રાણી, ન્યૂ ફાઉન્ડલૅન્ડ; ૧૮૮૦. (૨૯) હાથી, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૩૦) બ્રાંગ અથવા મધ ખાતું રીંછ, ઉત્તર બોર્નિયો; ૧૮૯૪. (૩૧) જીબ્રા, ન્યાસ્સા; ૧૯૨૧. (૩૨) મૂસ અથવા કેરીબાઉ નામનું સાબર જેવું પ્રાણી, ન્યૂ ફાઉન્ડ લૅન્ડ; ૧૯૧૯. (૩૩) અગામા નામનો કાકીડો, લાઇબીરીઆ; ૧૯૦૬. (૩૪) ગેંડાના શીંગડા જેવી ચાંચવાળું પક્ષી; ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૩૫) લામા—ખૂંધ વગરનાં ઊંટ, પેરૂ; ૧૮૬૬. (૩૬) કાળો હંસ, ઑસ્ટ્રેલિયા; ૧૯૨૭. (૩૭) હૂઇઆ પક્ષી, ન્યૂ ઝીલૅન્ડ; ૧૮૯૮. (૩૮) સુમાત્રાનો ગેંડો, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૩૯) ચીપાન્ઝી વાંદરો, લાઇબીરીઆ; ૧૯૦૬. (૪૦) તાપીર પ્રાણી, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯. (૪૧) મગર, ઉત્તર બોર્નિયો; ૧૮૯૪. (૪૨) માછલી ખાતું ગરુડ, લાઈબીરીઆ; ૧૯૧૮. (૪૩) પાળેલું કબૂતર, જાપાન; ૧૯૧૯. (૪૪) ધોળો બગલો, લાઇબીરીઆ; ૧૮૯૨. (૪૫) હીપોપૉટૅમસ (જળહાથી) લાઇબીરીઆ; ૧૮૯૨. (૪૬) ડૅસોવરી નામનું પક્ષી, ઉત્તર બોર્નિયો; ૧૯૦૯.

(COURTSEY: ILLUSTRATED LONDON NEWS)



માધુકરી

જાય છે વેળા વીતી કાંજે બેસી શું રહ્યો? ઓ તું જોઇ શું રહ્યો?
છોડને તારી હોડી આજે છોડ;
તું બંધનો સૌ તોડ, જૂનાં બંધનો સૌ તોડ;
વિજન ઘાટે આજે તારો દિવસ જો ગયો: ઓ તું બેસી શું રહ્યો?
હીંચે સાગર શ્વાસે તારે દષ્ટિપાતે તિમિર જાગે,
પથ બતા'વા વ્યોમે પેલો ચંદ્ર જો ચઢયો;
ઓ તું જોઈ શું રહ્યો?

—સ્નેહરશ્મિ

નાનાભાઈ

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના સંસ્થાપક શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ— નાનાભાઈ—સ્વાતંત્ર્ય-સંસ્થાપનના મહાયજ્ઞમાં હોમાયા હતા ત્યાંથી આજે બહાર આવે છે. દક્ષિણામૂર્તિનાં આલેશાન મકાનો ને કેળવણીનું તંત્ર સાચવનાર નાનાભાઈ સાબરમતીની દીવાલો પાછળ 'મહાભારત' વાંચીને ને 'મહાભારત' લખીને બહાર આવે છે. પરતંત્ર સ્થિતિમાં બહાર રહેવું તેના કરતા અંદર રહેવું એ સાચા માણસને શોભાવાળું છે, તેનો પાઠ સૌને ભણાવીને તેઓ બહાર આવે છે.

નાનાભાઇ જ્ઞાતે પ્રશ્નોરા નાગર છે. સાદા, ધર્મપરાયણ, બ્રાહ્મણવૃત્તિના કુટુમ્બના તે ફરજંદ છે. તેઓએ ભાવનગર ને મુંબઇમાં કેળવણી લઇ એમ.એ. અને એસ.ટી.સી.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. શામળદાસ કૉલેજના ફેલો તરીકેનું પદ શોભાવ્યા બાદ તેઓએ તે જ કૉલેજના ઇતિહાસના પ્રોફેસર તરીકે ત્યાંના વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદન કર્યો હતો. કૉલેજના પ્રોફેસરનું કાર્ય માનનીય અને આકર્ષક હોવા છતાં, ભવિષ્યના ગર્ભમાં મહત્ત્વાકાંક્ષાની તેમાં તૃપ્તિ હોવા છતાં નાનાભાઇને ઇતિહાસ શીખવવાનું કામ અધૂરૂં લાગ્યું, શિક્ષણમાં અને જીવનમાં તેની ઉણપ લાગી, તેમનો શિક્ષણપ્રિય આત્મા ગૂંગળાવા લાગ્યો ને તેમના મનમાં સ્વતંત્ર શિક્ષણના વિચારો બળ કરવા લાગ્યા.

મિત્રો સાથે તેમણે દક્ષિણામૂર્તિગૃહ સ્થાપ્યું અને મોટી પ્રોફેસરી છોડી એક નાનકડા એવા ગૃહપતિ થઇને તે બેઠા; તત્કાળ જાહેર જીવનનો ત્યાગ કરી એકાંતમાં બેઠા; મોટાં ભાષણોનો મોહ છોડી ગૃહના નાના વિદ્યાર્થીઓ સાથે તેમની મુશ્કેલીઓની ગુફતેગો કરવા બેઠા. ભાવનગરની એક ધર્મશાળાની ઓરડીમાં પોતાનું આખું ઘર બનાવી પ્રોફેસર નાનાભાઇ ગુજરાતના વિદ્યાર્થીગૃહોનાં સ્વપ્નો રચવા અને તેનો અમલ કરવા બેસી ગયા.


અને આજે તેમના મનોરથો પાર પડી ચૂકયા છે. ગુજરાત સામે વિદ્યાર્થીગૃહનો આદર્શ ને વ્યવહાર સ્પષ્ટ રીતે ચોકખો થઇ ગયો છે. ગુજરાતે આજે વિદ્યાર્થીગૃહોને વિદ્યાર્થીના વિકાસ માટે સ્વીકારી લીધું છે. ગુજરાતના મનમાં આજનાં વિદ્યાર્થીગૃહો એટલે સ્વતંત્ર શિક્ષણના કિલ્લાઓ બની રહ્યા છે. એ બધું નાનાભાઇના, સંસ્થાના શરૂઆતના દિવસોના મથનનું માખણ છે, અને ગુજરાત આજે તે હૃદયથી સ્વીકારે પણ છે.

નાનાભાઇએ થોડા જ વખતમાં માધ્યમિક શિક્ષણની ખામીઓ પારખી ને તેમને તે ખૂંચી. પરિણામે દક્ષિણામૂર્તિ વિનયમંદિરની સંસ્થા—સરકારથી સ્વતંત્ર એવી રાષ્ટ્રીય સંસ્થા આપણને મળી. એ વિનયમંદિર એટલે નાનાભાઇની શિક્ષણભાવનાઓની પ્રયોગભૂમિ; પ્રચલિત અશુદ્ધ શિક્ષણનું શુદ્ધિકરણ સ્થાન; પ્રચલિત શિક્ષણની ખામીઓનું નિવારણ કેમ થાય તેનો એક અખતરો.

નાનાભાઇ તો ઉમર ને કામ સાથે સદૈવ વિકસતા જીવાત્મા. તેમની સંસ્થાઓ પણ તેમની જ પેઠે આગળ ધપવાને તરફડાટ કરતી તેમના માનસની પ્રતિમૂર્તિઓ.

વિનયમદિર એટલે તો મોટા વિદ્યાર્થીઓની શિક્ષણસંસ્થા; પણ પ્રાથમિક શિક્ષણથી સડીને ને બગડીને આવેલા વિદ્યાર્થીઓ ઉપરના પ્રયોગો અધુરા તેટલા અધુરા તેના ઉપર રાષ્ટ્રીય કેળવણીનું આખરી તંત્ર રચી ન શકાય એમ સમજનાર નાનાભાઈ નાનાં બાળકોથી માંડીને કેળવણીનો પ્રયોગ શરૂ ન કરાવે તો બીજું શું કરે?

એમ નાનાભાઇએ પોતાનો હાથ લંબાવ્યો ને બાલમંદિરને ગતિ આપી. બાલમંદિર પાછળ નાનાભાઇની મીઠી નજર નીચે બાલઅધ્યાપન મંદિરે દર્શન દીધું અને ધીમેધીમે તેની સાથે નાનાભાઇએ દક્ષિણામૂર્તિમાં થતા આ શિક્ષણપ્રયોગોને પ્રસિદ્ધ કરવા, પોતાનાં વર્ષોના અનુભવોને ગુજરાતને ચરણે



ધરવા, કેળવણીનો વિસ્તાર વધારવા, પ્રકાશનમંદિર સ્થાપ્યું.

લડતમાં જોડાતાં સુધી નાનાભાઈ દક્ષિણામૂર્તિની આવી સંસ્થાના નિયામક હતા; લાખ બે લાખની મિલકતના સંચાલક ને વ્યવસ્થાપક હતા; કેટલા ય શિક્ષકોના ને મિત્રોના મુખી તરીકે પ્રેરક હતા; અને આજે પણ વગર પદવીએ તેઓ સંસ્થાના છે ને સંસ્થાને પ્રેરી રહ્યા છે.

નાનાભાઈ એટલે, ઉપર કહ્યું તેમ, પ્રગતિશીલ આત્મા, આત્મવિકાસ માટે મંથન કરતું માનસ, સત્ય લાગતી વસ્તુને જોરથી પકડીને આખર સુધી બેસી રહેનાર આગ્રહી બુદ્ધિ. એટલે જ નાનાભાઈ એક વાર પરમ પૂજ્ય શ્રીમાન નથુરામ શર્માના પરમ ભક્ત હતા. લોકો તેમને 'અંધ ભક્ત' કહેતા હતા. અંત્યજને અડવાથી પતન થાય એવું કહેનાર ધર્મનો વાડો તેમને ટૂંકો લાગ્યો ને તે તેમણે ગુરુ અને ગુરુભાઇઓની અપ્રીતિ સહીને, મિત્રો ને સ્નેહીઓનો વિરોધ વહોરીને તોડ્યો અને તેમાં નિશ્ચલ રહ્યા.

નાનાભાઈ એટલે મહાભારતકારની પ્રકૃતિ, ધર્માધર્મનો નિર્ણય કરવાની જિજ્ઞાસાવૃત્તિ. ગુરુજીને છોડ્યા છતાં સ્વધર્મને ન છોડ્યો, અંત્યજને અડવાનું શરૂ કરવા છતાં સ્મૃતિવિહીન આચાર ધર્મના એટલા જ પક્ષપાતી રહ્યા. જ્ઞાતિનો પ્રકોપ વહોરી લીધા છતાં જ્ઞાતિના મિત્ર ને સેવક એટલા જ રહ્યા.

તેમના જીવનનો મહત્ત્વનો બીજો ફેરફાર એટલે સંકુચિત સનાતન ધર્મનો ત્યાગ ને પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી તરફનો રાગ. એ રાગે એમને ગાંધીજી, પૂજ્ય કાકાસાહેબ અને તેમની શિક્ષણસંસ્થાની નજીક આણ્યા, અને આખરે નાનાભાઈની રાષ્ટ્રશિક્ષણપ્રીતિ ને કાર્યદક્ષતાએ નાનાભાઈના હાથમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયકનું પદ મૂક્યું. કુલનાયક તરીકેની એમની યશસ્વી કારકીર્દિથી ગુજરાત અજાણ્યું નથી. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક થઇને નાનાભાઇએ, ત્યાં સુધીની કરેલી કેળવણીની ઉપાસનાને ગુજરાતમાં સક્રિય ફેલાવવાની તક લીધી ને વિદ્યાપીઠ ને દક્ષિણામૂર્તિનો સંબંધ ગાઢો કર્યો.

જેમ વિચારીને, જેમ ક્રિયા કરીને તેમણે કેળવણીની સેવા કરી તેમ જ તેમણે પોતાના મિત્રોને કેળવણીનાં કાર્ય માટે ઉત્સાહિત કરી તેમને પોતાના કરી, તે સેવા ઘણી વધારેગણી બનાવી દીધી છે. નાનાભાઇની આજુબાજુ આજે તેમનું એક બળવાન મિત્રમંડળ પડેલું છે. તેમને સ્વતંત્રતા આપી, તેમની શક્તિનો છૂટે હાથે ઉપયોગ થવા દઇ, નાનાભાઈ સંસ્થાને ને પોતાને મજબૂત કરી રહેલા છે. નાનાભાઇના જીવન ને સંસ્થાની સફળતાની ચાવી તેમની આ તટસ્થતા ને ડહાપણની ખૂબીમાં છે.

અજાણ્યો માણસ નાનાભાઇને જેલમાં કોઈ સાધારણ કેદી તરીકે લેખે એ સંભવિત છે; કેમકે નાનાભાઇ આડંબર વિનાના છે, નમ્ર છે, શાંત છે અને અત્યંત સાદા છે. ટૂંકડી પોતડી પહેરીને હાથમાં બાલદી લઇ પોતાના બાગનાં ઝાડોને પાણી પાતા નાનાભાઇને, અગર બેચાર દિવસની હજામત ચડેલી દાઢીવાળા હિસાબ તપાસતા નાનાભાઈને, અગર વિદ્યાર્થીઓ સાથે બગલથેલો ને હાથમાં લાકડી લઇને ચાલ્યા જતા નાનાભાઇને, અગર પોતાનાં બાળકો–બચુ ને બટુક–ને રમાડતા ફોસલાવતા નાનાભાઇને જોઇને ભાગ્યે જ કોઈ ધારે કે એક જબરદસ્ત સંસ્થાનો આ સમર્થ સંચાલક છે. મોટે ભાગે તેમને નોકર ધારી કોઈ પૂછે કે 'નાનાભાઇ કયાં છે?'

નાનાભાઇની સાદાઇ તેમના ઉછેર ને તેમની પ્રકૃતિને અનુકૂળ છે ને તેમાં તેમની શોભા છે. શોભીતાં એવાં સંસ્થાનાં અંગો પણ નાનાભાઇની સાદાઇથી વધારે દીપે છે.

નાનાભાઇ એક પ્રખર અભ્યાસી છે; ઉપનિષદ, પુરાણ વગેરે ધર્મશાસ્ત્રોના પ્રેમી છે. જૂની આર્યોની દૃષ્ટિને સમજીને તેનો આજની દુનિયા સાથે સમન્વય કરવો એ તેમનો હમેશનો અભિલાષ ને પ્રયાસ છે.

જીવનમાં સમતોલતા ને સમન્વય એ એમના મંત્રો છે ને તેમની મહત્તાનાં તત્ત્વો છે.

વિચારક તરીકે નાનાભાઇનું સ્થાન વિશિષ્ટ છે ને રહેશે. એક છેડાના તે વિચારક નથી; પણ ઉતાવળા ને ક્રાંતિવાદીને પણ તેમની મધ્યમ ગતિનું શરણ વારંવાર કિંમતી થઈ પડે છે. તેઓ સમયદર્શી, સમયાનુગામી ને સમયાનુસારી છે.

વિદ્યાર્થીઓના જે નાનાભાઇ, કુમારોના ઘડનાર જે નાનાભાઇ તે આજે જેલમાંથી બહાર આવે છે. તેમનો આ ટૂંક પરિચય વિદ્યાર્થીઓને, કુમારોને અતિ ઉપયોગી થઇ પડશે.

અરીઠા ચીકાખાઇ અને આંબલી

આ દેશમાં ધોવાના કામમાં સાબુનો ઉપયોગ દરરોજ વધતો જાય છે. સાબુ તૈયાર કરવામાં કૉસ્ટિક સોડાની જરૂર પડે છે અને તે આ દેશમાં ઉત્પન્ન થતો નથી. તેથી પરદેશી વાપરવો પડે છે. વળી સાબુ ગમે તેટલો ઊંચી જાતનો હોય છતાં તે વાપરવાથી ચામડી સુંવાળી ન થતાં કોઇકોઇવાર કડક બને છે.

પિત્તળનાં વાસણો સાફ કરવામાં પણ આપણે ત્યાં હવે જૂની પ્રથા ભૂલીને રસાયનિક દ્રવ્ય 'બ્રાસો'નો ઉપયોગ થવા લાગ્યો છે. દાગીના સાફ કરવામાં સોની લોકો અરીઠાનું પાણી વાપરે છે. જયપુર, લાહોર, તંજાવર, આગ્રા વગેરે ઠેકાણે નકસીદાર વાસણો ગમે તેટલાં કટાઇ ગયાં હોય છતાં તે આંબલીથી ઘસીને ચીકાખાઇથી ધોવામાં આવે તો અત્યંત સ્વચ્છ થઇ સોનાનો ઢોળ ચડાવ્યો હોય એવાં લાગે છે. ચીકાખાઇથી ધોએલાં વાસણને આંબલીથી પડતો ડાઘ રહેતો નથી.

રસાયનિક દ્રવ્યોની કિંમત સાથે સરખાવતાં આંબલી અને ચીકાખાઇ સ્વદેશી, ઉત્તમ તેમજ સસ્તાં છે. ચીકાખાઇને ખાંડીને ઉકાળી તેનો અર્ક કાઢી ગાળીને શરીર ઉપર લગાડવામાં આવે તો તેથી ચામડી સ્વચ્છ બને છે અને કડક રહેતી નથી.

બનારસ હિંદુ યૂનિવર્સિટીની રસાયનશાળામાં હમણાં ચીકાખાઇનો સાબુ તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં પણ ચીકાખાઇનો અર્ક નાખવામાં આવેલો છે. ચામડી સ્વચ્છ અને સુંવાળી રાખવા માટે આવો દેશી સાબુ જ વાપરવો જોઇએ. શેતુરના તેમજ એરંડાના ઝાડ ઉપરના કીડામાંથી બનાવેલા રેશમી કપડાં સાબુથી ધોવાતાં ખરાબ થાય છે. અરીઠા અને ચીકાખાઇથી ધોવાથી કદી પણ ખરાબ થતાં નથી. તેમ નિસ્તેજ પણ થતાં નથી.

ઉપલી પદ્ધતિ પ્રમાણે લૉર્ડ રે ઈન્ડસ્ટ્રિયલ મ્યૂઝિયમમાં આવેલાં અપ્રતિમ કારીગરીનાં વાસણો સાફ કરેલાં છે. તેના ઉપર લાગેલો કાટ અને ડાઘ ૧૮૯૬ જેટલો જૂનો હતો. એ વાસણો આંબલી અને ચીકાખાઈથી ધોવાથી હવે કોરાં અને નવાં જેવાં લાગે છે.

ચીકાખાઇ કઢી જેવી ઊકળે એટલે તેમાંથી બધો અર્ક લઇ લીધા પછી તેનો કૂચો બાકી રહે છે. આ પ્રમાણે કાઢેલા ચીકાખાઇના પાણીમાં એક પ્રકારનો સુરેખ રંગ હોય છે, અને સ્વચ્છ સફેદ રેશમી કાપડ તેમાં ધોવાથી એ રંગ એ કાપડ ઉપર ચડે છે. ચીકાખાઈની ગણના વનસ્પતિજન્ય રંગમાં થઇ શકશે. (ગુજરાતી)

અવાજની ગતિ

પૃથ્વી પર થએલો અવાજ ઊંચે આકાશમાં કેટલે સુધી સાંભળી શકાય તે વિષે બલુનમાં અખતરા કરતાં જણાયું છે કે માણસની બૂમ વધુમાં વધુ ૫૦૦ યાર્ડ સુધી ઊંચે પહોંચી શકે છે. જ્યારે પાણીના કિનારા પરના દેડકાંનું એકસામટું ડ્રાંઉંડ્રાંઉં ૯૦૦ યાર્ડ દૂરથી સાંભળી શકાય છે! અને અનુક્રમે લશ્કરી બૅન્ડનો સૂર ૧૪૦૦ યાર્ડ, દેવળનો ઘંટાનાદ ૧૫૦૦ યાર્ડ અને બંદૂકની ગોળી ફૂટયાનો ધડાકો ૧૮૦૦ યાર્ડ એટલે કે લગભગ ૧ માઇલ ઊંચેથી સાંભળી શકાય છે. પણ આ સૌને કોરે મૂકે તેવો સર્વશ્રેષ્ઠ અવાજ તો ચાલતી રેલવેના ગડગડાટનો થાય છે. ૨૫૦૦ યાર્ડ જેટલે તે સંભળાય છે. જ્યારે તેના પાવાસીસોટીનો કાનફોડ અવાજ તો છેક ૩૦૫૦ યાર્ડ સુધી એટલેકે દોઢ માઇલ ઊંચે સુધી પહોંચે છે.

સેકંડના ૩૦ આંદોલન જેટલો મંદ અને સેકંડના ૪૦ હજાર આંદોલન જેટલી ઉતાવળી ગતિએ થએલા અવાજ સાંભળી શકાતા નથી. (અંગ્રેજી પરથી)

રબર

દુનિયાના વ્યવહારમાં આટલા પ્રચલિત અને ઘેરેઘર જડ ઘાલી બેઠેલા રબર વિષે કોઇ ગોરી ચામડીવાળાને પ્રથમ ભાળ મળી હોય તો તે કોલંબસને. વેસ્ટ ઇંડીઝની પોતાની બીજી સફર દરમ્યાન તેણે ત્યાંના જંગલી લોકોને રબરના મોટા દડાથી રમત રમતાં જોએલા, તેનું વર્ણન રાણી પાસે કરતાં તેણે જણાવ્યું કે એ લોકો કોઇ એક જાતના ઝાડના રસમાંથી બનાવેલ દડાથી રમતા હતા.

વિદ્યાર્થીઓનાં માનીતા પેન્સિલના ડાઘ ભૂંસતા રબરની શોધ ૧૭૭૦માં ઑક્સિજનના શોધક મિ. પ્રીસ્ટલીના હાથે અચાનક થઈ. મિત્રે ભેટ મોકલેલા રબરના દડાથી અખતરા કરતાં તેણે શોધી કાઢયું કે એનાથી સીસાપેનના ડાઘ પણ નાબૂદ કરી શકાય.

પોતે કરેલી શોધની ખુશાલીમાં તેણે એ દડાના કકડા કરી તેને 'રબર' (ભૂંસી નાખનાર) નામ આપ્યું અને તે મિત્રોને ભેટ આપ્યા. ત્યારથી જ 'રબર' શબ્દ અંગ્રેજી શબ્દકોષમાં પ્રથમ દાખલ થયો.

૧૮૩૯માં રબરના પદાર્થો બનાવવાની રીતસરની શોધ થઇ, એ પહેલાં રબર અને ગંધકને ભેગાં મેળવી તેને ગરમી આપીને તેમાંથી મનપસંદ આકારોની ચીજો બનાવવામાં આવતી. એ વેળા કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે રબરનો દુનિયાભરમાં આટલો બહોળો ફેલાવો થશે, અને તે માનવજાતની આટલી સેવા બજાવશે. (અંગ્રેજી પરથી)

ફ્રાન્સમાં—

એક ડૉક્ટરે ઝરાના પાણીનાં ઈન્જેકશન આપીને સર્પદંશ તથા બીજાં ઝેર ઉતારવાના પ્રયોગો કરી બતાવ્યા છે.

—રબરની નેકટાઇઓ બનવા લાગી છે. રબરની જ ઝીણી દોરીઓના તાણાવાણા વડે સૂતરાઉ કે રેશમી-મસ્જી પડે તેવા દેખાવ અને સુંવાળપની નેકટાઇઓ બનાવી શકાય છે. તેમને ચાલુ નેકટાઇઓની પેઠે જ વિવિધ આકાર અને ગાંઠમાં વાપરી શકાય છે, અને મેલી થયે ધોઈ શકાય છે!

રશિયા સામેના યુદ્ધમાં જાપાનના સૈન્યમાં ભરતી થવા ગએલ પોતાના એકના એક પુત્રને વીલે મોઢે પાછો ફરેલો જોઇ માતાએ કારણ પૂછ્યું. પુત્રે અમલદારના શબ્દોમાં કહ્યું કે 'માતાના આધારરૂપ એકના એક મજૂર બાળકને અમે નહિ લઇ શકીએ.' આ સાંભળતાં એની વૃદ્ધ માતાએ દેશને માટે પોતાના પુત્રને પોતે આડખીલી થતી જોઇ પોતાના પેટમાં છરો ભોંકી આત્મત્યાગ કર્યો.


અનેકાર્થી શબ્દો: **વાણી**=બોલી;= લગ્ન વખતે કન્યાને પહેરાવવામાં આવતી મોજડી. **વાની**=જમવાની ચીજ; રાખ.

સફેદ કપડાં ધોવા માટે ઉકાળતી વેળા તેમાં લાકડાની કે કોલસાની ચોખ્ખી રાખ થોડી ઉમેરવાથી જલદી સાફ થશે. તેમાં બ્લીચિંગ કરવાની શક્તિ છે.

અપચા અથવા કબજિયતને કારણે પેટમાં ગરબડ હોય ત્યારે હજામત વેળા દાઢી બળે છે. અનુભવીને પૂછી જોજો.



ગૌરવભરી ગ્રૅજ્યુએટ: આલ્મા નામની આ જર્મન ભરવાડી કૂતરીએ આંધળાં માણસોને દોરવાની તાલીમનો ચાર માસનો અભ્યાસક્રમ પૂરો કરી ન્યૂ યૉર્કની 'લાઇટ હાઉસ (દીવાદાંડી)' નામની અંધ શિક્ષણ-સંસ્થાની ડિપ્લોમા મેળવી છે.



બ્રહ્મદેશમાં થએલા છેલ્લા ધરતીકંપમાં મથાળે બતાવેલા ત્યાંના એક વિખ્યાત સુંદર પૅગોડાનું શિખર તૂટીને તે નીચલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ખંડિત થઇ ગયો.

દુનિયાભરનાં પ્રાણીઓમાં સૌથી વધુમાં વધુ ખોરાક વ્હેલ માછલીને ખાવા જોઇએ છીએ; છતાં તેને એક પણ દાંત નથી હોતો એ નવાઇ જાણો છો?

ઈ. ૧૮૪૦માં ઇંગ્લૅંડમાં કવિતા વારે ભરીને વેચાતી: એક પેન્સની એક યાર્ડ.


ફિનાઇલ જેવું કાંઇ તરત હાથ ઉપર ન હોય ત્યારે એકાદ મૂઠી મીઠું અને મોટા કકડા કપુર પાણીમાં ઓગાળી સરસ જંતુનાશક પ્રવાહી બનાવી શકાય છે.

કહેવતો કેમ પડી? ઉત્તર હિંદ તરફના ભૈયા લોકો વટલાવાની છોછ એટલી બધી રાખે છે કે દરેક માણસ પોતાની રસોઇ જાતે જ જુદા ચૂલા ઉપર કરે. પણ એનાથી યે વિચિત્ર તો એ કે ચલમ પીવા માટે એ અજીઠા ચૂલામાંથી અંગારા પણ ન લેવાય. એટલે એક વધારાનો ચૂલો ચલમ ભરવા માટે સળગાવાય. આમ 'બાર ભૈયા અને તેર ચુલા (ચોકા)' થાય. અતિશય ચીકણા મતભેદવાળા માણસો કે પ્રસંગ માટે આ કહેવત વપરાય છે.

લાલ શાહીના ડાઘ બ્લુ કે બીજા રંગની શાહી કરતાં કાઢવા સહેલા છે. તાજો ડાઘ પડ્યો હોય તો બ્લૉટિંગ વડે બને તેટલો ચૂસી લઇને પછી થોડું ઍમોનિયાવાળું પાણી લગાડી થોડી મિનિટ રહેવા દીધા પછી નવશેકા પાણીથી સાફ કરી નાખજો. આછી લાલ ઝાંય રહી ગઈ હોય તે દૂર કરવા ડાઘવાળી જગ્યા પર તાજું દૂધ લગાડીને ઘસવું.

આ રીત અસરકારક ન નીવડે તો ઠંડા પાણીમાં રાઇની ભૂકી મેળવીને ડાઘ પર જાડુંજાડું ચોપડી અરધો કલાક સુકાવા દેવું. પછી સાબુ વડે ધોઇ નાખવું.

શિયાળામાં સૂર્યોદય થવાની તરત પહેલાં થોડી મિનિટ અતિશય ટાઢ વાય છે; કેમકે ઊગતા આવતાં સૂર્યકિરણોની ગરમીથી ઠંડી હવા ધકકેલાતી આગળ વધે છે તેથી તે વધારે ઘટ્ટ બને છે.



આ આકૃતિમાં એકેએક ભૌમિતિક આકૃતિનો સમાવેશ થાય છે.